
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું ગુજરાતનું એકમાત્ર માસિક

વર્ષ ૪૦મું
અંક ૪થો
એપ્રિલ ૧૯૬૩
અંક ૪૭૨


સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત



ઑલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટીના સૌજન્યથી

પરિશ્રમી અને બરછટ ગ્રામવાસીના જીવનમાં વહેતી કવિતા જેવું કલાકાર કિરણ સિંહાનું સિમેન્ટ-શિલ્પ **સાંથાલ દંપતી**



બાજબહાદુર અને રૂપમતી કાંગરા શૈલીના એક પ્રાચીન ચિત્રની અનુકૃતિ   કરનાર· વ્રજલાલ ત્રિવેદી
(ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)

કુમાર

એપ્રિલ ૧૯૬૩ • અંક ૪૭૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫



જાન્યુઆરીઅંકમાં શ્રી. રજનીકાન્ત મોદીના ‘કાળગણના’ લેખમાં જણાવ્યું છે કે ‘સામાન્ય કાર્બનના અણુમાં જ્યારે અમુક કારણોને લઈ એના ઘટક ઇલેક્ટ્રોનોની સંખ્યા વધે છે ત્યારે એ કાર્બન–૧૪ બની જાય છે.’ અને ‘તેમનામાં રહેલો વધારાનો ઈલેક્ટ્રોન અથવા ઋણ-વિદ્યુદણુ વહેલોમોડો બહાર નીકળી જતાં ફરી પાછા નાઇટ્રોજન બની જાય છે.’

આ ખરું નથી. સામાન્ય કાર્બન (કાર્બન–૧૨)ના અણુમાં જ્યારે ન્યૂટ્રોનની સંખ્યા વધે છે ત્યારે એ કાર્બન–૧૪ બની જાય છે. કાર્બન–૧૨માં ૬ પ્રોટોન અને ૬ ન્યૂટ્રોન હોય છે જ્યારે કાર્બન–૧૪માં ૬ પ્રોટોન અને ૮ ન્યૂટ્રોન હોય છે. આ કાર્બન–૧૪ unstable છે અને એના અણુકેન્દ્રના એક ન્યૂટ્રોનનું રૂપાંતર થઇ એક પ્રોટોન અને એક ઇલેક્ટ્રોન બને છે; અને આ ઇલેક્ટ્રોન બહાર ફેંકાઇ જતાં કાર્બન–૧૪ના અણુનું નાઇટ્રોજન–૧૪માં રૂપાંતર થાય છે. આ નાઇટ્રોજન–૧૪ stable છે.

(મુંબાઈ) —યોગેશ મો. ભટ્ટ

ફેબ્રુઆરી માસના ‘જીવનપટનાં સ્મૃતિચિત્રો’માં ત્રીજી ચોપડીનાં સ્મરણોમાં ત્રીજી અંગ્રેજીમાં ‘પાઠમાળા ભાગ ત્રીજો’ લખ્યું છે તે બીજો ભાગ જોઈએ; કેમકે પાઠમાળા પહેલા ધોરણથી નહિ પણ બીજા ધોરણથી શરૂ થતી.

તે જ સ્મરણમાં કવિ કાઉપરની કવિતાની કડીઓ લખી છે તે ગોલ્ડસ્મિથની જોઇએ. તેમાં પહેલી લીટીમાં થોડું પડતું પણ મુકાઇ ગયું છે. તે પંક્તિઓ નીચે મુજબ છે:

But a bold peasantry,
their country's pride.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

૪૬૮મા અંકમાંના શ્રી પ્રસન્ન વછરાજનીના નૂતન વર્ષના કાર્ડ અને ૪૬૯મા અંકમાં તે જ બાબતના શ્રી ભગવત સુથારના ખુલાસા વિષે: ચિત્ર જે રીતે છપાયું છે તે પ્રમાણે જ જોવાનું છે. સહેજ અભ્યાસ કરતાં સમજાશે કે એ વાજંત્રવાળામાંના એક ઢોલ (રામઢોલ) વગાડવાવાળાનું છે. જમણી બાજુનો ચક્રાકાર ભાગ ઢોલનો, ડાબી બાજુનો ઉપરનો ભાગ ખભા પરથી ફેરવાતી દાંડીની ગતિનો, અને નીચે અણીવાળા લંબાતા બે છેડા જેવો ભાગ કાયના ભાર નીચે ઠેરવાતા પગનો સૂચક છે.

ચિત્રકારે ઢોલની ગતિ અને શરીર પર થતા દબાણના ખયાલ વિષે ભાર મૂકતાં ચહેરો બહુ જ ઝાંખો રહે છે છતાં વાજંત્રવાળાની સૂચક વાજ જેવી ટોપી તરી આવે છે.

(અમદાવાદ) —(સહી ઊકલતી નથી)

ફેબ્રુઆરી અંકમાં ડૉ. શિવપ્રસાદનો દારૂ ઉપરનો લેખ જેટલો માહિતીપૂર્ણ છે તેટલો જ તે શરાબીઓ માટે બોધપ્રદ છે. તેઓશ્રીએ એમાં બધી વિગતો સમાવી છે, પરંતુ જુદાજુદા શરાબોમાં આવતા આલ્કૉહૉલ(મદ્ય)ના પ્રમાણની જે ટકાવારી જણાવી છે એ માત્રા દીઠ, પાઇન્ટ દીઠ, બૉટલ દીઠ કે ગૅલન દીઠ તે જાણવાની જરૂર છે; તો તે જણાવી વાંચકોને તેઓ ઉપકૃત કરશે એવી આશા રાખું છું.

(કરાંચી) —ફિરોઝશાહ મહેતા

માર્ચ અંકમાં શ્રી દિલીપ ઝવેરીના પત્રથી ‘દાક્તરી-તપાસ’વાળો લેખ ‘ભૂલોથી ભરેલો’ હોવાનો ખયાલ ઊભો ન થાય તે માટે સ્પષ્ટતા:

૧) એમણે ઉલ્લેખેલી તથા બીજી કેટલીક વિગતો લંબાણભયથી જ જતી કરવી પડી છે.

૨) Percussion વગેરે ક્રિયાઓ વિષે મેં મૂળ લેખમાં અંગ્રેજી શબ્દો જણાવીને વિગતે પરિચય આપ્યો છે. જમણા હાથની આંગળી ટપટપાવવામાં આવે છે તે સાચું છે.

૩) સ્ટેથોસ્કોપના ઉપયોગમાં શ્વાસોચ્છ્વાસનો ઉલ્લેખ કરેલો જ છે: ‘અથવા શ્વાસમાં...અને ઉચ્છ્વાસમાં... અવાજ કરે છે.’

૪) ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામનો આલેખ હૃદયની ઢીલી તથા તંગ સ્થિતિથી આવે છે, એમ મેં નથી જણાવ્યું. એ સાચું છે કે આલેખનાં ઊંચાં તથા નીચાં બિંદુઓ હૃદયના સ્નાયુઓની ઢીલી અને તંગ સ્થિતિનો નિર્દેશ કરે છે. (Textbook of Physiology.)

૫) લાલ ને સફેદ કોશની સંખ્યા દર ઘન મિલિમિટરે ગણાય છે તે સાચું C. M. M.ને ક્યુબિક મિલિમીટર વાંચવાને બદલે સેન્ટિમીટર ક્યૂબ વાંચતાં હું ભૂલ કરી બેઠો છું.

૬) રક્તદ્રવ્યની ઊણપથી થતો ઍનીમિયા ફક્ત ઍનીમીયાનો એક પ્રકાર જ છે. જુદાજુદા પ્રકારના ઍનીમિયામાં રક્તકોશની સંખ્યાનું મહત્ત્વ જરા યે ઓછું નથી.

૭) A, B, AB અને O વર્ગો તથા Rh

ફૅક્ટરની વિગતો વિસ્તારભયે છોડી દીધી છે.

૮) બેસલ (બિઝલ નહિ; જુઓ ઑક્સફર્ડ તથા વેબ્સ્ટર ઇન્ટરનૅશનલ) મેટાબોલિક રેઈટ સંબંધીની તપાસથી દર્દીઓ અજાણ છે, એમ કહેવાનો આશય છે.

૯) લેખને સંયોજિત કરવા કરેલો પ્રયાસ પેટાશીર્ષકો પરથી જણાઈ આવશે; છતાં લેખ જોઈએ તેવો સરળ બની શક્યો નથી.

અંતમાં, શ્રી ઝવેરીએ લેખ ઊંડાણથી વાંચ્યો અને તેને વધારે સારો બનાવવા અંગે સૂચન કર્યાં તેથી આનંદ થાય છે.

(અમદાવાદ) —બંસીધર શુક્લ

'કુમાર'માં ગણિતશાસ્ત્રના કેટલાક કોયડા રસમય અને બુદ્ધિયુક્ત હોય છે. ભવન કૉલેજ, ડાકોરના ૧૯૬૩ના વાર્ષિકમાંથી એક દાખલો મોકલું છું. શું તે સત્ય છે?

સાબિત કરો: ૧ રૂપિયો = ૧ નયો પૈસો

૧ રૂપિયો = ૧૦૦ ન.પૈ.

= ૧૦ ન.પૈ. × ૧૦ ન.પૈ.

= $\frac{૧}{૧૦}$ રૂ. × $\frac{૧}{૧૦}$ રૂ.

= $\frac{૧}{૧૦૦}$ રૂ.

= ૧ ન.પૈ.

આ દાખલાના બીજા 'સ્ટેપ'માં ૧૦ ન.પૈ. × ૧૦ ન.પૈ. છે. શું ન.પૈ.નો ગુણાકાર ન.પૈ. સાથે થઇ શકે? ૧૦ ન.પૈ.નો ગુણાકાર ગમે તે સંખ્યા સાથે થઇ શકે, પણ સંખ્યા સાથે ન.પૈ. જોડાય તો ન.પૈ. × ન.પૈ. કેમ થઈ શકે!

(થામણા) —ઉમેદભાઇ ડા. પટેલ

'કુમાર'માં બધા વિભાગ ગમે છે; પણ એક ખૂટે છે: 'ડોશી વૈદું' આપણું અસ્ત પામતું તો યે આજના મોંઘાદાટ છતાં નકામા એવા દાક્તરોના જમાનામાં ખાસ ઉપયોગી એ 'શાસ્ત્ર' છે. એના નુસખા નિર્દોષ, સસ્તા તથા અસરકારક હોય છે. મોંઘવારી તથા દેખાદેખીથી થતા ખોટા દાક્તરી ખર્ચમાંથી સૌને બચાવવા માટે એ વિભાગનું એક પાનું અવશ્ય આપો. વાચકો પોતાના વાંચેલા કે અનુભવેલા પ્રયોગો મોકલે, અથવા તો કોઈ સારા પુસ્તકમાંથી કે વૈદરાજો યા ડોશીમા પાસેથી યોગ્ય સામગ્રી મેળવો તો અનેક દુઃખી લોકોને એ વિભાગથી ફાયદો થશે.

(મુંબાઇ) —ઈન્દ્રવદન મહેતા

માર્ચ અંકમાં મારું મુક્તક છપાયું છે. ભૂલથી નામ 'મનસુખરામ' છપાયું છે તે 'મહાસુખરાય' જોઇએ.

(ભાવનગરપરા) —મહાસુખરાય પટ્ટણી

[*છાપભૂલ માટે દિલગીર છીએ.]


માર્ચના અંકમાં ડૉ. રમણલાલ મહેતાના 'ગુજરાતમાં બૌદ્ધ મહાવિહાર' નામના અભ્યસનીય અને રસપ્રદ લેખમાં ભગવાન બુદ્ધના દેહાવશેષ ધારણ કરતા દાબડામાંથી તાંબાની નાની દાબડીમાં દશબલના શરીરના કાળા રંગના અવશેષ ભરેલી એક નાની શીશી (પાન ૯૮, છેલ્લી બે લીટી)નો ઉલ્લેખ છે.

આજથી પોણા બે હજાર વર્ષ પહેલાંના પુરાતત્ત્વાવશેષની દૃષ્ટિએ કાચની શીશી થોડો વિચાર માગી લે છે. શું તે જમાનામાં આજના જેવી કાચની શીશી બનતી હતી ખરી? વળી એ પણ જાણવાની ઈચ્છા છે કે એ કાચની શીશી શી રીતે બંધ કરેલી છે? એના ઉપર બૂચનો કે લાકડાનો દાટો છે કે લાખની સીલ છે? ડૉ. મહેતા તે કાચની શીશીની છબિ 'કુમાર'માં રજૂ કરે તો કેવું સારું?

(ઊમરેઠ) —શિવપ્રસાદ ત્રિવેદી (ડૉ.)

સાબુના શિલ્પ વિષે 'કુમાર'માં એક બે વખત આવેલું છે. શિયાળામાં ઘણાખરા સાબુ સૂકા થઇ જવાથી બહુ બારીક કામ થઇ શકતું નથી. કયા પ્રકારના સાબુમાંથી સારા શિલ્પ બની શકે છે તે કોઇ અનુભવી જણાવે તો સારું.

(ભુજ) —ઈન્દુ અંતાણી







સાંઝીનાં સુશોભન: જાડા ચીકણા ટકાઉ કાગળ અથવા પાતળા પતરા ઉપર કુશળતાપૂર્વક વિવિધ આકૃતિઓનાં કલાત્મક બીબાં કોતરીને તે વડે વૈષ્ણવ મંદિરોમાં જે સાંઝી (રંગોળી) પૂરવામાં આવે છે તેનો શ્રી વાસુદેવ સ્માર્તે કરાવેલો પરિચય અગાઉ 'કુમાર' (અંક ૪૫૫)માં આવી ગયો છે. સુશોભનનાં એ અલગઅલગ બીબાંઓમાંથી સુયોજિત સજાવટો કરીને અવનવા વિષય, ઘાટ ને રૂપની સાંઝી જ્યારે પુરાય છે ત્યારે સુંદર ચિત્રો જેવો જ ઉઠાવ આવે છે. એવાં, સુંદર વૃક્ષો અને પશુપક્ષી આદિ અન્ય સુશોભનોનાં કેટલાંક વધુ બીબાં (શ્રી વાસુદેવ સ્માર્તના સંગ્રહ તથા અન્ય સામગ્રીને આધારે) આ સાથે આપ્યાં છે. એમાં ફૂલછોડ અને તુલસી-ક્યારો છે, ગોપ ગરુડજી અને ચામરધારિણી છે, હાથી અને ઐરાવત છે, મોર મકર અને વાંદરાં છે, કાચબા ને કપિલા છે અને ફૂલ-પાનની બિછાત ને ભૌમિતિક ભાતનો પણ સમાવેશ છે. વિસરાતી જતી એ કળાના આ અવશેષોમાંથી આજે પણ સુંદર સંયોજનો બની શકે. સાંઝી ઉપરાંત બીજા પણ અનેક ઉપયોગમાં એને પ્રયોજી શકાય.









કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૦ · અંક ૪ · એપ્રિલ '૬૩ · સળંગ અંક ૪૭૨

વૃદ્ધપ્રીતિ

· શિખરિણી ·

હજી થોડાં આવો નિકટ મુજ, થોડાં હજી ય કૈં;
અહીં બેસો મારી નજીક દરદી-ખાટલી પર;
તમોને સ્પર્શી હુ જરી શકું, કરે લૈ શકું કર;
અવસ્થાએ ઝાંખાં નયન; કંઇ બોલો, પ્રીછું સ્વર.

હવે પ્હેલાં જેવી નથી શરીરમાં હામ રહી કે
થઇ ઇચ્છા કે આ તમ નગરની વાટ પકડી!
ગઇ વેળા પેલી વયની અધીરી સાહસશૂરી
અમે જયારે આઘી ક્ષિતિજ અડવા મેલત હડી.

તમે આવો થોડાં નિકટ હજી યે, કેમ અટક્યાં?
તમારો સુણું છું પદરવ જતો દૂર! હજી શું
રહ્યાં એનાં એ કે? મન કરી જરી કૂણું ન શક્યાં?
હતું કે આજે તો તમ કર દીધું ઓસડ પાશું.

અરે, આવ્યાં છો જો ખબર મુજ જોવા–ક્ષણ રહો,
હું યે મારી જિંદા પ્રીત–કબરને જોઇ લઉં, હોં.

ઉશનસ્

હોય છે

· ગઝલ ·

બાગબાં કેરી કબર ક્યારે ચમનમાં હોય છે?
કોઇ પંખીનું શયન ક્યારે ગગનમાં હોય છે?

આભ કેરો ભાર શિરપર જો નમનમાં હોય છે,
આગમન કરતાં વધુ રાહત ગમનમાં હોય છે.

દિલ બળે, પણ જે વસ્યું એમાં, સલામત હોય છે,
કોણ જાણે શી ખૂબી દિલના જતનમાં હોય છે!

એ તો આદત છે અરીસાની, બધું જોયા કરે,
મારે જોવા શું નવું મારા વદનમાં હોય છે?

તો પછી એ સ્વર્ગથી ઓછું નથી આ મારું મન,
જ્યારે સમજાયું પ્રભુ મારા ય મનમાં હોય છે.

જાય છે સર્વસ્વ પણ ક્યાં જાય છે એનો દમામ?
કે સિતારાની ચમક ઝાઝી પતનમાં હોય છે!

દૂર ધરતીથી ગગન પણ એટલે રહેતું હશે?
કે વિરહ જેવી મઝા ક્યારે મિલનમાં હોય છે!

ત્યારે 'મોમિન' રાઇ પણ પર્વત સમી દેખાય છે,
કાંકરી કોઇ ખટકતી જો નયનમાં હોય છે.

'મોમિન'

ધન્યતા

· પરંપરિત ઝૂલણા ·

પ્રથમ તો તારકો રક્તવર્ણા હતા.
શ્વેત થાતાં વહ્યો સમય કૈં કલ્પનાપારનો!
ઘટ્ટ ઘેરા રહ્યા પ્રિય શિરે
શામળા કેશ જે મ્હેકતા ફૂલગૂંથ્યા,
એયને શ્વેત થાતાં હજો એટલી વાર તો,
નવઊગ્યા છોડ શો હું ય તાજો રહું...

નહિ નહિ
એ કદી પૃથ્વી પર તો હજી ના બન્યું.
જિંદગીને ઘણી આવ–જા, ચઢ–ઊતર,
આંચકા, વ્યગ્રતા, વેદના...
વર્ષ વધતાં જતાં
કાળના થાકની અંકિતા કરચલી નિશ્ચિતા.

ને છતાં
પવનથી નીરમાં જે પડે
એવી જો રમ્ય સોહે યદિ ઓકળી મુખ પરે,
ધન્યતા! ધન્યતા!

પ્રિયકાન્ત મણિયાર

નેત્રો ખૂલ્યાં

· મિશ્ર ·

નેત્રો ખૂલ્યાં, દષ્ટિ સમક્ષ તારું
સોહે કશું આનનપદ્મ! મુગ્ધ હું
ધીમેશથી ઝૂકું, નિહાળું:
સ્વપ્નનું
(તું હોય જે માણી રહી) નિરાળું
ઝૂમી રહ્યું તરલ પોત, બીડેલ ઓષ્ઠ પે
આછી લકીર સ્મિતની, મૃદુ પોપચાં પરે
પોઢી હવા કંપત મંદમંદ...
ચોંકી ઊડી લટ (કપોલ ચૂમી રહી જે)!

ત્યાં ઊઘડ્યાં લોચન તાહરાં, પ્રિયે,
ભરીભરી છીપ સમાં સુહામણાં!
એકીટશે ન્યાળી રહ્યાં મને, પછી
કશી જ રે તૃપ્તિ વિષે ઢળી ગયાં!
મોતી ભીના પાંપણકોરથી સર્યાં!
શે ના ધરું ઓષ્ઠ એ નર્યાં?!

શંભુપ્રસાદ જોષી

સાંજ

· મિશ્ર ·

આમંત્રતી આજ નિશા તમિસ્રને.
આ વેણુને પટ અશાંત સમીર વ્હેતો.
આછી રવિની ટશરો ધીમેશથી
ક્ષિતિજના નીડ વિષે લપાતી.

ને ગામનું ધૂસર રૂપ કોઇ
અજાણ મુગ્ધા વનકન્યકા શું.

દષ્ટિતણી સીમ મહીં પ્રલંબ
નિર્ભ્રાંત મૌન.

નતપત્ર નિમગ્ન વૃક્ષો
દેરી તણી સંચરતી ધજા
(કો' ખગ નીડભૂલ્યું).

શ્રીકાન્ત શાહ

છેવટે

· ઉપજાતિ ·

લાગ્યું: અજાણ્યા ઘરમાં ગયો છું
પેસી. હજી તો પગ મૂકતાંમાં
રડી પડી લોચનમાંહ્ય ભીંતો;
કોની કને વાત કરું ય બેસી?

ખાલી પડી દષ્ટ મહીં સમાતું
ના કૈં; ગઇ ચોક ભણી પુરાણે
ચબૂતરે, તે ય ઊડી ગયો. ત્યાં
કો સ્પર્શતું લીંપણમાં રહીને
જવા કરું બ્હાર હવે હું જ્યારે.

રાવજી પટેલ

તમારી પ્રીત

· મિશ્ર ·

વર્ષાભીની માદક શર્વરીમાં
પથાન્તરાલે વનપુષ્પ કેરી
સુગંધ શી પ્રીત તમારી, હે પ્રિય,
સ્પર્શી ન સ્પર્શી હજુ, રે સભાન
થયો નહિ ત્યાં થઇ લીન શૂન્યમાં.

મારો હતો જે અણજાણ અંશ
આભ્યંતરે, તે પલમાં સમગ્ર–
ભાવે લહ્યો મેં, કીધ શી ચમત્કૃતિ!
અપૂર્ણને શી પરિપૂર્ણતા મળી!

મારા મહીં ગુપ્ત નિહીત મુગ્ધ
હતી અભીપ્સા સહુ કીધ જાગૃત,
કરી દીધી ઝંકૃત મૂક તંત્રીને.
શાને પછી નિષ્ફળ ક્ષુદ્ર વંચના
કહું તમારી પ્રીત જે અનન્યા?

કેવો મળ્યો સ્પર્શ મુદા તણો મને
ક્ષણાર્ધમાં ભીતરના અસહ્ય
કથીરને કંચન કીધ. રિક્તમાં
સુધા ભરી રે દીધ શી અજાણ!

મહેશ જોશી

ભલે બલવતી ને પ્રશિષ્ટ, પણ ક્યારેક ખૂંચે તેવા શબ્દોના વાપરથી ખરબચડી બનતી બાની માટે જાણીતા ઉશનસ્ 'વૃદ્ધપીતિ'ની એકપક્ષી સંબોધનશૈલીમાં વિશદ વાણીથી રસળતું કેવું ભાવાર્દ્ર સૉનેટ લઇને આવ્યા છે? જાણે આગલા ઉશનસ્ જ નહિ. રાવજીભાઇ લખે છે બહુ ઓછું, ને તે ય લાઘવથી. તેના નમૂના રૂપ 'છેવટે' ધ્વનિતત્ત્વનું ઉત્તમ ઉદાહરણ છે. એમના કાવ્યની ઓકળીમાં ગત પત્નીનું દર્દીલું સૂચન છે, તો પ્રિયકાન્ત પાસે 'ધન્યતા'ના ઉદ્‌ગાર કઢાવનાર કાળની ઓકળી રમ્યતાથી સોહતી કહેવાઈ છે. લીટીએ લીટીએ નવાં રૂપકો ચમકાવતી શ્રીકાંતની સીધીસોંસરી 'સાંજ'ની છેલ્લી બે પંક્તિ જરા ધ્યાનથી જોજો. શંભુપસાદ જોષી અને મહેશ જોશી બે ભાઇઓ નથી, છતાં ઊર્મિતત્ત્વ ને ભાષા સૌષ્ઠવમાં બંને સરખા. એકે 'નેત્રો ખૂલ્યાં'ના ચિત્રણની જેવી મધુરપ મણાવી છે તેવી જ છે બીજાએ સુગંધી રૂપકથી શરૂ કરીને ગાએલી કૃતજ્ઞતાની મીઠાશ. 'મોમીન'ની ગઝલ પણ વિચારના ચમકારા વિનાની નથી.

આફ્રિકાની હબસી જાતિમાં અહિંસા ને સત્યમાં આદર્શ ને આદેશ મૂર્તિમંત કરનાર નોબેલ ઇનામના વિજેતા અને મહાન શાંતિચાહક

આલ્બર્ટ જહૉન લુથુલી



સંકલન
'સત્યમ્'

આ કર્મવીર આફ્રિકન લોકનેતા, ગાંધી-બુદ્ધ-ઈશુ પ્રભાવિત સત્ય અહિંસા ને મૈત્રીભાવનાના આદર્શને અમલમાં મૂકનાર, સવિનય કાનૂનભંગ અને સત્યાગ્રહના નિષ્ઠાવાન પુરસ્કર્તા તથા શાંતિના મહાન ચાહક, ને સેવાકાર્યની અનન્યતા અર્થે વિશ્વવિખ્યાત નોબેલ પારિતોષકના વિજેતા આલ્બર્ટ જહૉન લુથુલીનો જન્મ આજથી લગભગ બાસઠ વર્ષ પૂર્વે, દક્ષિણ આફ્રિકાના નાતાલ પ્રદેશની એક અત્યંત લડાયક ને ઝનૂની ગણાતી ઝુલુ જાતિની વસાહતના ગ્રાઉટવીલ ગામમાં થયો હતો. પણ આ કુટુંબ એ વાતને કારણે એ પ્રદેશમાં ખ્યાતિ પામ્યું હતું કે લુથુલીના દાદાએ ઝુલુ જાતિમાંથી સૌ પ્રથમ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો. દાદાના એ ધર્મસંસ્કારો લુથુલીમાં પણ બચપણથી સિંચાયા. પરિણામે લુથુલી આજે પણ ધર્મનિષ્ઠ અને માનવતાપ્રેમી બની વિશાળ માનવસમુદાયના પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે આંસુ લૂછી રહ્યા છે.

બચપણમાં જ પિતાનું શિરચ્છત્ર ગુમાવી બેસનાર લુથુલીને કાકાના આશ્રયે જીવન વિતાવવું પડયું. ગ્રાઉટવીલ ગામ એમનું વતન હતું અને એમાં જ આવેલી મિશન શાળામાં એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધું ત્યાર બાદ શહેરની મિશન શાળાઓમાં એ શિક્ષણ સમાપ્ત કરી એ આદમ કૉલેજમાંથી સ્નાતક થયા.

શિક્ષણ પૂરું થયું એટલે જીવનમાં વ્યવસાય કયો લેવો એ પ્રશ્ન એમને માટે ઊભો થયો. આમ તો વ્યાપાર, કારકુની અને સરકારી નોકરીઓનાં પ્રલોભનો એમની સમક્ષ ખડાં હતાં; પણ જન્મથી અર્થને ગૌણ ને કોઇ પણ પ્રકારની સેવાને પ્રધાન ગણનાર લુથુલીએ શિક્ષણપ્રદાનને મુખ્ય ગણી એક પ્રાધ્યાપક તરીકે પોતાના જીવનનો પ્રારંભ કર્યો અને ભાષા સંગીતના પ્રાધ્યાપક તરીકે તથા સમસ્ત વિદ્યાર્થીઆલમમાં ખૂબ પ્રિય બની રહ્યા.

ઇ.સ. ૧૯૨૧ના વર્ષમાં એમણે સ્નાતકની ઉપાધિ મેળવી જીવનનો એક તબક્કો પૂરો કર્યો હતો; બીજો તબક્કો એમના અધ્યાપક તરીકેના કાર્યથી આમ શરૂ થયો; અને પછી ત્રીજો તબક્કો શરૂ થયો જાણે એમના લગ્નપ્રસંગથી. એમનાં પત્ની પણ એક સારાં શિક્ષિકા હતાં. ઇ.સ. ૧૯૨૭માં એ બંનેનાં લગ્ન થયાં. બંને શિક્ષણકાર્યમાં ઊંડી અભિરુચિ ધરાવતાં હોવાથી એમનું લગ્નજીવન અત્યંત પ્રસન્નતાસભર બની ગયું. આજે એમને સંતાનોમાં બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે.

આમ લુથુલીનું જીવનવહેણ સમથલ ભૂમિ પરના જળપ્રવાહની જેમ સરળતાથી વહી રહ્યું હતું એવામાં એમાં એક પરિવર્તન આવ્યું અને એ પરિવર્તનના કારણે એમના સમગ્ર જીવને એક નવો ઝોક લઇ કોઈ નવીન દિશાએ જ ગતિ આરંભી – માત્ર ગતિ જ નહિ પ્રગતિનો પણ એમાંથી પ્રારંભ થવા પામ્યો.

ત્રીશીએ પહોંચેલા લુથુલીને ઝુલુ જાતિ તરફથી એમના મુખી બનાવવાનું કહેણ મળ્યું. લુથુલી માનતા હતા કે પોતે જે જાતિમાં જન્મ્યા છે એ જાતિના તેઓ ભારે ઋણી છે. ઋણ અદા કરવું એ પોતાની ફરજ હતી, અને તે સાથે ગોરાઓના શાસન તળે, માનવ તરીકેના પ્રાથમિક ને મૂળભૂત હકોથી પણ વંચિત રહી જીવનની કરુણતમ દુર્દશા ભોગવી રહેલી ઝુલુ જેવી કાળી પ્રજાનો રાજકીય તેમજ સામાજિક ઉદ્ધાર કરવાના કાર્યને પણ પોતાના જીવનના એક આદર્શ અને કર્તવ્યરૂપ એમણે માન્યું હતું; એટલે આ બે કારણોને લઇ એમણે ઝુલુ જાતિના મુખી તરીકેના પદને અંતરપૂર્વક વધાવી લીધું.

અને એ કાર્ય બજાવતાં બજાવતાં એમને એ અભણ, અજ્ઞાન, ગોરા શાસનની નિર્દય અને અન્યાયભરી રાજનીતિના કારણે દુર્દશામાં સબડતી અને ગુલામ જેવી સ્થિતિમાં પશુ જેવું બદતર જીવન ગુજારનાર ઝુલુ જાતિનાં અનેકવિધ દુઃખો ને યાતનાઓ જોઈ એમનું હૃદય ઊકળી ઊઠયું.

ગ્રાઉટવીલના મુખી બનીને તેઓ એ જાતિઓનાં માણસોની વિધવિધ ફરિયાદો અને ફિસાદોનો ફેંસલો આપતા. એમનો ફેંસલો બંને પક્ષોને શિરોમાન્ય બનતો. આમાંના મોટા ભાગના ઝગડાઓ સરહદને અને કુટુંબને લગતા હતા. પણ એનું કારણ એમનો નિર્વાહ ચલાવવા માટે પૂરતી જમીન એમને માટે ગોરા શાસને રહેવા દીધી નહોતી એ હતું કૌટુંબિક ઝગડાના મૂળમાં પણ એમને અક્ષરજ્ઞાન કે કેળવણી મળે એવો કોઇ પૂરો પ્રબંધ સરકાર તરફથી થયો નહોતો એ જ જણાયું. આ નિરક્ષર જાતિમાં પછી કુટુંબભાવનાની ઉદાત્તતા ને ઔદાર્યની અપેક્ષા કઈ રીતે રાખી શકાય?

આ પરિસ્થિતિએ લુથુલીના ચિત્તને સંક્ષુબ્ધ બનાવી દીધું. અહોરાત એમને થવા લાગ્યું કે આના નિરાકરણ અર્થે પોતે કશુંક કરવું જોઇએ. પણ એ જીવનઝંખના પૂરી થાય એવો માર્ગ એમને તાત્કાલિક સૂઝ્યો નહિ છતાં એ શોધવાના પ્રયાસને એમણે છોડયો નહિ.

એ સમયે એક રાજકીય સમિતિ સરકારે નીમી હતી. એ સમિતિનું નામ હતું: નેટીવ રેપ્રિઝેન્ટેટીવ્સ કાઉન્સિલ. આ કાઉન્સિલનું કાર્ય એ હતું કે એણે દક્ષિણ આફ્રિકાની સરકારને, કાળી જાતિઓની સ્થિતિથી વાકેફ કરી સરકારને એ અંગે સલાહસૂચનો કરવાં. લુથુલીને આ કાઉન્સિલમાં સભ્યપદ મળ્યું. પ્રથમ તો એમને મનમાં એમ આશા હતી કે પોતે એ કાઉન્સિલ દ્વારા કાળી જાતિઓની દુર્દશાથી સરકારને વાકેફ કરી, એ જાતિનું દુઃખનિવારણ કરાવી શકશે. પણ એમની આ મનધારણા ફળીભૂત થતી એમને જણાઈ નહિ. એ કાઉન્સિલમાં રહીને એની કાર્યવાહી ને એનું કાર્યક્ષેત્ર તથા એની મર્યાદાઓ જોઇને એમણે અંતે એ જ તારતમ્ય તારવ્યું કે આ કાઉન્સિલ એક ફારસરૂપ છે, લોકોને ભરમાવવાનું સરકારી સાધન છે. પોતે કાળી પ્રજા માટે ઘણું બધું (અનુસંધાન પૃષ્ઠ ૧૫૪)

અવતરણ
ગુણવંત
છો. શાહ

અતિથિ

આલ્બેનિયનની ગોળીથી બચીને તેનું જ અજબ આતિથ્ય પામનાર કમનસીબ બડભાગીની વાર્તા

એક ભયંકર ચીસ નાખીને ગૅલિકો જમીન ઉપર પડી ગયો. પ્રશાંત હિમશિખરોના વનના વાયુમંડળને ચીરતી સણસણતી એક ગોળી તેની પાસે જ ટાઢી થઈ હતી. તેના 'ગાઈડ'ની છાતીને વીંધતી ગોળીએ તો મોતને જ સાથે બોલાવ્યું હતું. ગૅલિકોની આંખો સામે જ 'ગાઈડ' માછલીની જેમ તરફડીને મરી ગયો.

પર્વતની ભેખડોમાં બંદૂકનો બીજો એક અવાજ થોડી વાર ત્રાડી રહ્યો. ગૅલિકોએ દૂરબીનથી જોયું. પરંતુ આલ્બેનિયાના ભૂરા આકાશને વીંધતાં પર્વતનાં શિખરો સિવાય એને કશું ન દેખાયું. માત્ર તે એટલું અનુમાન કરી શક્યો કે લગભગ એક હજાર વાર દૂરથી કોઈ રાઈફલ ચલાવી રહ્યું છે. નજીકના શિખર ઉપર એક ગીધ તેણે જોયું અને પોતાના ઘા સામે જોતો તે મૃત્યુના ભયથી ધ્રૂજી ઊઠ્યો.

સંધ્યાને હજી ત્રણ કલાકની વાર હતી. ત્યાં સુધી થોભી જઇને પછી તારાઓના પ્રકાશમાં આગળ વધવાની એની ગણતરી હતી. પરંતુ દિવસના અજવાળામાં ખુદ 'ગાઈડ' જ જો રસ્તો ભૂલી ગયો હતો તો રાતના અંધારામાં આ અજાણ્યા પ્રદેશમાં પોતે શી રીતે આગળ વધી શકવાનો?—એમ ભેખડની આડશમાં સૂતોસૂતો એ વિચારી રહ્યો. ઢસરડાતો એ 'ગાઇડ'ના શબ પાસે ગયો ને તેનો થેલો ખોલ્યો. એક ડુંગળી અને થોડીક રોટી એમાંથી નીકળી.

એકાએક એને સૂઝ્યું કે પર્વતોની વચ્ચેથી ગોળી ચલાવનાર વ્યક્તિ 'ગાઇડ'નાં હથિયારો લઈ લેવા જરૂર આવશે. તેણે 'ગાઇડ'ના શબને ઘસડીને દૂર પથ્થરોની નીચે એક ખાડામાં સંતાડી દીધું. શબ ખાડામાં પડવાથી થએલા અવાજથી હરખાતો એ હાથ અને ઢીંચણના જોરે પાછો ભેખડોની આડશમાં છુપાઈ ગયો.

આખી રાત એ અથડાતો કૂટાતો ચાલતો રહ્યો. અંતે થાકીને એ લોથપોથ થઇ ગયો અને એ નિર્જન પ્રદેશમાં હારીને સૂઈ ગયો. દિવસ ઊગતાં જ એની આંખો ઊઘડી ગઈ ને ફરી તે લથડતો લથડતો ચાલવા લાગ્યો. પણ તે દિવસની સાંજ પડતાં તો એની દશા ગાંડા જેવી થઈ ગઈ. એ કારણ વિના હસતો ને ચીસો પાડતો હતો. ચોવીસ કલાક પહેલાં એની ઘડિયાળ તૂટી ગઇ હતી તે પર એની નજર પડતાં તેમાં હજી ત્રણ જ વાગ્યા હતા. અચાનક એ પળે જ દૂર એક મકાન દેખાયું. ભય અને આશાનો મિશ્રિત ભાવ એની રગેરગને ખેંચવા લાગ્યો.

થાકેલા, ભ્રમિત દશાવાળા ગૅલિકોની આંખોમાં પાણી ઊભરાઈ આવ્યાં. સાચ્ચે જ એ મરીચિકા ન હતી—ખીણમાં બનાવેલું ઈંટ, પથ્થર અને માટીનું એ સાકાર ઘર હતું. એ ઘર સુધી લથડતાં લથડતાં પહોંચી શકાય એટલી જ શક્તિ તેનામાં હવે બચી હતી.

તેણે બારણું ખખડાવ્યું. બારણું ખૂલ્યું, એની આંખે અંધારાં આવી ગયાં અને એ સુમસામ અંધારામાં ગૅલિકો આગળ વધીને અંદર પડેલા ખાટલા ઉપર પટકાઈ પડ્યો. જાણે કોઇ દૂરદૂરથી બોલતું હોય એમ તેના કાનમાં સંભળાયું: 'આવો ભાઈ, તમારું સ્વાગત કરું છું!'

એ પછી ગૅલિકો ન કશું જોઇ શક્યો, ન કશું સાંભળી શક્યો. પૂરા ચોવીસ કલાક પછી એ જાગ્યો અને પોતાના મોંમાં 'સૂપ'નો ઘૂંટડો એણે અનુભવ્યો. પોતાની ચારે પાસ તેણે નજર ફેરવી.

'સૂપ'નું છાલિયું પકડી રાખેલા હાથ ઉપર તેની દૃષ્ટિ સૌપ્રથમ પડી. જૂનાપુરાણા રીઢા કોઇ લાકડા જેવો કાળો અને મજબૂત એ હાથ હતો. પિયાનોના તારની જેમ ખેંચાએલી એ હાથ ઉપરની નસો લાગતી હતી અને પેન્સિલ જેવી તે પંજા ઉપર ખેંચાઈ આવી હતી. પછી તો તેણે રેશમના વેલબુટ્ટા ભરેલા નાનકડા કોટની બાંયો જોઈ અને પછી માથાથી પગ સુધી એ વ્યક્તિને તેણે માપી લીધી. તેની રૂઆબદાર દાઢી, હાથીના દાંત જેવી સફેદ આગળપડતી મૂછો, ચાંચ જેવું અણિયાળું નાક, કાળી ચમકદાર આંખો અને માથા ઉપરની ટોપી... ગૅલિકો જોઈ જ રહ્યો!

ભયના એક આકસ્મિક દંશ સાથે ગૅલિકોને ખયાલ આવી ગયો કે પોતે એક આલ્બેનિયનની તીક્ષ્ણ દૃષ્ટિની સામે પોતાના અર્ધમીંચાએલાં નેત્રોને સ્થિર રાખવાનો પ્રયાસ કરી રહ્યો છે. તે ઊભા થવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

'આરામ કરો.' વૃદ્ધે કહ્યું.

ગભરાતાં ગભરાતાં ગૅલિકો બોલ્યો, 'પરંતુ હું તો ઈટાલિયન છું... હું લેફ્ટેનન્ટ ગૅલિકો છું.'

'એમાં શું?' વૃદ્ધે આશ્વાસનભર્યા સ્વરે કહ્યું, 'પણ આપ અમારા અતિથિ છો અને અતિથિનો સત્કાર કરવો એ અમારું પરમ કર્તવ્ય છે. આપ અમારે આંગણે આવ્યા અને હમણાં અમારા છાપરા નીચે બેઠા છો. એટલે આપ અહીં હવે નીડરતાપૂર્વક રહેજો. ખાઓ, પીઓ અને આરામ કરો.'

'પરંતુ અમે તો આપના દેશ ઉપર ચડાઈ કરી છે.'

'હા, એ પણ હું જાણું છું.'

'તો તો હું આપનો કેદી છું.'

'નહિ, એવું નથી. ઊલટું મેં આપને જણાવ્યું કે આપ અમારા અતિથિ છો. અત્યારે આપ મારી પથારીમાં સૂતા છો. મારી પત્નીએ આપના પગમાં પાટા બાંધ્યા છે. આ ઘરને આપ આપનું જ ઘર સમજજો અને ઈચ્છા હોય ત્યાં સુધી આપ અહીં રહેજો. આપ એક વર્ષ દિવસ સુધી રહેવા ઇચ્છતા હો તો પણ નીરાંતે રહેજો. અમે આપનું સહર્ષ સ્વાગત કરીએ છીએ. જ્યારે આપને જવું હોય ત્યારે મારા ઘોડાને આપનો ઘોડો સમજીને લઈ જજો. જ્યાં સુધી આપ અમારા ઘરમાં છો ત્યાં સુધી આપના પ્રાણની રક્ષા ખાતર મારા પ્રાણ નિછાવર કરીશ.'

ગૅલિકોએ પોતાની આસપાસ જોયું. એક પહોળા ખંડમાં જાડા ગાદલા ઉપર પોતે સૂતો હતો. લાદી ઉપર ગાલીચો બિછાવેલો હતો, અને બાજુમાં થોડીક પિત્તળની નાની મેજો પડી હતી. પિત્તળની એક બત્તીમાંથી ધીમું અજવાળું ખંડની દીવાલો ઉપર પડતું હતું. લાલ માટીના બીજા ત્રણચાર દીવડા પણ હતા, જેમાં દિવેટ સળગી રહી હતી. તેની નજીક પાણી ભરેલો તુર્કસ્તાની જામ પડ્યો હતો.

'આપ ભોજન હમણાં કરશો કે પછી?' વૃદ્ધે પૂછ્યું 'આપ ખ્રિસ્તી છો એટલે શરાબ તો પીતા જ હશો. પરંતુ માફ કરજો, જમવાની સાથે અમે શરાબ નહિ આપી શકીએ. જોકે મારા નોકર પાસે મેં બ્રાન્ડી અને સિગ રેટ મંગાવ્યાં છે. સિગારેટ આવે ત્યાં સુધી મહેરબાની કરીને આ તંબાકુ પીઓ. આપના જોડા ખરાબ થઈ ગયા હતા એને અમે ફેંકી દીધા છે. હવે આ મારા જોડા પહેરજો. એ મોરોક્કોના ચામડાના બનાવેલા છે—ઘણા મુલાયમ છે. મારી છોકરીઓ આપના માટે આજે જ ખમીસ તૈયાર કરી આપશે; સવારથી એ સીવી રહી છે.'

'મને જવા દો, હું મારી બટાલિયન પાસે જલદી પહોંચી જવા માગું છું.' ગૅલિકોએ કહ્યું.

'આપની એવી ઇચ્છા હશે. તો એમ જ થશે' વૃદ્ધે આદરપૂર્વક કહ્યું, 'પહેલાં ભોજન કરી લ્યો.'

વૃદ્ધે સાદ પાડ્યો અને તરત જ થાળીઓ લઇને સ્ત્રીઓ અંદર આવી ગૅલિકોએ પેટ ભરીને ખાધું. ગુમાવેલી શક્તિ અને સ્ફૂર્તિ એનામાં પાછાં આવ્યાં.

'આજના શા ખબર છે?' ગૅલિકોએ પૂછ્યું.

'બાદશાહ સલામત ઝોગ દેશ છોડીને નાસી ગયા છે અને આલ્બેનિયા ઉપર ઈટલીની સત્તા સ્થપાઇ ચૂકી છે.' વૃદ્ધે જવાબ આપ્યો.

આનંદના અતિરેકમાં ગૅલિકો ઊભો થઈ ગયો. મનમાં ને મનમાં એ વિચારવા લાગ્યો.તેથી જ આ બુઢ્ઢો મારો આટલો આદર-સત્કાર કરે છે!

હવે મહેરબાની ભરી નજરે વૃદ્ધ તરફ જોતાં સત્તાધારી અવાજે તેણે કહ્યું,'તમે કરેલો સત્કાર ભૂલાશે નહિ એવી હું તમને ખાતરી આપું છું.'

'કદાચ આપ મારો મતલબ નથી સમજ્યા. આપ મારા મહેમાન છો અને હું આપનો યજમાન છું, એટલું જ મારે કહેવું છે. હા, મને અફસોસ થાય છે કે આપ એક ઈટાલિયન છો. એને હું આપનું દુર્ભાગ્ય સમજું છું.'

'મારું દુર્ભાગ્ય?' ગૅલિકોએ આવેશમાં આવી જઈને કહ્યું.

'હા, દુર્ભાગ્ય! કેમકે આપ અહીં ભલે અમારા અતિથિ હો, પરંતુ યુદ્ધના મેદાનમાં તો આપ અમારા શત્રુ જ છો. આપ મારા દરવાજે આવ્યા તો આપનો સત્કાર કરવો એ મારો ધર્મ છે. અતિથિ-સત્કાર એ અમારી કેવળ પ્રથા નથી, પરંતુ એ તો અમારો ધર્મ છે. એટલે જ હું આપને વધારે સમ્માન નથી આપી શકતો કે આપની ચાપલૂસી નથી કરી શકતો. આ તો અમારા ગૃહસ્થ-ધર્મનું ફક્ત પાલન કરું છું'.

ગૅલિકો કંઈ ન બોલ્યો.

'આ મીઠાઈ તો ચાખી જુઓ.'

'ઘણું સ્વાદિષ્ટ ભોજન તમે લોકો બનાવો છો. લડાઈ જેવું હતું જ ક્યાં? એક તમાશા જેવું થઈ ગયું, તમે લોકોએ મુકાબલો સરખો યે ન કર્યો. હા, એટલું ચોક્કસ કે ગોળી ચલાવવામાં તમે પહાડી લોકો હોશિયાર છો. પહાડોમાંથી જ્યારે હું જઈ રહ્યો હતો ત્યારે કોઇ એ હજારવાર દૂરથી મારા 'ગાઈડ'ને પહેલાં ધડાકે જ ઉડાવી દીધો હતો.'

ગૅલિકો બોલતો અટકી ગયો અને ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો. બહાર થોડીક સ્ત્રીઓ છાતી કૂટીકૂટીને રડી રહી હતી.

'આ કોણ રડે છે?' ગૅલિકોએ વ્યથાભર્યા સ્વરે કહ્યું. ત્યાં તો એક વૃદ્ધા સામે આવી અને બોલી 'અમારા પુત્રો ઘરે પાછા આવી રહ્યા છે.'

ગૅલિકોએ જોયું કે તેનો ચહેરો સખ્ત અને ફિક્કો પડી ગયો હતો. જાણે મોં ખોલ્યા વિના જ એ શબ્દો બોલાયા હતા. નિરુદ્વેગભાવે વૃદ્ધ ટટ્ટાર ઊભો હતો.

એવામાં બારણું ઊઘડ્યું અને એક પાટ ઉપર એક શબને લઇને બે વ્યક્તિ અંદર આવી.

'આ મારો સૌથી મોટો પુત્ર.' વૃદ્ધે કહ્યું. 'માફ કરજો આપની શાંતિમાં અમે ખલેલ પહોંચાડી છે. મારા બીજા ચાર પુત્રોનાં શબ પણ આવી રહ્યાં છે.'

ગૅલિકોએ જોયું કે વૃદ્ધનો ચહેરો બરફની જેમ પીગળી રહ્યો છે. મોટાંમોટાં આંસુ એના ગાલ ઉપર ઊતરી આવ્યાં હતાં. તેનું જાડું સુગઠિત શરીર ધ્રૂજવા લાગ્યું હતું. તેણે તીખા સ્વરમાં કહ્યું, 'મૂંગી રહે, રૂબી, આપણા ઘરમાં મહેમાન આવ્યા છે.'

તેમનો સૌથી નાનો પુત્ર નીચે પડ્યો હતો. તેનો નિર્જીવ હાથ એક બાજુ લટકતો હતો. વૃદ્ધાએ નીચે નમીને એ હાથને છાતીએ લગાવ્યો અને ઘૂંઘટમાં આંસુને છુપાવતી એ ખંડની બહાર ચાલી ગઈ.

'રૂબીને માફ કરજો.' વૃદ્ધે ગૅલિકોને કહ્યું.

'કંઈ નહિ. માના હૃદયને આઘાત પહોંચે એ સ્વાભાવિક છે.'

'હું પણ રણમેદાનમાં ગયો હતો; પણ હું મરી ન શક્યો.' વૃદ્ધે કહ્યું.

ગૅલિકોનું મન ક્ષુબ્ધ થઇ ગયું. એ માનસિક સંતાપ અનુભવવા લાગ્યો, 'ભગવાન એવું ન કરો...કદાચ મારા હાથે જ તમારા કોઈ પુત્રનું મોત નીપજ્યું હોય...એ તો લડાઈ હતી. શી ખબર પડે કે મેં કોની ઉપર ગોળી ચલાવી છે?'

'આપ ચિંતા ન કરો. આપ અમારા અતિથિ છો. મારા ઘરમાં આપની જોડે કદી દુર્વ્યવહાર નહિ થાય.' વૃદ્ધે આદરપૂર્વક કહ્યું.

'નહિ, મને તમારો ડર નથી. પણ તમે દાખવેલું સૌજન્ય...'

'હું સમજી ગયો. આપ આપની સ્થિતિ સ્પષ્ટ કરવા માગો છો. હું આપનો આભાર માનું છું. લ્યો, આપની બ્રાન્ડી આવી ગઈ—' વૃદ્ધે શિષ્ટતાપૂર્વક હાથ લાંબો કરીને કહ્યું.

'અતિથિસત્કારની તમારી આ પ્રાચીન પ્રથા મને બહુ પસંદ પડી. હું તમને વચન આપું છું કે તમારા આ સૌજન્યનો બદલો અમારી સરકાર ચોક્કસ આપશે.'

વૃદ્ધે બહુ જ શાંત અને સરળ ભાવે કહ્યું, 'આપ જુઓ છો કે એક ઊંચા પહાડ ઉપર મારું ઘર છે; એટલે ઈટાલિયનોથી મને કશું જ જોખમ નથી. અહીં સુધી પહોંચવાનો રસ્તો એક જ છે જેને હું અને મારા નોકર સિવાય બીજું કોઈ જાણતું નથી. મારા આ કિલ્લા ઉપર અધિકાર જમાવવા આપના 'ડ્યુસ' (મુસૉલિની)ને એક મોટી સેના મોકલવી પડશે. પરંતુ અતિથિસત્કાર વિષે પણ મારી વાત સાંભળી લો. આ પ્રદેશની એક વ્યક્તિએ પોતાના પડોશીની પત્નીનું ખૂન કર્યું હતું. એ ખૂનીને મારી નાખવાના પતિએ સોગંદ ખાધા હતા. પરંતુ ખૂનીએ શું કર્યું હશે, કહો તો!'

'શું કર્યું હોય? દેશ છોડીને નાસી ગયો હશે.'

'નહિ, અતિથિ બનીને તે એ વિધુરને ઘેર ગયો અને વીસ વર્ષ સુધી એ ત્યાં જ રહ્યો. કોઇએ તેની તરફ આંગળી પણ ન ઉઠાવી!'

'બિચ્ચારો યજમાન!' ગૅલિકોએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

'કેમ, તંબાકુ છે તો સારી ને?'

'ખરાબ નથી. હાં, પણ અમારા કારીગરો આમાંથી ઘણી સારી સિગારેટો બનાવી શકે છે. હું દાઢી કરી શકતો હોત તો કેવું સારું હતું! અને મન મૂકીને નાહી પણ શકત... પણ હવે મારે પાછા જવાની તૈયારી કરવી જોઇએ.'

'જેવી આપની ઇચ્છા. આપની ઇચ્છા હોય ત્યાં સુધી આપ અહીં ખુશીથી રહી શકો છો. મારું તમામ આપના ચરણોમાં છે. મારું કુટુંબ, મારા નોકરો આપની સેવા કરવા તત્પર છે અને મને પણ આપ આપનો નોકર સમજજો. આપ જવા ઈચ્છતા હશો તો એની પણ ગોઠવણ કરી દઉં છું...ઈસ્માઈલ!'

એક નોકર અંદર આવ્યો. વૃદ્ધે હુકમ કર્યો, 'ઘોડા ઉપર ચાંદીની બેઠક વગેરે નાખી દે અને બે દિવસ સુધી ચાલે એટલું ભાથું બાંધી આપ. અલીને કહે કે પાણી ગરમ કરે અને મહેમાનની દાઢી કરી આપે.'

'મારો સૌથી સારો ઘોડો બહાર તૈયાર જ છે.' આદરપૂર્વક ઝૂકીને વૃદ્ધે ગૅલિકોને કહ્યું.

'ઠીક, તો હવે ઊપડું.' ગૅલિકો ઉતાવળો થઈ રહ્યો હતો.


'ચાલો, હું આપને નીચે સુધી પહોંચાડી જાઉં.'

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૭ ઉપર)

સૌરાષ્ટ્રના લોકજીવનમાં

મોર

લેખક આલેખક • ખોડીદાસ પરમાર



આ રેખાંકન : એમ. કૃષ્ણન્

મોરને રાષ્ટ્રીય પક્ષી તરીકે અપનાવી ભારત સરકારે એનું ગૌરવ વિશેષ વધારી દીધું છે. પંચમ સ્વરીલો કોકિલ કે પિયુ પિયુ ઝંખતો બપૈયો અને ચાતક ભલે શિષ્ટસાહિત્યમાં વિશેષ સ્થાન પામે, પરંતુ કળાએલો મોરલો અને લીલુડો પોપટ તો લોકજીવનમાં ઘૂંટાઇને એકરસ થઇ ગયા છે. ને શિષ્ટસાહિત્યમાં પણ મયૂર છેક આદિકાળથી વર્ણવાયો છે. લોકલાડીલા મોરલે પોતાની શીતરંગી લીલુડી કાયા વડે સૌની આંખો ઠારી જનહૃદયમાં અનેરું સ્થાન જમાવી દીધું છે.

મોર ભારતમાં તો વર્ષોથી જાણીતો છે. યજુર્વેદ, રામાયણ અને મહાભારતમાં મોરના ઉલ્લેખો છે. બાળા કાનાને તો મોરપિચ્છનો મુગટ જ શણગારાતો ને? અશોકે પોતાના શિલાલેખોમાં એમ જાહેર કર્યું છે કે પોતાના રસોડામાં હવે ઓછા પ્રમાણમાં મોર રંધાશે. સાંચીસ્તૂપના પૂર્વ દરવાજા પર ઈ. સ. પૂર્વેની પ્રથમ સદીમાં કંડારાએલ મયૂરો હજી આજે મોજૂદ છે. ભરતનાટ્યશાસ્ત્રમાં મોરને રાજાઓનો અધિષ્ઠાન માન્યો છે, કારણ કે દેવાંશી ગણાય છે. મહાકવિ કાલિદાસે પોતાની લગભગ દરેક કૃતિમાં મયૂરનો ઉલ્લેખ કર્યો છે. મેઘદૂત, શાકુન્તલમ્, ઋતુસંહાર કે માલવિકાગ્નિમિત્રમાં તો અચૂક મયૂર વર્ણવાયો છે જ. બીજી સદીમાં અમરાવતીના શિલ્પમાં ચાંચમાં ફૂલમાળ સાથેના મોરનું શોભન ખૂબ જ સુંદર છે. અજંટાની સોળમા નંબરની ગુફામાં રાણીના મૃત્યુવાળા ચિત્રપ્રસંગમાં રાણીના મહેલ પર બેઠો મયૂર વિષાદથી મૃત્યુ જોતો આલેખાયો છે. ૧૧મી–૧૨મી સદીથી જૈનકલમનાં ચિત્રોમાં જુદીજુદી તરેહ, શોભન વગેરેમાં અગણિત મોર ચિત્રાંકિત થયા છે; તો મુઘલ અને રાજપૂત-કાંગરા કલમમાં મોરનું સ્થાન અનન્ય થઈ ગયું છે. આમ, મોર લોકોના હૈયામાં સ્થાન પામી ચૂક્યો છે, પણ તેમાં યે લોકનારીએ તો મોરલાને પોતાના શણગારમાં ગંઠી લીધો છે, ચાકળા-ચંદરવામાં ભર્યો છે, બારણે પાણિયારે આલેખ્યો છે ને હૈડે હાથે ત્રોફાવ્યો છે. મોરના શણગારે નારીએ શરીર દીપાવ્યું છે.

મધ્યકાલીનસાહિત્યમાં આદિ કવિ નરસિંહ લખે છે. 'પ્રેમરસ પાને તું મોરનાં પિચ્છધર' કે મીરાંબાઇ ગાય છે, 'આ રે કાયામાં છે વાડીઓ હોજી, માંહે મોર કરે છે ઝીંગોરા રે' આમ પ્રાચીન કવિતાથી માંડી ઠેઠ અર્વાચીનમાં સુરતાની વાડીના મીઠા 'કલાપી' સુધી ગુજરાતી કવિઓએ મોરને અવનવી રીતે હુલાવ્યો ફુલાવ્યો છે. એટલે જ તો આવો રૂપાળો મોર દેવી સરસ્વતીનું વાહન બન્યો છે ને? વીર સેનાનાયક કાર્તિકેયને યુદ્ધમાં વહન કરનાર આ ચપળ મયૂર જ છે.

મોર ભારતમાં અજાણ્યો નથી. મુસાફરી કરતાં ઠેરઠેર એ જોવા મળે છે; ને તેમાં યે ચોમાસામાં તો મોર પૂર્ણ કલાએ ખીલે છે. અષાઢી મેઘ અંકાશપટમાં ઘેઘૂર જામે વાદળિયુંના થર એકબીજી પર લળુંબ-ઝળુંબ થઇને

મોરનો સામાન્ય પરિચય તો અગાઉ 'કુમાર'ની 'પક્ષીમાળા'માં ૨૯૫મા અંકમાં આવી ગયો છે. ભારતનું જ નહિ પણ બ્રહ્મદેશનું પણ આ રાષ્ટ્રીય પક્ષી આમ તો એશિયાના લગભગ બધા દેશમાં થાય છે, પણ નીલરૂપેરી ભારતીય મોર એ બધામાં સુંદરતમ છે. બ્રહ્મદેશનો મોર લીલા રંગનો હોય છે. તદ્દન સફેદ મોર પણ થાય છે. કોઈ પણ જાતના પૂર્વ પરિચય વિના પણ ઓળખાઈ જાય એવું આ પંખી છેક વેદકાળથી પરિચિત જ નહિ, આપણા જીવન સાથે અનેક રીતે વણાઈ જઈ ગ્રામનગર ને વનઉપવનનું અલંકરણ બની રહ્યું છે. વનનું વાસી છે, પણ માણસ સાથે ઘણું હળી જાય છે અને પાળેલી અવસ્થામાં વધુ જીવે છે. સામાન્યતઃ એની આવરદા ૩૫ વર્ષની ગણાય છે.

મોર (નર) જેટલી ઢેલ (માદા) સુંદર નથી. પણ જાવાની ઢેલ અન્ય પ્રદેશની ઢેલ કરતાં વધારે અને લગભગ ત્યાંના મોર જેટલી સુંદર હોય છે. ઢેલનું વાત્સલ્ય પણ ઘણું ઊંડુ હોય છે. બચ્ચાંના ઉછેરની કોઈ જવાબદારીમાં મોર તો ભાગ લેતો જ નથી. દરેક મોરને ચાર-છ ઢેલનો પોતાનો આગવો ઝનાનો હોય છે. નર બચ્ચાંને બેએક વર્ષની ઉમરથી પીછાં આવવાં શરૂ થાય છે. તેને જ્યારે કલગી આવવા માંડે છે ત્યારે તે બહુ પીડાય છે ને ક્વચિત મરી પણ જાય છે.

ઉનાળામાં મોરનાં પીછાં ખરી પડે છે. એમાંથી અનેક સુંદર ચીજો ને અલંકરણો બને છે. દવાઓમાં પણ તેનો ઉપયોગ થાય છે. મોરના પીછા ઉપરનો અતિ સુંદર ચાંદલો લઈ ઘીના દીવાથી એને બાળી જે ભસ્મ થાય એને ઝીણા વસ્ત્રથી ચાળી લઈ રતીની માત્રામાં મધ સાથે ચટાડવાથી ઊલટી મટે છે. 'યોગ રત્નાકર' નામના ગ્રંથમાં 'વમનાધિકાર'માં એનો ઉલ્લેખ કરેલો છે. મોરપીછની નિકાસમાંથી ભારત સરકારને સારી કમાણી થાય છે. ભૂતકાળમાં પણ ભારતના મોરની નિકાસ થતી હતી. ભારતીય મોર ઈરાનમાં થઈ યુરોપ-આફ્રિકામાં ગયો છે. સિકંદર અહીંની સવારીના સંસ્મરણ તરીકે ૨૦૦ મોર સાથે લઈ ગયો હતો. રોમનો તો ભારતીય મોર પર ફિદા હતા. ગ્રીક પુરાણકથાઓમાં પણ મોરના ઉલ્લેખ છે. દેવેન્દ્ર જ્યૂપીટરની પત્ની જુનોએ આર્ગસની ૧૦૦ આંખ કાઢી લઈ મોરને શણગાર્યાની વાત છે.

સૂર્યપ્રકાશને પસંદ કરતો મોર ૬૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી પણ જોવા મળે છે. વર્ષારંભના ખુશનુમા વાતાવરણનો એનો પ્રેમ કદાચ એને આટલી ઊંચાઇએ લઇ જતો હશે. વર્ષાના આગમનની એની આગમસૂઝ પણ ઘણી સચોટ હોઈ એ વખતનો એનો કેકારવ ખેડૂતો અને સૌને બહુ આહ્લાદ આપે છે. એ જ મોર ખેતરમાં વાવેલા દાણા ચરી જઇને અપ્રિય પણ બને છે.

એના મનોહર દેહલાલિત્યથી આકર્ષાઈ લોકોએ તેને આધારે મબલખ અલંકરણો અને અનેક ચીજવસ્તુઓ સરજી છે. શાહજહાને રચેલું મયૂરાસન 'તખ્તે તાઉસ' તથા 'તાઉસ' અને 'મોરચંગ' (વાજિંત્રો) આ આકર્ષણમાંથી જ પરિણમ્યો છે. પણ નવાઈની વાત તો એ છે કે કાર્તિકેય અને દેવી સરસ્વતીના વાહન ગણાતા આ લોકલાડીલા પંખીને અપશુકનિયાળ ગણવામાં આવે છે.



જામી જાય, હ ફૂફૂફૂફૂ ધ્રૂમ ઈન્દ્રરાજ ગેડીદડો ખેલે, ત્યારે ડોકના ત્રણ ત્રણ કટકા કરી નાંખીને મોરલો ગળક દે કે, 'મે આ...વ, મે...આવ!' ને સામે બીજો મોરલો ય હોંકારો ભણે જ 'ટેહૂ...ક,ટેહૂ...ક,ચ...કાઈ!'

રૂપ, ગર્વ અને ઠસ્સાભરી છટા મોરના હલનચલનમાં જોવા મળે છે. તેની ડોકના ડોલન સાથે માથાની કલગીનું ડોલન મનહર લાગે છે. ગતિમાં મુલાયમ, ચટકિલી ચાલે ચાલતા ને પાછલો કલાપ ખંજનની જેમ ઘડી ઊંચો ઘડી નીચો વીંઝતા મોરનું ખરેખરું સુંદર રૂપતો તે કળા કરીને નાચે છે ત્યારનું છે. આપણી આંખ મટકું માર્યા સિવાય તેના પગના ઠેકા, આંખ-ડોકની મસ્તી અને પાંખ તથા કલાપના કંપનની આછી થરથરાટી પર સ્થિર થઈ જાય છે. એ વખતે પાંચસાત ઢેલડિયું તેને વીંટતી ફરતી જાણે રાસડા લેતી હોય તેમ લાગે છે!

મોર રંગે ચળકતો નીલો અને તેમાં પાછલો આખો કલાપ ઠંડકભર્યો લીલો. ચાંચથી માંડી કલાપના છેડા સુધીના એના સમગ્ર દેહમાં નિતાંત લલિત સુંદરતા જ જાણે વહે છે. પાંખો ઉપર શ્વેત, નીચે પડખામાં જરા બદામી ને પગ સફેદ. મોરના કલાપમાં ત્રણ ત્રણ ભાતનાં પીંછાં છે. સૌથી લાંબાં અને અંગ્રેજી V (વી) આકારનાં પીંછાંને 'ડોળિયા' (શીંગડાંવાળા બળદ) કહે છે. પાંખ પાસેથી શરૂ થઇ કલાપની બંને બાજુની કિનાર પરનાં પીંછાં સૌરાષ્ટ્રમાં વપરાતા ધારિયા (એક જાતનું હથિયાર) જેવા તેને 'કાતર્યા' કહે છે. પણ સૌથી સુંદર પીંછાં તો કલાપની વચ્ચેના હોય છે, તેને 'ટીલડી' (કપાળનો ચાંદલો) કહે છે.

મોરસ્વભાવે શરમાળછે. માણસથી આઘો-આઘો ભાગે છે. તેને પાળી પણ શકાય છે. શરીરનું વજન વિશેષ હોવાથી બહુ લાંબે સુધી તે ઊડી શકતો નથી. નાનાં જીવડાં, મરચાંના લાલ ટેટા, ચીભડાંના સીસા, ટોડાના દાણા, પ(ર)ડકાં અને સાપને ખાઈ જાય છે. મોર ખાસ કરીને સીમમાં ઝાડોની ઘટામાં સમૂહમાં રહે છે. ચોમાસુ તેની સંવનનની ઋતુ હોવાથી ત્યારે એ કળા કરી નાચતો-અને એની આજુબાજુ ઢેલો ફરતી જોવા મળે છે. ઢેલ મોર જેવી સુંદર નથી હોતી, તેનો રંગ લગભગ માટી સાથે ભળી જાય તેવો હોય છે. ડોક આગળથી થોડી લીલાશ પડતી હોય છે. ઢેલ જમીનમાં ખાડો કરી છ-સાત ઈંડાં મૂકે છે. બચ્ચાંનાનાં હોય ત્યારે નર માદાનો ખાસ તફાવત દેખાતો નથી. ચોમાસા આખરે મોરનાં પીંછાં ખરી જઇને નવાં આવે છે.

ગુજરાત-સૌરાષ્ટ્રનાં ગામડાઓમાં મોરલા ઠેરઠેર જોવા મળે છે. અવાવરુ ને જ્યાં બહુ વસતી ન હોય તેવાં ખંડિયરોમાં તેમજ ધાર્મિક સ્થાનોની આસપાસ પણ મોર રહે છે. મોરલાને પવિત્ર માનવામાં આવે છે. આપણે ત્યાં મોરને કોઈ મારતું નથી. (સંધી, જત, વેડવા વાઘરી ખાતા હશે?)

સૌરાષ્ટ્રી લોકસાહિત્ય અને કલામાં મોરલો વિવિધ રીતે વર્ણવ્યો છે. તેની લલિત કાયાને લીધે તે લોકોના હૃદયમાં અનેરું સ્થાન પામ્યો છે. તેને ભરતમાં ભર્યો છે, મોતીમાં ગંઠ્યો છે. ઘરેણાંમાં મઢ્યો છે. ગીતોમાં વર્ણવ્યો છે. ચિત્રોમાં આલેખ્યો છે, ને કારીગરોએ વાસણોમાં યે કંડાર્યો છે. લોકનારી મોરને હુલાવતી લગ્નમાં ગાય છે

"મોર તારે સોનાની ચાંચ,
મોર તારે રૂપાની પાંખ,
સોનાની ચાંચ રે મોરલો ચારો ચરવા જાય.
મોર જાજે ઊગમણે દેશ,
મોર જાજે આથમણે દેશ,
વળતો જાજે રે વેવાયોને માંડવે હો રાજ.
કિયો વેવાઈ સૂતો છે કે જાગ,
કિયો વેવાઈ સૂતો છે કે જાગ
ભાઈ વરરાજે સીમડી ઘેરી માણારાજ."

તો વળી રાસડામાં ય રાણી ને મોરલાનો પ્રેમ વર્ણવતું ગીત ગવાયું છે. કુંવરાણી ને નણંદબા પાણીડાં સંચરે છે. રૂપાળો મોરલો કુંવરાણી સાથે મસ્તી કરે છે. કુંવર આ જોઇ જાય છે. મોરને મારીને લાવી તે રાણીને આપે છે. રાણી દુ:ખી થઇ, રિસાઈ જાય છે. કુંવર મનામણાં શરૂ કરે છે. અંતે ટોડલે મોર કંડારવા તૈયારી બતાવે છે.

'સોનલા ઇંઢોણી ને રૂપલાનું બેડું રાજ,
રૂપલાનું બેડું રાજ,
નણંદ-ભોજાઈ પાણી સંચર્યાં રાજ.
પાણી ભરે ને મોરલો ઢોળી ઢોળી નાખે રાજ,
ઢોળી ઢોળી નાખે રાજ,
ગોખેથી રાજાનો કુંવર જોઈ રહ્યો રાજ,
જોજો નણદલબા કંઈ મોરલિયાનાં રૂપ રાજ,
મોરલિયાનાં રૂપ રાજ,
તમારા વીરા પે મોરલો અત્ય રૂડો રાજ.

← (બાજુનાં ચિત્રો મથાળેથી) સાંચી સ્તૂપના પ્રવેશદ્વાર પરનું ભાસ્કર્ય; અમરાવતીનું શોભન; અજંતાનું આલેખન; જૈન કલમમાં ચિતરાએલ મોરનાં બે આલેખનો–એમાં નીચે ઊડતી સ્થિતિમાં છે. છેલ્લે કાંગરા કલમના 'રાગિણી ટોડી'ના ચિત્રમાં મોર અને ઢેલ.

સાંભળો વીરાજી કંઈ વહુવારુની વાતું રાજ,
વહુવારુની વાતું રાજ,
તમ પે વખાણ્યો વનનો મોરલો રાજ.
સોનલા કામઠડી ને રૂપલાનાં તીર રાજ,
રૂપલાનાં તીર રાજ,
રાજાનો કુંવર શિકાર ચડી રહ્યો રાજ.
મારજો મારજો કંઇ હરણુ ને સીકારા રાજ,
હરણુ ને સીકારા રાજ,
એક નો મારજો વનનો મોરલો રાજ.
ઊડ મોરલા ઊઠ મોરલા ઝાડે ઝાડવે બેસ રાજ,
ઝાડે ઝાડવે બેસ રાજ,
રાજાનો કુંવર તને મારશે રાજ,
રાખ્યા રાખ્યા કાંઈ હરણુ ને સીકારા રાજ,
હરણુ ને સીકારા રાજ,
એક માર્યો રે વનનો મોરલો રાજ.
ઊઠો રાજાની રાણી ઝાંપલિયા ઉઘાડો રાજ,
ઝાંપલિયા ઉઘાડો રાજ,
તમારે કાજે ભોજન લાવિયો રાજ.
ઘોડી રાજાની રાણીએ ઝાંપલિયા ઉઘાડ્યા રાજ,
ઝાંપલિયા ઉઘાડ્યા રાજ,
ત્યાં તો દીઠો રે વનનો મોરલો રાજ.
મોરલો ભાળીને રાણીને મોઢડે મસ્યું ઢળી રાજ,
મોઢડે મસ્યું ઢળી રાજ,
અંધારી ઓરડીમાં સૂઇ ગયાં રાજ.
કો'તો રાજાની રાણી બંગલો બંધાવું રાજ,
બંગલો બંધાવું રાજ,
બારીએ ચિતરાવું વનનો મોરલો રાજ.
ઈ રે મોરલિયો કંઈ બોલે ન ચાલે રાજ,
બોલે ન ચાલે રાજ,
વનનો મોરલો ટહૂકા બહુ કરે રાજ.'

તો વળી આ બીજા ગીતમાં મોર અને ઢેલડીને સાથે મોતી ચણતાં ગાયાં છે.

'મારે આંગણિયે તુળશીનો ક્યારો,
તુળશીને ક્યારે રૂડા રામ રમે.
રૂડા રામ રમે મોર મોતી ચરે,
મોર મોતી ચરે ઢેલ્યું ઢૂંગે વળે.'


કે ભરજોબનમાં રંડાએલી યુવતીને ઢેલડી જેવી ગણી નાની છોકરીઓ દેદો કૂટતાં ગાય છે

'હાય વૉય રે કૂવામાં ઢેલ ઉતારી;
હાય વૉય રે ઢેલને કેટલાં બચ્ચાં?
હાય વૉય રે તેને કોણ ઉઝેરશે?
હાય વૉય રે તેને કોણ ખવડાવશે?'

આમ નાનાં ભૂલકાં કે તેવતેવડી ગોઠણો પોતાની રમતમાં મોરલાને લાડ લડાવે છે. 'ઢીંચણ ઢોયા મોર કળાયેલ' તો બીજી બાળ-રમતમાં ચાર પાચ બાળકો હાથમાં હાથ ભીડી ગોળ કુંડાળું વળી ઊભાં રહે છે ને વચ્ચે મોરલો બની પુરાએલા બાળકને પૂછે છે;











ઉપરનું કોલમ: મથાળેથી–પીછવાઈમાં છીપાએ છાપેલો મોર; લોકશૈલીમાં ભીંત પર ચિતરાએલા બે મોર; છેલ્લે સૌરાષ્ટ્રની નારીનાં ત્રાજવાં (છુંદણાં)માં આલેખાએલા મોર. બાજુમાં કૉલમમાં મથાળેથી કાઠીભરતના નમૂનાનાં મોર: પહેલો ચાકળામાં ભરેલો ઊડતો મોરલો; બીજી નાચતી ઢેલ. ત્રીજો ચાકળામાં ભરેલો ને ચોથો કાપડાની બાંય ઉપર ભરેલો મોર. એ બંને હીરભરતના નમૂના છે. પાંચમો લોકભરતનો નમૂનો છે, ને છેલ્લે પાણી ભરવાના ગોળા પર કુંભારે આલેખેલો મોરલો છે.


'મોર રે મોર તું ક્યાંથીને જાછ,
કળાએલ મોરલો?'


મોર બનેલો બાળક કુંડાળાના બાળકના માથા પર હાથ મૂકતો જાય છે ને કહેતો જાય છે:

'ઇંગણકી, ઢીંગણકી, વાદળડી, પીપરડી





















કૅનવાસ અને મોતીભરતમાં મોર. જમણી બાજુ પિત્તળના ખુડ્ડારા પરનો મોર.

કાળિયાના ગાથેથી જાછ કળાએલ મોરલો.'

આમ કહી કાળિયા પાસેથી મોરલો બનેલો છોકરો હાથ છોડાવી ભાગી જાય છે. તો વળી છોકરાઓ ઢેલને ખીજવે છે.

'મોર આવે તો પરણાવું,
ઢેલ આવે તો ઢીકો નાંખું.'

કાગડાને પણ ચીડવે છે.

'મોર મોર ખાય છે, કાગડો કાગડો લોચાય છે.
શું દઉં? શું દઉં? ટોપલો ભરીને ધૂળ દઉં?'

બાળકો મોરનાં વરત-ઉખાણાં ય જોડે છે ને સામેના ભેરુને પૂછે છે 'અમને વઢવાણના મોર'ઉડાડી દ્યો જોઉં?'

ઉત્તર:

'એક કોઠામાં બત્રી કોઠા, તેમાં રમે નાનાંમોટાં;
નાનેમોટે નાખી ગોળી, ભાગી રેહરણાંની ટોળી;
હરણ ખાય હેરાફેરા, ભાંગ્યાં રે દલ્લીનાં દેરાં,
દલ્લીનો હતો હોકો, હોકાનાં બે કાચલાં,
સોનાનાં બે માછલાં, માછલે કરી લીંડી,
દરિયામાં પડી છીંડી,
છીંડીએ છીંડીએ ચાર ચોર,
ઊડયા રે વઢવાણના મોર.'

વળી વાતવાતમાં ય લોકો મોરની કહેવત કહે છે: 'મોર હોય તો પીંછાં ઘણાં' (અર્થ–પુરુષ હશે તો બીજી બૈરી તો મળી રહેશે.) કોઈ દુભાએલી સ્ત્રી કોઇને શાપરૂપ ગાળ દે છે. 'તારે મોભારે મોર બોલશે' (તારું ધનોતપનોત નીકળી જશે. ઘર ઉજ્જડ થશે ને ઘરના ખંડિયેરમાં મોર બોલશે.) હોશિયાર ચતુર માટે કહેવાય છે: 'મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે.' કે છેતરપીંડી કરી જનાર માટે 'ક્યો મોરલો કળા કરી ગયો?' એમ કહેવાય છે. લાંબી પાતળી ડોકવાળાં સ્ત્રી-પુરુષને 'મોરલા રોખી ડોકવાળાં' કહે છે, તો પાતળી પાણી જેવી છાશને 'મોરનાં આંસુ'ની ઉપમા આપે છે. નીચી અને સપ્રમાણ થનગનતી ચાલતી સ્ત્રીને 'ઢેલડી' જેવી ને મસ્ત રીતે ફરતા રૂપાળા જુવાનને 'મોરલા' જેવો કહે છે. ઘણી વાર કટાક્ષમાં પણ 'મોરલો' (ગાંડો) કહે છે.

આમ, રમત-ગીત ને ભરત-ચીતરની જેમ લોકવાર્તામાં પણ મોરનું સ્થાન છે જ. જોગીદાસ ખુમાણની વાર્તામાં સંધી મોરને મારે છે. મુંજાવર મુરાદશા તેથી સંધીઓને કદુવા દે છે. 'મોરલો ખાનારને ખુમાણોના ભાલા વીંધી નાંખશે' અને તે જ પ્રમાણે બને છે. જેસલ પોતાના પાપનો એકરાર તોરલ પાસે કરે છે તેમાં 'અગણિત મોરમાર્યા' તે પાપનો ઉલ્લેખ કરે છે તો 'હોથલ-પદમણી'ની વાર્તામાં મોરલો ટહૂકીને ઓઢાને ઘરનું સ્મરણ કરાવે છે. બાળવાર્તાઓમાં ય 'ઢેલ બેરાને પરણી', 'પીંછાંળો કાગડો' વગેરે વાર્તાઓ બાળકો રસપૂર્વક સાંભળે છે.

આમ મોરલો સૌરાષ્ટ્રના લોકજીવનમાં ઓતપ્રોત થઈ ગયો છે. ગરીબની ઝૂંપડીથી માંડી અમીરની મહેલાત સુધી મોર અનેક રૂપ-આકારે રમેભમે છે. આમ છતાં સૌરાષ્ટ્રમાં લોકો મોરને પાળતા નથી કારણ કે જીવતો મોર ઘેર રહે અને ઘર પર બેસીને ટહૂકે તો તે અપશુકન ગણાય છે; પણ ઘરને ટોડલે કે પાણિયારે ચીતરેલો મોર શુકનવંતો ગણાય છે! હાથ-પગ ભાંગે કે કોઈ જગ્યાએ રસી થાય ત્યારે લોકો તે હાથે પગે મોરનું પીંછું પહેરી રાખે છે. કારણકે તેથી ધનુર્વા થતો નથી એમ લોકો માને છે.

આમ મોરલો સૌરાષ્ટ્રમાં લોકોના જીવનમાં વણાઈ ગયો છે. વર્ષાઋતુની છડી પોકારે છે. 'મે...આવ, મે...આવ.' વિરહીઓને વિરહ તો સાલે છે, પણ ખેડૂતોના મનનો મોરલો તો તે વખતે કોળી ઊઠે છે. 'મે આવ તો લાપશી ખાઉં.'



લોકકળામાં મોરનાં આલેખનો: શ્રી પ્રદ્યુમ્ન તન્નાએ કરેલાં રેખાંકનોમાંથી

આત્મકથાનક · ૧૬

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક · **રવિશંકર રાવળ**

૬૭ રઝળતું બાળપણ

ભાવનગરમાં આવ્યા પછી દિવસો અને મહિનાઓ પસાર થતા ગયા તેમતેમ મને સમજાતું ગયું કે બહારનું પ્રવાસી જીવન એક આકસ્મિક સ્વપ્નું જ હતું. વતનમાં આવીને તો કુટુંબ હવે નાતજાત, વ્યવહાર-સંબંધો અને ડહેલાની વસતિમાં વ્યાપેલી ગરીબી, કકળાટ અને કજિયાના વાતાવરણમાં ખૂંપતું જતું હતું. ઉચ્ચ આદર્શો, સમાગમો અને સલુકાઈભર્યા વ્યવહારનું દર્શન પણ વિરલ બન્યું હતું. તેમાં ય બાળકો અને છોકરાઓની હાલત તો રખડતાં કૂતરાં જેવી જ લાગતી હતી. ઘરમાં જમવા-સૂવા સિવ ય તેમના માટે સ્થાન નહોતું. નિશાળની ધોંસરી દરેકના ઉપર ચડાવેલી હતી; છતાં એટલા પર જેમ-તેમ લેસનો પતાવી ચોકમાં ખેલાતી છુટદડી, ગામઠી ક્રિકેટ અથવા ભમરડાની રમતો તેમને માટે જરાતરા સ્ફૂર્તિદાયક જીવન બનતી. પણ તેમાં યે લડાઇઓ વઢવાડો થતી. માબાપ કે પાડોશીઓને બે લચાલ થયા કરતી. લોકોના ચાલવાના માર્ગમાં ક્રિકેટનું મેદાન મંડાય; ધોવાનું ધોકણું બૅટ બની જાય અને એકાદ ખૂણેથી પથરો લાવી સ્ટમ્પ ખડો કરી દેવાય. તેમાંથી કોઈ વાર આવતા જતા માણસો કે બૈરાંઓના બેડાં પર દડો બાઉન્ડરી મારે એટલે જોઇ લ્યો તમાશો! કોઈ જાણીતા વડીલ કે વઢકણી બૈરી મોરચે આવી જાય તો દરેક ખેલાડી ઊંદરડાની જેમ બૅટ કે દડો લઇ આઘોપાછો થઈને જે બારણું ઉઘાડું ભાળે તેમાં ઘુસી જાય. એકાદ પકડાઈ જાય તો કાન-ઉમેળ કે થપાટની પ્રસાદી પામતા લેંકડો તાણી બીજાઓનાં નામ બોલી જાય: 'હું એકલો ક્યાં હતો? ફલાણા ફલાણા અને તમારો કીકો પણ હતો.'

છોકરાઓમાં આથી 'સસ્સે કા તીન પાઉં' કરવાની કળા ખીલતી હતી. 'વાત જ કોણ જાણે છે' કહી બીજા છૂટી જાય અને પાછળથી નામ દેનારને 'ચાડિયો' કહી રમતમાંથી દૂર રાખવાની સજા ફટકારે. કોઈ બૈરીને દડો વાગે તો તે દડો લઇને ચાલી જાય; પાછળથી તેના જ વળનો છોકરો દડો લઈ આવે. બાળકોને રમતો માટે સગવડવાળી જગ્યા અને સમય તથા સાધનો આપવાં જોઇએ એવો વિચાર આજે પ્રચાર પામ્યો છે, પણ તે વખતે તો માબાપો, શિક્ષકો અને પાડોશીઓની ધમકીઓ વચ્ચે આ રમત-પ્રકારો ચાલતા એટલે સાથેસાથે ખાનગી ટોળીઓ, ગુંડાગીરી વગેરેનો ફાલ નીકળતો. દાવ આપવાનો વખત આવે ત્યારે ઉલાળિયો કરીને નાસી જવાનું સૂત્ર શહેરની ઘણી ટોળીઓના કૅપ્ટનોએ પણ સ્વીકાર્યું હતું. તેમાં મારામારીઓ પણ થતી.

આવા વિસંવાદો વચ્ચે હું ભમરડો ફેરવતાં શીખ્યો. ચીંથરાંમાંથી દડો બનાવી તેને સૂતળીથી ગંઠીને મજબૂત પથ્થર જેવો બનાવી શકતો. રમતોની બાબતમાં તભાભાઇનો નાદ જેવોતેવો ન હતો, અને મારો સાથ મળતો તેથી મારી સાથે સ્વભાવ પણ સંભાળી લેતા. ઘરમાં રહેવું ગમતું નહિ તેમાં ઘરની સંકડાશ પણ કારણભૂત હતી. રસોડામાં તમરિયાં અને છાણાં બળાતાં. આ તમરનાં ઝાડવાં દરિયાકિનારે ખારાં પાણીમાં આપમેળે ફાલતાં અને કાંઠાનાં લોકો તેની ભારીઓ કે ગાડાં ભરી શહેરના મહોલ્લામાં વેચવા લાવતાં, તે કોઈ એક જણ કે પા-



શેરીની ક્રિકેટ

ડોશીઓ મળી ભાવ ઠરાવી ખંડી લેતાં. તેના ખૂબ ધૂમાડો થતો. કોઈ મહેમાન-મુલાકાતી આવે ત્યારે તો અમને 'બહાર જાઓ, ઘડીક રમવા જાઓ' એવો ખાસ ઉદાર આદેશ મળતો.

આખું કુટુંબ ભાવનગરમાં ભેગું થયું એટલે દાદીમાની સ્વતંત્રતા પર કાપ પડયો હતો. ખૂણામાં જ તેમનો ખાટલો રહેતો. પૂજા વખતે રસોડાની ચોકડીમાં બેસતાં; અને વધુમાં તેમણે ફોઈબાના ભાણાને લાડ કરવા પોતાની પાસે હેળવ્યો હતો. મારાં બા સર્વ પ્રકારે તેને મારા નાના ભાઈની બરોબર સાચવતાં, પણ પૂર્વ સંસ્કારો કે પછી મા વિનાના બાળકને જગત સ્વાભાવિકરીતે જુદું લાગે તે પ્રમાણે સમજણો થતો ગયો તેમ 'પોતાને મા નથી, આ બધાંને માબાપ છે તેથી સુખમાં છે' એવા વિચારે તે કજિયાળો, આડો અને ઘણીવાર જાણીને જ રંજાડ કે બગાડ કરવાની વૃત્તિવાળો થતો ગયો. છતાં મારાં બા તો તેનું સર્વ કંઈ સહી લેતાં; પણ કાકી લાગ આવ્યે બરોબરની પ્રસાદી આપી દેતાં, તેથી તેને એ ઘર ઉપર ચીડ રહેતી. પિતાજી ઘેર હોય ત્યારે ઘરમાં જ તેમની ઑફિસ જામી રહેતી. ગામડાંના માસ્તરો, હલકારા અને ઘણીવાર શહેરના પોસ્ટ માસ્તર કે બીજા ઉચ્ચ કોટિના નાગરિકો ઘેર આવ્યા કરતા.

૬૮ ન્યાત

અમે ભાઇઓ અને બેન વગેરેનાં ભણતર બરોબર ચાલુ હતાં, પણ ભાવનગરમાં આવ્યા પછી જ્ઞાતિ અને વહેવારો તેમજ કારજ-વરાનાં જમણોમાં જવાનું થતું ત્યારે 'આપણી ન્યાત છે' એવો ખયાલ અમને મળવા લાગ્યો. ડેલામાં મરણો થતાં ત્યારે અમે 'ઓ...ઓ' પોકાર સાંભળતાં જ બહાર જઈ ઊભાં રહેતાં અને વાંસની ઠાઠડી (નનામી) પરનું વસ્ત્ર જોઇ સફેદ વસ્ત્રમાં મુડદું બાંધ્યું હોય તો કોઇ પુરુષનું ને લાલ ચૂંદડી હોય તો કોઈ સ્ત્રીનું મુડદું છે એમ ઓળખતાં થયાં. પોતાના જેવા શેરીમાં નજરે પડેલો જીવતો જાગતો માનવી મરી જાય છે અને આમ બંધાય છે તેનો ખયાલ મનમાં કમકમાટી અને ભય ઉપજાવતો. તે પછી મરેલાંઓ ભૂત થયાં હોય તેની વાતો ચાલતી. સ્મશાન અને મુડદાં બહુ અપશુકનિયાળ શબ્દો થઈ જતા. મુડદાં લઈ જવાની કાષ્ઠની ડોળીને ઠાઠડી ન કહેતાં કાળજીપૂર્વક 'નનામી'(નામન દેવા જેવી)કહેતાં.

મરી જનાર પાછળ જમણવારની નાતો થતી તેનો મરમ સમજાતો નહિ. વણિકોની પાછળ તેમના મોઢ ગોરોની નાત થતી તે તો અમે શેરીમાં જ જોઈ શકતા; પણ અમારી નાતવાળાં કોઈ મરી જતાં ત્યારે પુરુષો સ્મશાને આભડવા જતા, બૈરાંઓ પણ કાળાં લૂગડાં પહેરીને જતાં ને ઘેર આવી નાહી લેતાં, ને ત્યાર પછી મૃતકને દસ દિવસ થાય



સગાં કાણે આવતાં હોય, બૈરાં છાજિયાં લેતાં હોય ને મરણના લાડુ વળાતા હોય.

ત્યાં સુધી ફૂટવા રોવાં જતાં, અને પુરુષો સાંજના બેસણે જતા. એમાં છોકરાંને કોઇ સાથે લઈ જતું નહિ પણ બોલતાં કે અમે તમારે માટે જમવાનું નક્કી કરી આવ્યાં છીએ.

એ જમાનામાં વીજળીની ઘંટીઓ ન હતી. ઘરોઘર કુટુંબ પૂરતું દળવા ઘંટીઓ હતી અને તે ફરજ ઘરની જુવાન સ્ત્રીઓ પૂરી કરતી. આથી નાતના દરેક ઘરનાં બૈરાં દળવાના ઘઉં મરનારને ત્યાંથી શક્તિ પ્રમાણે લઈ આવે અને દળીને ઘરધણીને ત્યાં જમણનો લોટ સામટો પૂરો કરી આપે. મરણના દસમા દિવસ સુધી મરનારનાં કુટુંબીજનો પાઘડી કોરે મૂકી માથે ધોળું ફેંટિયું બાંધે, હજામત ન કરાવે, વધેલી દાઢીએ બજારો કે ઑફિસમાં પણ જાય-આવે. દસમાને દિવસે તેઓ મરનારને ઘેર જઈ, હાજર રહેલા કુટુંબના હજામ પાસે મૂછો અને કેટલાક માથું પણ સફાચટ બોડાવે. એ રીતે દસમે ઘરનું સૂતક ટળે. ત્યાં સુધી સૂતકીઓના ઘરમાં કોઈ પાણી કે ભોજન માટે જાય નહિ તેમ તેઓ બહારથી લે નહિ. દેવપૂજા કે મંદિરનાં દર્શન પણ કરે નહિ.

દસમાને દિવસે મરનારનો મુખ્ય વારસ પ્રથમ શ્રાદ્ધ કરે. મૃતકને પિંડ દેવા જેવી ક્રિયા પછી બ્રહ્મભોજન અને વ્યવહારનાં ઘરોનું ભોજન થાય, તેમાં મરનારથી મોટેરો ભાગ ન લે. ફક્ત બાળકો, જુવાનો જમે. પણ કોઈ પીઢ વૃદ્ધજનનું મૃત્યુ થયું હોય તો નાત પણ જમે. આ રીતે ઘરમાં સ્ત્રી-બાળકોનાં મોં પરથી શોકની છાયા છૂટતી હોય. આંગણાંમાં ઓ...ઓ કરતાં દૂરનાં સગાં કાણે (ખરખરે) આવતાં હોય અને બૈરાં મરનારને સંભારીસંભારી છાજિયાં લેતાં હોય. કોઈ બાળ વિધવા બની હોય ત્યારે આક્રંદનો પાર ન હોય. તે વેળા ફળીમાં ચૂલા ખોદી બ્રાહ્મણોએ તપેલાં ચડાવ્યાં હોય અને લાડુનો લોટ ખંડાતો હોય. એ સમયમાં કોઈ આ અનિષ્ટ રિવાજની સામે સૂર કાઢી શકતું નહિ. મરનાર પાછળ આ થવું જ જોઇએ, નહિ તો તેની અવગતિ થાય એવી દઢ માન્યતા લોકોનાં મનમાં ઘર કરી ગઈ હતી.

૬૯ જ્ઞાતિનું વર્ચસ્વ

પછી તો ૧૧મા દિવસનું, ૧૨મા દિવસનું—ને ઘર ઠીક હોય તો ૧૩મા કે ૧૪માનું—ભોજન પણ થતાં. બારમું તો દરેક નાતમાં ફરજિયાત હતું. કોઈ સમજુ, પીઢ કે વૃદ્ધ નાતમાં જાય નહિ, પણ તેને તેનાં વહુ છોકરાંને મોકલવાનું ફરજિયાત જેવું હતું. વળી અમારી નાતમાં તો ઘેર રહેલાં જનો માટે પીરસણું કે ભોજનથાળ મોકલવાનો રિવાજ હતો. જ્ઞાતિઓ આ રીતે પોતાના સમૂહને કાબૂમાં રાખતી. કોઇ જ્ઞાતિજનને કોઈ કારણસર સજા કરવા આ રિવાજ એક શસ્ત્ર બન્યો હતો. નોતરું કપાવાનો ભય કોઇને પણ ગભરાવતો. બારમાનાં નોતરાં દેવા જ્ઞાતિનો શુક્લ ઘેરઘેર જાય ત્યારે 'અમુક ઘરનું જ્ઞાતિના દરેક જણને સકુટુંબ-પરોણા નોતરું છે' એમ બારણે પોકારે. તેને પવાલું દાણા આપવા એવો જ્ઞાતિનો ધારો હતો.

જમવાનું આવે તે દિવસે અમને ફરમાયશ થાય કે બપોરની છૂટી પછીની રજા લેતા આવજો. વડીલો માસ્તર પર ચિઠ્ઠી પણ લખી આપતા ને શિક્ષકો પણ બ્રાહ્મણોની જ્ઞાતિઓને સગવડ આપવા એવી ચિઠ્ઠીઓ તુરત મંજૂર કરતા. તે સાંજનું લેસન અમારે કોઈ વિદ્યાર્થીને ઘેર જઈ તૈયાર કરી લેવાનું રહેતું. ઘેર આવીએ ત્યાં અમારી મુગટીઓ શોધી રાખી હોય તે પહેરવાની. બૈરાં પણ રેશમી કપડાં પહેરી લે અને વડીલો નોકરી પરથી સીધા નાતની જગ્યા પર આવવાના હોય તેમનાં પીતાંબર-મુગટા મોટા રૂમાલમાં બાંધી સાથે લઈ લે. બેઉ ઘરનાં મળી અમે ચાર-પાંચ છોકરાં કાકી-ભાભી વગેરેની સરદારીમાં બજાર કે મહોલ્લા વચ્ચે થઇ જમવાની જગ્યાએ પહોચી જઈએ. ત્યાં તે દિવસ પૂરતી શેરી વળાઈ હોય, સંડાસના રેલા નીકળે ત્યાં ધૂળ નંખાઈ હોય અથવા તેનાથી બચીને દૂર બેસવાનું હોય. અમે તો સારી જગ્યા જોઈ અમારી સંખ્યા પ્રમાણે જગ્યા રોકીને લોટા ગોઠવી દઈએ. ઘરનાં માણસો અમને એટલા તો વહેલા રવાના કરી દે કે ત્યાં પહોંચીએ ત્યારે ઘણીવાર લાડુ વળાતા હોય.

આમ હું જ્ઞાતિના લગભગ દરેક જમણમાં જતો. કોઈવાર પરીક્ષા જેવું રોકાણ હોય ત્યારે સાંજે પરભાર્યા પહોંચીએ એ વખતે ઘરનું એકાદ જણ અમારા માટે મુગટો લોટો લઈ રાહ જુએ અને અમે પાછલી પંગતમાં જમીએ. આવાં અગિયારમાં-બારમાંનાં ભોજનોએ



બેઉ ઘરનાં મળી અમે મહોલ્લા વચ્ચે થઈ જમવા જતા

આખા દેશમાં જ્ઞાતિઓની સંસ્થાઓને ખૂબ દૃઢ રાખી હતી; પણ એવાં જમણો કરવામાં કંઈકનાં ઘરો ગીરો મૂકાતાં, ઘરેણાં વેચાતાં, છોકરા કેળવણીનાં સાધન કે સહાય વિના અધૂરા અભ્યાસે કુટુંબની ગરીબીનો ભાર ખેંચતા મળી જાય તે નોકરીઓ કે ધંધામાં લાગી જતા. તેમની શક્તિ અને ભાવના સદાકાળ માટે વિલુપ્ત બની જતાં.


'જ્ઞાતિ સિવાય છોકરાં વરવાનાં નથી. જ્ઞાતિ વિના મુડદું રખડશે. જ્ઞાતિ વિના આપણને કોઇ સ્થાન આપશે નહિ' એવા જ્ઞાતિમોવડીઓના અંકુશોના કારણે તેમના માટે ઉપાય નહોતો. માટે જ જ્ઞાતિને ભોજનવરાથી તુષ્ટ રાખવાનો એકમાત્ર માર્ગ મોકળો હતો. આ રીતે અમારા કુટુંબમાં પણ જ્ઞાતિનું પ્રબળ વર્ચસ્વ અને પરાપૂર્વથી ચાલી આવતી પ્રણાલી સાચવવાનો દૃઢ આગ્રહ હતો.

અગિયારમા સૈકામાં મૂળરાજ સોલંકીએ રુદ્રમાળનો પાયો નાખ્યો ત્યારે મહાન રુદ્રયાગ કરવા તે કર્મના જાણનાર ૧૦૦૦ શુદ્ધ બ્રાહ્મણો તેણે કનોજ, કાશી, કુરુક્ષેત્ર વગેરે આંતરવેદીનાં સ્થળોમાંથી બોલાવી મંગાવ્યા અને એ બ્રાહ્મણોથી આ ભૂમિ સંસ્કાર પામે તે માટે તેમને પોતાના રાજ્યવિસ્તારમાં કાયમી જમીન-ગરાસ આપી વસાવ્યા. તેઓ જે જે સ્થાનમાં રહ્યા ત્યાં તેમની કુળદેવીની સ્થાપના કરી. આ સર્વે બ્રાહ્મણોનાં કુળશીલ સમાનધર્મી હોવાથી ને તે બધા ઉત્તરમાંથી આવેલા માટે ઔદીચ્ય (ઉત્તરના) સહસ્ર બ્રાહ્મણોના એક સમૂહ રૂપે જ્ઞાતિનું સ્વરૂપ પામ્યા અને ઇતર બ્રાહ્મણ મંડળોથી અલગ રહ્યા.

આ મંડળમાં અમારા પૂર્વજો વીરમગામ પાસે માંડલમાં સ્થાન પામ્યા એટલે માંડલિયા રાવળ ગણાયા. ત્યાંથી કોઇ ગરાસ મળતાં સાણંદ ગામે ગયા અને ત્યાં સંબંધો બંધાયા. તે પરંપરાએ મારા પિતાનાં ફોઇબા સાણંદમાં હતાં, અને અમે સાણંદ છોડી ગાંફ તથા ભાવનગર આવ્યા ત્યારે પણ સાણંદનો સંબંધ રાખવા મારા પિતાનાં બહેનને સાણંદમાં પરણાવ્યાં, જેનો ભાણેજ આ વખતે ભાવનગરમાં ઊછરી રહ્યો હતો. આમ ઉત્તરોત્તર સંબંધોનો દોર સાચવવા વઢવાણથી ઊતરી આવેલા બ્રાહ્મણ સમુદાયે અમારા કુટુમ્બમાં કન્યાઓ આપી હતી, પણ તેઓ ઉપરનાં પગથિયાંવાળા ઔદીચ્યોના સંબંધથી દૂર હતા. એક જ સમુદાયના બ્રાહ્મણો આસપાસ હોવા છતાં મારા પિતાશ્રીને મારાં બહેન માટે ખૂબ જ ચિંતા રહેતી. સાણંદમાં મારાં ફઈબા સુધી તો ગુજરાતનો સંબંધ પ્રત્યક્ષ હતો, પણ હવે શું કરવું?

૭૦ પરંપરાના તાંતણા

અમારું કુટુંબ ગુજરાતના સમુદાયથી વિખૂટું પડી ગયું હતું. બેત્રણ પેઢીથી અમારા કુટુંબને ઝાલાવાડ ઔદીચ્ય સમુદાયની કન્યાઓ મળ્યા જ કરી હતી. પિતાશ્રીએ જન્મભર નોકરી માટે ફર્યા કર્યું હતું, પણ પુત્રી માટે સંબંધ થાય એવાં ઘરોનો પરિચય નહોતો. એમણે દૃઢતા રાખી ધાર્યું હોત તો ગુજરાતથી ઊતરી આવેલાં ઘણાં કુટુંબોમાંથી યોગ્ય પાત્ર મળી શકત. પરંતુ તેમને પરંપરા માટે બહુ જ ગૌરવ અને આગ્રહ હતો. વળી ભાવનગરમાં તેઓનો જ્ઞાતિ વ્યવહાર ગુજરાતથી આવેલા એક નાના સમુદાય સાથે બંધાયો હતો. એમાંના ઘણા પાટીદાર કણબીઓ ધોળકા-બાવળાથી લાતીનો વેપાર લઈ આવેલા તેના યજમાનો હતા. તેમણે અમદાવાદ-ધોળકાના સંબંધો સાચવી રાખ્યા હતા, અને જૂની પરંપરાના કારણે તેઓ ગોહિલવાડના ઔદીચ્ય સમુદાયમાં ભળી શક્યા નહોતા. એ રીતે ભાવનગરમાં પેઢીઓ થયા છતાં પિતાની નજર ગુજરાત તરફ મંડાએલી રહેતી અને સંબંધ માટે યોગ્ય કુટુંબની ભાળમાં રહેવા આપ્તજનોને કહી રાખ્યું હતું. એ વખતે સંબંધ માટે મુખ્ય પાત્ર કરતાં એનો કુળાચાર અને જ્ઞાતિમાં સ્થાન વધારે લક્ષમાં લેવાતાં. પછી વરકન્યાના સ્વભાવ, ગુણ કે શક્તિનો કોઇ વિચાર જ કરતું નહિ.



મૂળરાજ સોલંકીએ એક હજાર શુદ્ધ બ્રાહ્મણો બોલાવ્યા

તેને લીધે જીવનમાં અનેક જાતના વિસંવાદો ઊભા જ રહેતા અને સહેવાનું કન્યાપક્ષને જ ફાળે આવતું.

૭૧ પરંપરાનો જોગ

એવામાં શિયાણીથી પિતાશ્રીના માશિયાઈ ભાઈ કાનજીભાઈ આચાર્યનો પત્ર આવ્યો કે તેમની કન્યા વીરમગામના શુક્લોમાં વાગ્દાન આપી હતી તે પાછી થતાં (ગુજરી જતાં) તેમણે વેવાઇને લખી નાખ્યું હતું કે 'બીજા કોઇનું વેશવાળનું શ્રીફળ સ્વીકારશો નહિ. મારા ભાઈ મહાશંકરની એક પુત્રી છે તેના માટે હું વચન આપું છું.' એ સાથે તેમણે જણાવ્યું કે 'વેળાસર ભાવનગરથી કુટુંબના એક મોવડીને લઈ વીરમગામ આવો. હું પણ સાથે આવીશ અને સંબંધ પાકો કરી લઈશું.' આ કાગળે બહેનના ભવિષ્યનો પાટો નાખી દીધો. પિતાશ્રી તો ડિસ્ટ્રિક્ટમાંથી ત્યાં પહોંચી શકે તેમ નહોતા એટલે કાકાને જવાનું ઠર્યું અને અમે વિસ્મિત હર્ષે તેમને વિદાય આપી.

સૌના મનમાં કુતૂહલ હતું કે આ નવા સંબંધીઓ કેવા હશે, વરપાત્ર કેવો હશે, ઘરમાં કેવું સુખ હશે વગેરે. પણ આખરે બહેન માટે ઉચ્ચ કુળમાં ઠેકાણું પડ્યું તેનો હર્ષ બાને તથા મોટાં માને ખૂબ હતો. મને પણ વિચારો આવતા.કે બહેન કોઈ પારકે ઘેર જશે, કોઈ અન્ય પાત્રનો તેના પર અધિકાર થશે, અમે ભાઇબહેન છીએ તેવા જ સદાકાળ એકબીજાનાં હેતનો આનંદ લઈ શકીશું નહિ વગેરે પણ એ વખતના જીવનમાં તેને હું ગંભીર સ્થાન આપી શક્યો નહોતો.

મોટાભાઈએ મોઢ રાત્રિશાળાનાં ઘણાં પુસ્તકો–મોટે ભાગે વાર્તાઓનાં જ—મારા પરિચયમાં આણ્યાં હતાં. તેમાં ભાગ્યે જ ખરાં જીવનચરિત્રો હતાં. પણ હું વાર્તાઓનાં મુખ્ય પાત્રોમાં દેખાતા વફા-

દારી, સ્વાર્પણ વગેરે ગુણોને પિછાનનો થયો હતો. અને સ્ત્રીપુરુષોમાં એવા ગુણો હોય એવી અપેક્ષા રાખતો હતો. કોઇ રાજકુમાર કે રાજકુમારીની વાત દિલ હલાવી જતી હતી અને તેમનાં હૃદયની સુકુમારતા, વિયોગ, સહનશીલતા, અનિષ્ટો સામે ટકવાની ટેક વગેરે મારા મન ઉપર આકાર લેતાં હતાં. સાથે સાથે મારી આસપાસ છેવટ ન સમજાય એવી ઘટનાઓનો પ્રત્યક્ષ સાક્ષી બનતો જતો હતો.

કાકા બેનનું વેવિશાળ કરી આવ્યા ત્યારે વેવાઈ પક્ષનાં ખૂબ વખાણ કર્યાં. બહુ ઊંચા ઘરવાળા છે, શરાફી ધંધો કરે છે, ખેતરોની આવકનાં ગાડાં ઠલવાય છે, ન્યાતમાં પટેલ છે. બેચાર મોવડીઓનાં નામ દીધાં પણ જમાઈરાજની વાત કરતાં બહુ જોર મારીને કહી શકતા નહોતા. બેન કરતાં ભણવામાં એક ચોપડી પાછળ છે, માબાપ નથી, એક વિધવા બેન ઘર સંભાળે છે, આધેડ ઓરમાન ભાઇ તાજેતરમાં વિધુર થયા છે અને નવું ઘર કરવાના છે, ઘરમાં ભેંશ રાખે છે, જમાઈ ઉપર સીધું ધ્યાન લાવનાર કોઈ નથી વગેરે. આ વિગતો સુકોમળ લાગણીવાળાં મારાં બા બેન અને મારા મનમાં ઉત્સાહ જગાવી શકયાં નહિ.

કાકાએ તો કહ્યું કે કાનજીભાઇએ પોતાની દીકરી આપી હતી ત્યાં ઠેકાણું પાડી આપ્યું તેથી આપણી ચિંતાનો ભાર ઉતાર્યો છે. તેમના જેવા મુત્સદ્દી અને અનુભવી કોઈક જ હશે. અને હજી તો વખત છે. જમાઈ ભણશે અને ઘરમાં ભંડાર ભર્યા છે એટલે છોકરી દુઃખી નહિ થાય. પણ બાને મોટી ખટક થઈ.

થોડા જ વખતમાં બેનને નિશાળ છોડાવી દીધી. સવારમાં બાભી સાથે ઊઠાડે અને સાથે દળવા બેસાડે. જો વહેલી જાગી શકે નહિ તો ચૂંટી ભરીને પણ જગાડે. સાસરીમાં શું વેઠવું પડશે અને શું નહિ તેની ચિંતામાં બાના ગભરાટનો પાર નહોતો. તેમને માત્ર 'મારી કૂખ દીપાવે, મારું કુળગૌરવ સાચવે' એવી જ લાગણી હતી. બેન ગભરાઈ ઊઠી હશે. હું કહેવા કે બોલવાનો અધિકારી બન્યો નહોતો. અમે બધાં બાળકો જ હતાં. બેનનાં રમવા-ફરવા પર અંકુશ મુકાયો એટલું જ નહિ, પણ અમે ચા પીતા હોઇએ તો મારા વાટકામાં વધુ દૂધ આપે અને બેનને કહે, 'તને પોસાશે નહિ.'

આ બધું એ સમયના આગળ વધી રહેલા કુટુંબમાં બની રહ્યું હતું અને હજી આગળ શું બનશે તેની મને કલ્પના નહોતી; છતાં હું પ્રભુપ્રાર્થના કર્યા જ કરતો કે મારી બેનને સહાય કરે.

૭૨ ઊના વાયરા

એવામાં મે માસની રજાઓ આવી ત્યારે ખબર મળ્યા કે વીરમગામથી બેનના પૂર્ણ રીતે પીઠ એવા જેઠ સાંકળેશ્વરનું વઢવાણમાં ત્રવાડી ભાઇશંકર ઉમિયાશંકરને ત્યાં બીજી વારનું લગ્ન થવાનું છે. તે લગ્ન ઉપર ભાવનગરથી મારે મોટાભાઇએ અને કાકાએ જવું, જેથી તે જાનમાં વેવાઈપક્ષના બધાં માણસો હશે તેમનો મેળાપ અને ઓળખાણ થશે એવી સૂચના પૂ૦ દાદા કાનજીભાઇના પત્રમાં હતી. એ સમયે પિતાશ્રી પણ એક દિવસ ત્યાં આવ્યા અને વઢવાણના એ સમયે સુપ્રસિદ્ધ ઉદ્યોગસાહસી દયાશંકરરાય જાનીને ત્યાં ઊતર્યા. ત્યાં આખી જાનને ચાપાણીનું નિમંત્રણ મળ્યું તેમાં મેં વીરમગામના પ્રમુખ સંબંધીઓને જોયા. નાનામોટાં બધાંએ કંઈ ને કંઈ ઘરેણું પહેર્યું હતું. છોકરાછોકરીઓને તો હાથેપગે સોનું જ દેખાતું હતું. મને એ બધા ખૂબ શ્રીમંતો લાગ્યા. મોટી ઉંમરે ખબર પડી કે આવે વખતે ઘરેણાં માગી લાવીને પણ પહેરવાનો રિવાજ હતો.

મેં સાંકળેશ્વર શુક્લના કાકા જેઠાભાઈ શુક્લને એક પ્રભાવી મોવડી તરીકે ઓળખ્યા. તેમના સુપુત્ર મગનભાઇ શુક્લ મારી જ વયના અને હાઇસ્કૂલમાં મારા જ કલાસમાં હતા તેનો મેળાપ થયો. સહજવારમાં અમે મિત્રો બની ગયા. તે વખતે તેની જ આંગળીએ એક કોમળ પ્રકૃતિનો કિશોર જોયો અને તેને મારા બનેવી તરીકે ઓળખતાં મેં મમત્વથી તેના તરફ જોયું, પણ એ પ્રસંગે કોઇ પ્રકારની જિજ્ઞાસા કે ઇંતેજારી જોઈ નહિ. ભવિષ્યની આશામાં મેં મન મનાવી લીધું. ઉચ્ચતર સંબંધો અને ભાવનાજગતના સાથી બને એવા માત્ર મગનલાલ એ સમયથી આજીવન સ્વજન અને મિત્ર તરીકે હયાત છે. બાકીના સર્વ પરવારી ગયા છે.

વઢવાણના બ્રાહ્મણો સાદાઈ અને સુદૃઢતા માટે જાણીતા થયા છે પણ પ્રસંગોપાત્ત જરૂરી આતિથ્ય, સેવા કે ઘસારો ખમવામાં પાછળ રહી જાય છે એવો અનુભવ વીરમગામની જાનવાળાને થયો હશે ને તેની કુથલી દયાશંકર જાનીને ત્યાં ચાલતી હતી. ધાર્યા કરતાં જાનવાળાની વધુ સંખ્યાથી વેવાઇને થોડી મૂંઝવણ થએલી તેનું એક કાર્ટૂન દયાશંકર જાનીએ મને કુલાવીને તે વખતે મારી પાસે ચીતરાવેલું મને યાદ છે; અને પછી બધાને બતાવ્યું તે જાણી પિતાશ્રીએ હસીને મને ઠપકો આપેલો, 'કોઈને કીધે કોઇનું આવું ફારસ કરાય?'

નિશાળો ઊઘડી ગઇ અને પરીક્ષા પાસે આવતી લાગી એટલે અમે તો પાછા અભ્યાસમાં ગુંથાઇ ગયા. પરીક્ષા આડે થોડા દિવસ રહ્યા એટલે માસ્તરે પાઠ પાકા કરવા વર્ગમાં ટુકડીઓ પાડી દીધી. તેમાં મારી ટુકડીમાં એક સિપાઇનો છોકરો હતો. તેણે પાઠ વાંચવાના ડોળ ખાતર ચોપડીઓ ઉઘાડી રખાવી સ્ત્રીપુરુષોના સંબંધની મેલી વાતો કરવા માંડી. તેમાં બીજા બધા ગુલતાન થઈ જતા પણ મને કોણ જાણે કેમ હરતાંફરતાં સ્ત્રીપુરુષો એવું કરી શકે તેની કલ્પના જ ગંદી લાગી. મેં પહેલી જ વાર છોકરાઓ આવી વાતો કરી શકે છે તે જાણ્યું. પણ પછી અમે છૂટા પડવાના જ એમ વિચારી સમાધાન મેળવ્યું.

ઘર આગળ જુદી જ હવા હતી ભાવનગરમાં આવ્યા પછી ઘરમાં જે નવાં માણસોની ભરતી થવા માંડેલી તે દાદીમાને બેચેન બનાવતી હતી. તેમને પોતાનું વર્ચસ્ ઓસરતું લાગતું હતું. છતાં ઘણીવાર એમનાં વચનોથી બાને મેં આંસુ પાડતાં જોયાં હતાં. છેવટે એક દિવસ તો બા અને બાપુએ મળી દાદીમાને ઘર સોંપી બહાર નીકળી જવા નિશ્ચય કર્યો. પિતાજીના એક દક્ષિણી મિત્ર શામરાવ અકોલેકર વારંવાર આવતા. તેમનાં પત્ની દ્વારિકાબાઈ પણ બાનાં સહિયર હતાં. તેમણે અંદરની વાત જાણી અને ખારના દરવાજા બહાર તેમનું જાગીરી ઘર 'દક્ષિણીનો ડહેલો' હતું ત્યાં જગ્યા કરી આપી. (ચાલુ)



બાને ઘણીવાર આંસું પાડતાં જોયાં હતાં

રંગ-ગઠરિયાં · ૨૮

પ્રેમની એક વ્યથાકથા અને હૉલૅન્ડમાં ભારતીય ખૂન

લેખક
ચન્દ્રવદન મહેતા



ડાબે હાથે કલમ પકડતા મહાકવિ કાલિદાસ ! (હૉલૅંડ ફેસ્ટીવલની પત્રિકામાંથી)

પ્રેમની એક વ્યથાકથા જોઈ. સાદી વાત, સાદી રજૂઆત. ટ્રિસ્ટન અને ઇસોલ્ડાની એ પ્રખ્યાત કથા. બુઢ્ઢા રાજા માર્કને ભરજોબનને ઝૂલે ઝૂલતી ઇસોલ્ડાએ પરણવાનું છે. ટ્રિસ્ટન અને ઈસોલ્ડાને કંઈક પીવડાવી દેવાનો પણ રાજાનો હુકમ છે. એ પીધા બાદ બન્નેનાં દિલમાં ઇશ્કની આગ એવી તો જ્વાળા માંડે છે, કે બંને એકબીજાંને મળતાં છતાં એ આગ કોઈ પણ રીતે શાંત થવી અશક્ય છે, સિવાય કે બંને મોતનું કફન ઓઢીને આરામ લે. નહિ, આપણે એ વાતને એ રીતે નહિ છેડીએ. એનો છેડો અત્યારે શરૂઆતમાં મારે કહેવો પણ નહોતો; ભૂલ થઈ. કોઈ ફ્રેન્ચ ગવૈયા–બજવૈયા બે રૂલ સાહેબે આ કથા ક્યાંકથી નિપજાવેલી; એની ઉપર ઈ. ૧૧૮૯માં વળી આઇલ હાર્ડ વાન ઓબર્ગે ફરી રંદો ફેરવી સાફ કરેલી; અને એ કહેવાતી લોકકથા ૭૦૦ વર્ષ બાદ યુરોપભરમાં સંગીત-નાટકો લખવામાં અજોડ અને અદ્વિતીય કીર્તિ સંપાદન કરનાર રીચર્ડ વાગ્નરના ભેજામાં ઘુમરાઈ. વાગ્નર નહોતો સંગીતકાર યા નહોતો નાટકકાર, પરંતુ બંનેનો સમન્વય સાધનાર કલાકાર હતો; એટલે એણે નાટકના કલેવરમાં સંગીત ભર્યું, અને સંગીત-પ્રધાન ઓપેરામાં નાટકનાં તત્ત્વો ભરી એને શણગાર્યું. થઇ રહ્યું. એથી આજે હજી બીજો વાગ્નર પાક્યો નથી. રીચર્ડ વાગ્નરે એ લખ્યું, ને વિલૅન્ડ વાગ્નર અહીં અત્યારે એને રજૂ કરી એમાં પ્રાણ પૂરી રહ્યો હતો.


દુષ્યંત–શકુન્તલાની નાની પુરાણકથાને કાલિદાસે કેવા અલૌકિક રંગો પૂરી ગ્હલાવી શણગારી રસિક રોમાંચક બનાવી દીધી છે! એમ જ વાગ્નરે આ કથાના ખાલી ખોખામાં સંગીતનાં, અભિનયનાં અવનવાં તત્ત્વો ઉમેરી ઉપસાવી તેને રંગભૂમિને લાયક બનાવી છે. મૂળ કથામાં કંઈક પીવડાવવાની વાત છે, એ એણે સિફતથી ઉપાડી એને નવા ઘાટમાં ઉતારી. ટ્રિસ્ટનને એણે માબાપ વિનાનો નિરાધાર બાળક બનાવી પેલા બુઢ્ઢા રાજાના દરબારગઢમાં ઊછરતો દેખાડ્યો છે. એ રાજા તે માર્ક. એને એનો કાકો પણ બનાવ્યો. આયર્લૅન્ડથી અહીંના રાજા પાસે ચોથ ઉઘરાવવા આવેલા મોરોલ્ડ સાથે ઈસોલ્ડાના વિવાહ પણ થઈ ગયા છે. પરંતુ તલવારબાજીની એક ઝપાઝપીમાં ટ્રિસ્ટને મોરોલ્ડને ભોંય ભેગો કરી નાખ્યો. જોકે એમ કરતાં એ ઘવાયો છે, અને એની સારવાર ઇસોલ્ડાને હસ્તક આવી છે. આ સેવાચાકરીમાં બંને વચ્ચે પ્રેમ જાગે છે. જાણે છે કે લગ્ન અશક્ય છે, છતાં બંને એકબીજાને ઝંખે છે. એવામાં આ ઇસોલ્ડા, આયર્લૅન્ડની કુંવરી, એને રાણીપદે બેસાડવા બુઢ્ઢા રાજાએ ટ્રિસ્ટનને જ પોતાને માટે એના લગ્નનું માગું કરવા મોકલ્યો છે.

ટ્રિસ્ટન અને ઇસોલ્ડા; એકબીજાના પ્રેમમાં; મનમાં સમજે છે કે આ પ્રણય પાકવાનો નથી, એનાં મીઠાં ફળ એમનાં નસીબમાં નથી. એટલે ઈસોલ્ડા ઝેર પીવાનો મનસૂબો કરે છે અને પોતાની એક વફાદાર સખી પાસે એ વિષ મંગાવી પી લે છે. ટ્રિસ્ટન પણ ઇસોલ્ડા વિહોણા જીવતરનો તે શો છે અર્થ, એમ માની એ પણ એ વિષપાનમાં ભાગીદાર બને છે, અને બંને મરણપથારીની રાહ જુએ છે. એટલામાં બંને પોતાના હૃદયમાં ફરી તરવરાટ, નવું જોમ, મુગ્ધ કરનારી અનેરી તાલાવેલી, જિંદગીની મહેકને બહેકાવી મૂકે એવી ખુશ્બોદાર તાજગી, અને પ્રેમની તન્મયતા અનુભવી રહે છે; કારણ પેલી વફાદાર સખી, એણે વિષને બદલે પ્રણયનો રમ્ય પ્રમાદ સતતનો વધતો જ રહે એવા પ્રકારનું ખાસ તૈયાર કરાવેલું રસાયણ આણી પીવડાવ્યું હતું. પણ રાજાને કાને આ વાત પહોંચતાં એ આવી પહોંચે છે. રાજાના એક ઉમરાવ દરબારી સાથે ફરી તલવારબાજી ખેલાતાં ટ્રિસ્ટન મરણતોલ થઇ ભૂમિ ઉપર પડે છે. એ પરિસ્થિતિની જાણ થતાં ઇસોલ્ડા પણ ત્યાં આવી પહોંચે છે. બંને પ્રેમની અછૂટ ગ્રન્થિમાં બંધાઈ એકીવખતે પ્રેમની ઉન્માદક વ્યથામાં પ્રાણત્યાગ કરે છે.

આ નાટકમાં વાગ્નરે પ્રેમની વ્યથાને વ્યક્ત કરતું ચિરંજીવ સંગીત સરજી દીધું છે. પુરુષ અને સ્ત્રી વચ્ચે પ્રેમસંબંધ તો હોય છે જ, કિમિયાગરે રસાયનનો એક ઘૂંટડો ગળાવી બંનેની ઊર્મિઓને અનેક ગણી વિકસાવી વિસ્તારી દીધી—ના સીમાબન્ધની પાર વહેવડાવી દીધી. આટલો જ મર્મ. એ મર્મને જ એણે સંગીત અને અભિનયમાં બહલાવ્યો, મુગ્ધ પ્રેમની ધૂંધવાઈ રહેલી આગનો ભભકભર્યો જ્વલંત ભડકો તાદશ કરી બતાવ્યો, ધરતીના પેટાળમાંથી જ્વાલામુખીનો અગનરસ વહેવડાવ્યો,—જે ઉપમા આપવી હોય તે આપો. ઉપરના મર્મમાંથી એણે ત્રણ અંક બહલાવ્યા છે. સાદી ગૂંથણી, સાદી વાત, બીજી કોઈ વચગાળે આવતી આડકથા વિના ઝીણીઝીણી સંવેદનાઓના તાણાવાણામાં વાગ્નરે દિલચસ્પ સૂરાવલિઓ ગૂંથી છે. લિરિક, એટલે કે ઉત્કટ લાગણીથી ભરચક રંગીલી રંગભૂમિ ઉપર આ પ્રેમકિસ્સાને સંગીતમાં લસોટી, વાગ્નરે એક એપિક યા ક્લાસિકલ યા મહાન કૃતિ સરજી.

પ્રેમ, વ્યથા, ક્રોધ, નિરાશા, વિરહ, એવાએવા વિવિધ ભાવોને વ્યક્ત કરવા લોકગીતની હલકોની ગૂંથણીથી માંડી, ઉપયોગમાં લેવાય એવા નાના પ્રકારનાં વાદ્યોમાંથી સંવેદનાત્મક સૂરાવલીઓ ઉપસાવી, મધમધુરી શબ્દરચના યોજી વાગ્નરે સંગીત અને નાટકની સૃષ્ટિમાં ડંકો વગાડી દીધો છે. રેકૉર્ડમાં એ સંગીત સાંભળવાનું મળે. અભિનય જોવા ન મળે તો પણ ટ્રિસ્ટન અને ઇસોલ્ડાનો પાઠ કરનારાઓના કંઠનો પરચો અને સાથમાં સાજની લિજ્જત તો માણવા મળે. આ કૃતિમાં મૂળ વાત જાણતા હોઇએ તો ભાષાનું અજ્ઞાન જરા પણ બાધક નીવડતું નથી. આપણે ત્યાં ઘણા ગવૈયાઓ પોતે કઇ 'ચીજ' ગાય છે એની આપણને એના આલાપ અને તાનપલટામાં જાણ પણ થવા દેતા નથી. છતાં રાગની મોહિની માદક નથી નીવડતી? અહીં તો કિસ્સો જાણો, ભાવ જાણો, પછી સૂરાવલીઓ સમજવી અઘરી ન પડે.

વાઅર, શેક્સ્પીઅર, પિરૅન્ડેલો એમ દેશદેશના નાટક-લેખકોની કૃતિઓ ત્યાં રજૂ થાય તો ભારતની કોઈ કૃતિ એમણે નહિ વિચારી હોય? એમણે તો વિચારીસ્તી તો, કાલિદાસની; પણ સાથે આપણે ભારતવાસીઓએ પણ કેવી રીતે વિચારી હતી, એ પણ જોઇએ—અને એ જરા વિગતવાર. બને એટલો મગજ ઉપર સંયમ રાખી, કલમ ઉપર લગામ બરાબર સખત બાંધીને જોઇએ. પરંતુ એ પહેલાં એક બાબત નો ખુલાસો પણ સાથેસાથે કરી લઈએ. આ માસ દરમિયાન ઉસ્તાદ અલી અકબરખાનનો પણ એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ફસ્ત દ તાનસેનના ખાનદાનના રામપુરના પ્રખ્યાત સંગીતજ્ઞ મહમદ વઝીર-ખાન પાસે શીખી સંગીતમાં નામ કાઢનાર ઉસ્તાદ અલાઉદ્દીનખાન-ના એ પુત્ર, સરોદ વગાડવામાં પારંગત, હજી તો ચાળીસની વય પૂરી નથી કરી તે પહેલાં સરોદ વગાડવાની કળામાં ગજબનાં કીર્તિ અને કૌશલ્ય સંપાદન કરી, ભલભલી મેદનીનાં હૈયાં ડોલાવી રહ્યા છે. ભારત-માં ઘણાંએ મારી માફક એમને વગાડતાં સાંભળ્યા હશે. છતાં આ-મ્સ્ટર્ડામમાં એમનો કાર્યક્રમ ગોઠવાએલો જાણી હું સાંભળવા જાઉં એ સ્વાભાવિક છે. નાનકડો સ્વચ્છ સુન્દર ખંડ; યુરોપીય સંગીતના જા-ણવાવાળા ખાંઓ; સૌ કોઈ અલી અકબરખાનસાહેબની આંગળીની રમઝટમાંથી ઉત્પન્ન થતી સૂરાવલીઓથી મુગ્ધ થઈ રહ્યા હતા. બહાર, દરબારી, જયજયવંતી અને આખરે માલકોષ જેવા ધીરગંભીર રાગના સૂરથી ખંડ આહલાદક બની ગયો. વચ્ચે વિરામ આવ્યો, ત્યારે મને જે ખૂંચતું હતું તે ત્યાં એ સમયે હાજર હતા એ દિલ્હીના છાપાના કલાવિવેચક શ્રી ચાર્લ્સ ફાબ્રીને પણ ખૂંચતું લાગ્યું. અમને બને ઘણા વખતથી ઓળખાણ, એટલે એમણે જ મને કહ્યું કે આ આવા નાના સરખા ખંડમાં આવડા મોટા લાઉડસ્પીકર વાળું માઇક્રોફોન કેમ? અમારી જેમ ત્યાંના બીજા ગહેમાનોને પણ આ ઘટના ગમતી નહોતી, કારણ એમના કાન ઝીણામાં ઝીણી શ્રુતિ સાંભળવા ઈચ્છતા હતા. ખાન-સાહેબ તો સૌજન્યની મૂર્તિ. અમે એમને પણ જઈ કહ્યું. પણ એમની રજૂઆત કરનારા, લંડનથી આવેલા હિન્દી ભાઈ વળી અમારી વાત કે એમની કે કોઈની વાત માને ખરા? વિરામ પછીનો કાર્યક્રમ જો એ હિન્દમાં પેધા પડેલા માઇક્રોફોબીઆના રોગ વિના રાખ્યો હોત, તો શ્રોતાઓને ઓર લિજ્જત આવત. આ રૂમમાં આગેની ભીંત બહુ-બહુ તો પચાસ ફીટ દૂર હશે. ફાબ્રી સાહેબ તો એ વળી પગલાં ભ-રીને માપી પણ લાવ્યા હતા. અને ખંડની બાંધણી એટલી સુસજ્જ કિલ્લેબંધીવાળી કે બહારની મોટરોનાં ભૂંગળાં તો શું, પણ જો જીન રાક્ષસો પડઘમો લાવીને બહાર વગાડે, તો યે અંદર કશું અડ-ચણ કરનારું સંભળાવાનું નહોતું. પરંતુ હાય રે, આ માઇક્રોફોન! ખાસ આગ્રહ કરીને મંગાવનારા આપણે હિન્દીજન! અરે ત્યાંની વ્યવસ્થા કરનારાઓને માથે રજૂઆતનું કામ રાખ્યું હોત, તો યે ઉસ્તાદ અલી અકબરખાં સાહેબને જે જશ મળ્યો એ કરતાં અનેક-ગણો જશ મળત જ. ખાસ બાંધેલા કૉન્સર્ટ હૉલમાં હજાર માણસો બેસી સિમ્ફોની સાંભળી શકે છે; એમાં બધા જ હમેશાં સાથે વગાડે છે એમ પણ નથી; એકાદ વાયોલિનના નિષ્ણાત એકલા જ વાયો-લિન વગાડે છે. જો એ આથી વીસ ગણા મોટા હૉલમાં સાંભળી શકાય, તો આવા નાના કાર્યક્રમો માટે જ ઍકૉસ્ટિકની દૃષ્ટિએ



સ્નાનરત શકુન્તલાને નિહાળતો દુષ્યંત. હૉલૅન્ડ ફેસ્ટીવલમાં ભજવાએલા 'શકુન્તલા' નાટક માટે વહેંચાએલી પત્રિકામાંનું એક ચિત્ર.

કાળજીપૂર્વક બાંધેલા ખંડમાં એક સરોદવાદન ન સાંભળી શકાય એ કેમ મનાય? પણ મૂળ વાત એક તો એ છે કે આપણી પાસે અનેક પ્રકારની આવડત ને કલાકિસબ છે, એની રજૂઆત કરનારા નિષ્ણાતો નથી; બલ્કે અણઘડ અલેલટપ્પુઓ રજૂઆત કરવાના કસબનો કક્કો જાણ્યા વિના એ ધંધો લઈ બેસે છે. અને બીજી વાત તે આપણી રગેરગમાં પચી ગએલા ઘોંઘાટિયા માઇક્રોફોને આપણા કાનના પરદા એવા તો બરછટ અને જાડા આંટણવાળા બનાવી દીધા છે કે એમને ઝીણી શ્રુતિ શું તેની સમજ જ રહી નથી; અને જો રહી હોય તો તે સાંભળવા સમજવા પૂરતી (વાતોમાંથી પરવારી, શાંતિ રાખવાની) ધીરજ પણ રહી નથી.


આ સંબંધમાં બેત્રણ ઠેકાણે ભાષણમાં મેં જોરશોરથી આ પ્રસંગ પરત્વે ઈશારા વિવેચનો કર્યા છે. બોલ્યું ભાષણ અને લખ્યો લેખ, એ બેમાં આસમાન પાતાળનો ફરક છે. બોલ્યું ભાષણ સીધુંપાધરું ઉતારવાનું પણ હજી આપણે ત્યાં જોઇએ એટલું શકય બન્યું નથી. એવી દશામાં ઉપલી વસ્તુની કયાંક કોઈકે નોંધ કરી. તે ઉપરથી મારી જાણ વિના તે છપાતાં ઉસ્તાદ અલી અકબરખાંના ખાનદાન માટે, તેમજ માઇક્રોફોનના દુરુપયોગ માટે ગેરસમજ ઊભી થઈ છે. આ મારા પોતીકા લખાણ દ્વારા દૂર કરવાની તક લઉં છું, ને એ સંબંધે ધ્યાન ખેંચનારાઓમાંના સૌથી પહેલા શ્રી મુરારિ યશોધર મહેતાનો આભારી છું; અને કોઈની ભૂલથી કોઇને દુ:ખ થયું હોય તો હું એ માટે માફી માગું છું.

અને હવે એક બીજા અતિગણા મોટા છબરડાનો હિસાબ લઇએ. એને બદનામી કહીશું? ના ખૂન! એ ભયંકર પાપ માટે કોને સજા કરવી



સિસ લાસ્યૂર અને બર્ટ વોએટન: કાલિદાસની લીટીએ લીટીનો મર્મ ડચ ભાષામાં ઉતારવાની બંનેએ ખરી જહેમત લીધી હતી.

ઘટે તે વિચારશો. કવિ કાલિદાસ વિક્રમની પહેલી સદીમાં જન્મ્યા કે વિક્રમની ચોથી સદીમાં થયા, એ માટે મતભેદ હશે, પણ એ ઈસ્લામનો ધર્મ પ્રવર્ત્યો તે પહેલાં જનમ્યા હતા એ માટે તો મતભેદને સ્થાન નથી જ. બચુભાઈ રાવત હૉલૅન્ડ ફેસ્ટીવલમાં ભજવાએલા શકુન્તલા નાટક માટે વહેંચવામાં આવેલા છાપેલા કાર્યક્રમમાંથી જો કાલિદાસનું દોરાએલું રેખાચિત્ર આ સાથે છાપે તો આપ જોશો કે એ કવિ પોતાને ડાબે હાથે કલમ પકડતા હતા એવું લાગે છે! વળી માથે ન ફેંટો, ન પાઘ; કોઈ અલ્લાહનો ઓલિયો દરવેશ ટુકડો બાંધે એવો ભાસ



કણ્વ ઋષિના આશ્રમમાં ક્રોધિત દુર્વાસા અને પ્રેમમગ્ન દુષ્યંત-શકુન્તલાનું હૉલૅન્ડમાં છપાએલું ચિત્ર

આવે છે. એ જ ચોપાનિયામાં આગળ ચાલતાં શકુન્તલા અને એની ત્રણ સખીઓ પાણીના હોજમાં જળસ્નાન કરી રહી છે, એ જોવા મળે છે. એમાંની બે પાણીમાં છે, અને એક નાગી પાળ ઉપર બેઠી છે, ફક્ત માથે એક કપડું ઢાંકયું છે. બાજુમાં સુરાહી અને થૂકદાન છે. નહાવાના હોજ આગળ વળી બીજું શું હોય? વળી આગળ ચાલતાં દુર્વાસાના ઠરડાયલા પગ જોઈને, અને આજુબાજુની પાકી બાંધેલી ઇમારત તથા એમાંના મિનારા જોઈને આશ્રમ(?)નો અચ્છો ખયાલ આવે છે! ઉધર ભી એક સુરાહી તો હૈ હી સહી! વહાં નઝદીકમેં બાદશાહ દુષ્યંત ઔર ફકીર કી લડકી શકુન્તલા સુરવાલ પહેન કર ઈશ્ક કર રહે હૈં. વહાં એક ફૂલદાન ભી હૈ.

એવાંએવાં ચિત્રો જોતાં આપણા મનમાં સહેજ પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે, કે રાજા દુષ્યંતની પહેલાં બાદશાહ જહાંગીર થઈ ગયા હશે? એ કાર્યક્રમના થોડા ફોટો પણ અમે સાથે લાવ્યા છીએ. એમાં સૂત્રધાર જુઓ તો ઇજિપ્તનો કોઈ સુલેમાન પાશા લાગે; અને નટી તે પીરામિડમાંથી આવેલી બીબી આયેશા જ લાગે. આ પ્રમાણે થવાનું કારણ પણ જાણવા જેવું છે. એ ન જાણીએ તો આપણે નાહકના ડચ કલાકારો ઉપર ગુસ્સો ઠાલવી બેસીએ.

ઈ. ૧૭૮૯ની સાલમાં વિલિયમ જોન્સે શાકુન્તલનો સંસ્કૃતમાંથી અંગ્રેજીમાં તરજૂમો કર્યો. પરંતુ હૉલૅન્ડના કવિ બર્ટ વોએટને તાજેતરમાં ફરીથી શાકુન્તલનો સમશ્લોકી અનુવાદ કર્યો. આખા નાટકની રજૂઆત કરવાનું કામ સિસ લાસ્યૂરે લીધું અને કવિની લીટીએ લીટીનો મર્મ ડચ ભાષામાં ઉતાર્યો. ઝીણામાં ઝીણી વિગતોના વિચારનારાઓએ વેશભૂષામાં કેમ છક્કડ ખાધી હશે એની તપાસ કરતાં માલૂમ પડ્યું કે એમણે છક્કડ નથી ખાધી; આપણા ભારતવાસીઓએ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કર્યું છે, અને એમ કરી એમને છક્કડ ખવડાવી છે. એ લોકો જ્યાં ગૂંચવાયા, ત્યાં એમણે ભારતના એલચી દફતરમાંના સંસ્કારખાતાને પૂછ્યું. હૉલૅન્ડમાં કામ કરનારા સંસ્કારખાતાને ન અજંટા કે ન ઈલોરા, ન મંદિર કે ન શિલ્પનું કશુંકે ભાન; ન ભારતના સાંસ્કૃતિક ઇતિહાસનું જ્ઞાન; એટલે એમણે ત્યાંથી ભારતમાંના 'નિષ્ણાતો'ને પૂછ્યું: ભારતમાંથી શાકુન્તલ માટે કેવો પહેરવેશ યોજવો? એનાં રેખાચિત્રો ખાસ દોરાઇને ત્યાં પહોંચાડવામાં આવ્યાં. એમાં દુષ્યંત તે જહાંગીર, શકુન્તલા તે નૂરજહાન! યા બંને ઓમર ખય્યામનાં પાત્રો જેવાં! અને એ સ્કેચો ભારતની હૉલૅન્ડની એમ્બૅસીએ હૉલૅન્ડ ફેસ્ટીવલના કર્તાકારવતાઓને સુપત કર્યા. એ કાર્યક્રમમાં છપાયા. એ છપાએલા કાર્યક્રમને પહેલે પાને 'સત્યમેવ જયતે'ની ત્રણ સિંહાળી મુદ્રા, 'એમ્બૅસી ઑફ ઇન્ડિયા'ની છાપ, અને એમ્બૅસૅડર સાહેબનો સાડાત્રણ ફકરાનો પ્રવેશક. ઉપરાંત, છલ્લે પાને કવિ બર્ટ વોએટનની અને નાટક ભજવનાર સિસ લાસ્યૂરની આભારનોંધ. એમાં લાસ્યૂરસાહેબ તરફથી દિલ્હીની સંગીત નાટક અકાદમી અને ન્યૂદિલ્હીના હિન્દુસ્તાની થીએટરનો, અને સાથેસાથે ભારતના હિઝ એકસેલન્સી જૉન થિવી એમ્બૅસડર સાહેબનો અને એમના પર્સનલ ઍટેચી શ્રીમાન નિર્મલસિંગનો આ નાકટ ભજવવામાં ઘટતી મદદ કરવા માટે આભાર માનવામાં આવ્યો છે. એટલે દુષ્યંતને જહાંગીર અને શકુન્તલાને નૂરજહાં બનાવવાની સલાહ આપનારી સંગીત નાટક અકાદમી ને હિન્દુસ્તાની થીએટર. એ બે સંસ્થાની મઝા તો એ છે, કે આ બે સંસ્થાઓમાં તેમજ હૉલૅન્ડની આખી ભારતની રિયાસતમાં એક પણ એવી વ્યક્તિ ન નીકળી કે જેનું આ પ્રકારના અનૈતિહાસિક, અસંસ્કારી, અઘટિત, અજુગતા વેષપરિધાન પરત્વે ધ્યાન દોરાયું હોય!

સાચી વાત છે; આપણે આપણા કર્મચારીઓને નહિ ઉતારી પાડવા જોઇએ! ઈ. ૧૯૨૪માં કલૅરેન્સ ડેરવેન્ટ ઑક્સફર્ડમાં દુષ્યંત બન્યો ત્યારે એનો પહેરવેશ વધારે ઘટિત હતો, કેમકે ત્યારે બ્રિટિશની સત્તા હતી. ભારત જ્યારે સ્વતંત્ર છે ત્યારે સરકારી સંસ્કારખાતું આવું વેતરે તો આપણે એને ફઘાડા ન પાડવા જોઈએ! પરદેશીઓના હાથમાં આવાં છબાં જતાં એમાંના જાણકાર આપણને હસે તો તે મુનાસિબ, પણ આપણે આપણા લોકની ત્રૂટીઓ જાહેર ન કરવી જોઈએ! હૉલૅન્ડનો દોષ એટલો કે એ આપણા સરકારી ખાતામાં પૂછવા ગયા. ભારતમાં અસંખ્ય એવી વ્યક્તિઓ હતી, અરે પડોશમાં પારી(સ)માં હતી, લંડનમાં હતી, લાયબ્રેરીઓમાં ઢગલાબંધ ચોપડીઓ હતી, આપણે જેને મળીને આવ્યા, એ લંડનમાં વિક્ટોરિયા આલ્બર્ટ મ્યૂઝિયમમાં વેશભૂષા વિષે જાણકાર અને ગ્રન્થલેખક સંશોધક ડૉ. જેમ્સ લેવોરની મૂર્તિ જીવતી જાગતી બેઠી હતી, એ પણ શાકુન્તલ માટે ઘટિત વસ્ત્રપરિધાનની સમજણ આપત.

શું થાય? કંઈ ન થાય. બહુ જાળવીને, સંયમથી આટલું લખ્યું છે. બાકી આવું જોતાં તો ત્યાં હૈયે જે હોળી સળગી છે—કેવી તે તો મારું મન જ જાણે છે. સંસ્કાર-સંસ્કૃતિનાફ ડાકા મારનારા આપણે, એની પાછળ લાખો નહિ પણ કરોડોના ધુમાડા કરનારા આપણે આવા પ્રકારની આપણી પોતાની હાંસી કડાવીએ ત્યારે ત્યાં જે ચીડ ચડે, હૈયું બળે, એ દુઃખવલોણાની વેદના કેવી હશે એનો ખયાલ કરો. આજે લાંબે ગાળે પણ એ વિષે લખતાં, અને લખીને વાંચતાં પણ ઝળઝળિયાં આવી જાય છે. અરેરે, ઈશ્વરે શા સારુ દેશદાઝની ભાવનાનાં મૂળ અમારામાં નાખ્યાં હશે? જેમણે કર્યું કરાવ્યું એમને તો કંઈ નથી, અને અમારે કકળાટ કરી આંખો નિતારવાની? (ચાલુ)

અનુસંધાન] **અતિથિ** [પૃષ્ઠ ૧૩૫થી

બન્ને ઘોડેસવારો પડખે પડખે ચાલ્યા જતા હતા. ભેખડોની પાર તેઓ ઠીકઠીક દૂર નીકળી ગયા હતા. સૂરજ પશ્ચિમમાં ઢળી રહ્યો હતો.

'મારી જમીનની હદ અહીં સુધી જ છે.' વૃદ્ધે ગૅલિકોનું ધ્યાન ખેંચતાં કહ્યું.

'આ શું કરો છો?' ભયના આઘાતથી ગૅલિકોએ ચીસ નાખી. તેણે જોયું કે વૃદ્ધે પોતાની રિવૉલ્વર વડે તેની છાતી ઉપર લક્ષ્ય તાકયું હતું! એ ધ્રૂજી ઊઠયો. આ તો સાવ અણધાર્યું હતું.

'જે ખૂની વીસ વર્ષ સુધી પોતાના યજમાનને ત્યાં રહ્યો હતો એ એક દિવસ બગીચામાં ગયો અને એ જ ક્ષણે યજમાને એને ગોળીનું નિશાન બનાવ્યો. ઘરની બહાર નીકળ્યા પછી તે એનો મહેમાન નહોતો રહ્યો. આપ પણ હવે મારા મહેમાન નથી. મરતાં પહેલાં આપને પ્રાર્થના કરવી છે?'

ગૅલિકોએ મસ્તક હલાવ્યું.

'મારા પાંચે પુત્રોના શરીરમાંથી આપની રાઈફલની ગોળીઓ મને મળી છે. મારા પાંચે પુત્રોને આપે જ મારી નાખ્યા છે. દરેક પુત્રના વેરનો બદલો વાળવા હું પાંચ ગોળી આપને મારીશ.'

વૃદ્ધે પાંચ ધડાકા કર્યા. ગૅલિકો ઘોડા ઉપરથી ઢળી પડ્યો. ઘૃણાપૂર્વક વૃદ્ધે ગૅલિકોના શબને લાતથી હડસેલી દીધું અને શબ પથ્થરો પરથી નીચે ગબડી પડ્યું. ખાલી ઘોડો લઇને તે પાછો ફર્યો.

ઘર આખાની સ્ત્રીઓ માથાં પટકીપટકીને રડી રહી હતી. એ કરુણ રુદનથી આખો પ્રદેશ જાણે હીબકી રહ્યો હતો. વૃદ્ધ ઘરમાં દાખલ થયો અને નીચે પડેલાં શબોને છાતીએ વળગાડીને હૈયાફાટ રુદન કરવા લાગ્યો.

સાહિત્યસંપર્ક


ગુજરાતના સાહિત્યાચાર્ય પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

લે. રમણલાલ મા. ભટ્ટ

ભારતસરકારની સાહિત્ય અકાદમીએ ૧૯૫૯થી '૬૧ના ત્રણ વર્ષના ગાળામાં પ્રકટ થએલા ભારતીય ભાષાઓના ગ્રંથોમાં સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ સર્વોત્તમ એવા આઠ ગ્રંથોને ૧૯૬૨નાં પારિતોષિકો અર્પણ કરવાનો વિધિ તા. ૩૧મી માર્ચે વડાપ્રધાન શ્રી નેહરુને હસ્તે થયો. રૂ. પાંચ પાંચ હજારનાં એ પારિતોષિકો મેળવનાર આ ગ્રંથોમાં ગુજરાતમાંથી પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના 'ઉપાયન' ગ્રંથનો સમાવેશ થાય છે.

જીવનસૌરભ

ગુજરાતના આ સમર્થ સાહિત્યગુરુ, અગ્રણી વિવેચક, સૂક્ષ્મ સ્વતંત્ર ચિંતક, પીઢ કેળવણીકાર ને સૌજન્યમૂર્તિ મનીષીનો જન્મ ખેડા જિલ્લામાં આવેલા ઉમરેઠમા ૧૮૯૯ની ૪થી જુલાઇએ થયો હતો. પિતામહ, માતામહ તથા માતપિતાનો વિદ્યાપ્રેમ ને સાહિત્યપ્રેમ વારસામાં મેળવવા શ્રી ત્રિવેદી ભાગ્યશાળી બન્યા હતા. માધ્યમિક કેળવણી ગુજરાતનાં જુદાંજુદાં સ્થળોએ લઈને ૧૯૧૬માં તેઓ અમદાવાદની ગુજરાત કૉલેજમાં દાખલ થયા અને ત્યાં એક અગ્રણી ને તેજસ્વી વિદ્યાર્થી તરીકે એમણે આચાર્ય આનંદશંકરધ્રુવજેવાનાં પ્રેમ ને આદર સંપાદન કર્યાં. આચાર્ય શ્રી ધ્રુવને પ્રમુખપદે એમણે પોતાની સમર્થ વિવેચનશક્તિનો પ્રથમ પરિચય ગુજરાતી ગ્રંથમણિ 'સરસ્વતીચંદ્ર' ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાન આપીને કરાવ્યો. કૉલેજના અધ્યયનકાળ દરમિયાન જ એમણે સાહિત્યોપાસનાઆદરી



શબ્દકથા : 'આસનાવાસના' · 'મૂછફૂછ'

માણસના મનનું એક પ્રબળ વલણ છે વિસંવાદમાંથી સંવાદ સર્જવાનું. કલા એ જ કરે છે, વિજ્ઞાન એ જ કરે છે, ને તત્ત્વજ્ઞાન પણ એ જ કરે છે. તો ભાષા એ વલણથી કેમ અસ્પૃષ્ટ રહે?

ભાષાનું શરીર ધ્વનિઓનું બનેલું છે; અને ધ્વનિઓ વચ્ચે સંવાદની યોજના તે પ્રાસ, અનુપ્રાસ ને યમક.

'આશ્વાસન'ની જેમ 'આશ્વાસના' શબ્દ પણ છે. લોકમુખે તે બન્યું 'આસવાસના'. પણ આમ અધૂરો સંવાદ તો ખૂંચે. એટલે બાકીનું 'આસનાવાસના' કરીને પૂરું કર્યું.

વસ્તુને 'રોળી' નંખાય કે 'ટાળી' નંખાય એવું કશુંક થાય ત્યારે 'રોળીટાળી' કહેવા કરતાં 'રોળીટોળી'નો સુમેળ વધુ રોચક નહિ? તેવું જ 'ઓળખીતું' ને 'પારખીતું' (=પરખાએલું) ને બદલે થયું 'ઓળખીતુંપાળખીતું'. અને 'ગપ' (=મૂંગું; મરાઠી 'ગપ બસા') ને 'ચૂપ'ની બેલડી 'ગપચૂપ' ને બદલે નિર્માણ થઈ 'ગૂપચૂપ'માં.

પ્રેમાનંદના તાદશ સુદામાં-ચિત્રમા સુદામાને ભાલે તિલક, કંઠે માળા, મુખે રામ ને 'મૂછ-ફૂછનું જાળ વાધ્યું' એવી વિગતો છે. સંસ્કૃત 'કૂર્ચ', પ્રાકૃત 'કુચ્ચ' એટલે 'દાઢી'; 'દાઢીમૂછ' માટે 'મૂછકૂચ' કહેવા કરતાં 'મૂછફૂછ' કહીએ તો કાનને વધુ ગોઠે.

આમ શબ્દજોડીઓમાં પ્રાસ-અનુપ્રાસના સંવાદ મનમાની કાયાપલટ કરાવે છે.

'મૂછ'નું મૂળ અસ્પષ્ટ છે, પણ જે જમાનાના વીરો મૂછે લીંબુ લટકાવતા તે જમાનાનો આ મૂછ બિરદાવતો દુહો એક વાર વાંચે તેને મૂછનો આંકડો સહેજે નહીં ભૂલવા દે:

ધડ ધરતી પગ પાગડે, અરીયાં તણો ગરડ,
હજી ન છોડે સાહબો, મૂછું તણો મરડ.

હરિવલ્લભ ભાયાણી

ને પ્રો. આનંદશંકર ધ્રુવ જેવા પ્રખર પંડિતને તંત્રીપદેથી પ્રકટ થતા 'વસંત' સામયિકમાં પોતાના લેખો પ્રસિદ્ધ થવાથી સાહિત્યકાર બનવાની એમની આકાંક્ષા પોષાઇ. ઈ.સ. ૧૯૨૦માં બી.એ.માં સંસ્કૃત ને અંગ્રેજી લઇને એ પહેલા વર્ગમાં પસાર થયા ને ગુજરાત કૉલેજમાં 'દક્ષિણા ફૅલો' નિમાયા. ૧૯૨૧ના જાન્યુઆરીમાં તેઓ સૂરતની એમ.ટી.બી. કૉલેજમાં અંગ્રેજી તથા સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે નિમાયા. ૧૯૨૩માં તેઓ સંસ્કૃત ને



વિષ્ણુભાઈ સકુટુમ્બ : ડાબી બાજુથી–પત્ની શાન્તાબહેન, વચ્ચે–પોતે, છેલ્લે–પુત્રી વસંતિકા. ટેબલ પર : ચંદનમંજૂષામાં એમને અર્પણ થએલો ગ્રંથ 'ઉપાયન' નજરે પડે છે. (એમના વિશેષ પરિચયો માટે જુઓ અંક ૪૪૪ તથા ૪૫૮)



સાહિત્યાચાર્ય વિષ્ણુભાઇની ષષ્ટિપૂર્તિ પ્રસંગે સૂરતમાં યોજાએલા ભવ્ય સમ્માનસમારંભનું એક દૃશ્ય. ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં આ પ્રકારનો આ સૌથી મોટો સમારંભ હતો.


ગુજરાતી લઈ એમ. એ.માં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા ને સૂરતની એમ. ટી. બી. કૉલેજનું સંચાલન કરતી સાર્વજનિક એડ્યુકેશન સોસાએટીમાં 'વૉલન્ટીઅર' (આજીવન પ્રાધ્યાપક) બન્યા. ત્યારથી જ સૂરતને પોતાની કર્મભૂમિ બનાવી લગભગ ચાર દાયકા સુધી અખંડ ને એકનિષ્ઠ સેવા બજાવી તેઓ હવે વૉલન્ટીઅર તરીકે નિવૃત્ત થયા છે, પણ એ જ સોસાએટી દ્વારા સંચાલિત સંશોધન સંસ્થા શ્રી ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના નિયામક તરીકે પોતાની વિદ્વત્તા ને વિદ્યોપાસનાનો લાભ આપી રહ્યા છે.

પ્રાધ્યાપક તરીકે એમણે અનન્ય પ્રતિષ્ઠા ને સિદ્ધિ પ્રાપ્ત કર્યાં છે. આ તેજસ્વી, સહૃદય ને શિષ્યવત્સલ પ્રાધ્યાપકે અસંખ્ય વિદ્યાર્થીઓને પ્રેરણા, સમભાવી માર્ગદર્શન, પ્રોત્સાહન ને હૂંફ આપ્યાં છે અને તેજસ્વી વિદ્વાનો તથા પ્રાધ્યાપકોની એક પરંપરા નિર્માણ કરી છે. એમના અનેક શિષ્યોએ એમની પાસેથી દીક્ષા લઈ સાહિત્ય તથા વિદ્યોપાસના ક્ષેત્રમાં નામના મેળવી છે. કીર્તિની સ્પૃહા રાખ્યા વિના એમણે સાહિત્ય ને વિદ્યાની ઉપાસના કરી છે. એમની ઊંડી વિદ્વત્તા, ચિંતનશીલતા, તલાવગાહી સૂઝ, પર્યેષક બુદ્ધિ ને નિર્મળ, સત્યશીલ, સૌજન્યપૂર્ણ વ્યક્તિત્વની મધુર સૌરભે અનેકને આકર્ષ્યાં છે, મુગ્ધ કર્યાં છે, પ્રભાવિત કર્યાં છે. આ મુગ્ધતા, આકર્ષણ ને પ્રભાવ અલ્પજીવી નથી નીવડ્યાં પણ કાયમનાં બન્યાં છે એ એમની વિશેષતા છે. ગુજરાતનાં વિદ્યા, સુરુચિ, સંસ્કાર ને ચારિત્ર્યનાં ઘડતર તથા સંવર્ધનમાં વિષ્ણુભાઈનું પ્રદાન બહુમૂલ્ય છે.

પ્રો. ત્રિવેદી વિદ્યા સાહિત્ય ને સંસ્કારની પ્રવૃત્તિઓ કરતી ગુજરાતની કેટલીક અગ્રણી સંસ્થાઓ સાથે અનેક રીતે સંકળાએલા છે. તેઓ ગુજરાતની સર્વોચ્ચ સાહિત્યસંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ છે. એમણે ગુજરાતની બધી જ યુનિવર્સિટીઓની સેનેટ, ઍકૅડેમિક કાઉન્સિલ કે અભ્યાસસમિતિઓના સભ્ય કે પ્રમુખ તરીકે સેવા આપી છે. છેક હમણાં સુધી તે ભારતની સાહિત્ય અકાદમીની જનરલ કાઉન્સિલના સભ્ય હતા. એમણે આકાશવાણીની સલાહકાર સમિતિના સભ્ય તરીકે માર્ગદર્શન કરાવ્યું છે. એમની વિશિષ્ટ સાહિત્યસેવા માટે એમને રણજિતરામસુવર્ણચંદ્રક અને એમના આલોચનાગ્રંથ 'પરિશીલન' માટે નર્મદચંદ્રક અર્પણ થયા છે. વર્ષોથી તેઓ સૂરતની નર્મદ સાહિત્યસભાના પ્રમુખ છે.

તેઓ એક સમર્થ ને અગ્રણી સાહિત્ય-આલોચક ને સૂક્ષ્મ તથા સ્વતંત્ર ચિંતક તરીકે ગુજરાતમાં અનન્ય સ્થાન ધરાવે છે. કલા ને ભાષાસાહિત્ય ઉપરાંત એમણે કેળવણી, ધર્મ, તત્ત્વજ્ઞાન, વ્યવહાર, સમાજ, સંસ્કાર, નીતિ ને ક્વચિત રાજકારણ એમ વિવિધ વિષયોનું સ્વતંત્ર ને વ્યાપક દૃષ્ટિએ, સમતા ને ઉદારતાથી મૂલગામી ચિંતન કર્યું છે ને એના પરિણામરૂપ લખાણો દ્વારા મૂલ્યવાન પથદર્શન કર્યું છે. જીવનનાં સર્વ ક્ષેત્રોમાં ઉચ્ચ ને શાશ્વત મૂલ્યો પ્રસ્થાપિત થાય તથા એનો આદર થાય એ માટે એમણે હમેશાં નીડર પ્રયાસ કર્યો છે. એમની અભિજાત દૃષ્ટિ સદા લોકહિત-ચિંતકની રહી છે. ગુજરાત એમના ચિંતન પ્રત્યે સદા આદરભાવથી જોતું આવ્યું છે.

'ભાવનાસૃષ્ટિ' એમની પ્રથમ કૃતિ. એમાં એમણે રમ્ય ભાવનાચિત્રોનું આલેખન કર્યું છે. પણ એક સમર્થ સાહિત્યમીમાંસક, સાહિત્યવિવેચક ને ગદ્યસ્વામી તરીકેની એમની પ્રતિભાનો પરિચય તો આપણને એમની 'વિવેચના', 'પરિશીલન', '૧૯૬૩નું ગ્રંથસ્થ લલિત વાઙ્મય', 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય', 'ગોવર્ધનરામ: ચિંતક અને સર્જક', 'ઉપાયન'એ કૃતિઓમાં અને બીજાં અનેક ગ્રંથસ્થ નહિ થએલાં લખાણોમાં મળે છે.



ઉપાયન*

પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને સાઠ વર્ષ પૂરાં થયાં એ પ્રસંગે એમનું સમ્માન કરવા ૧૯૬૦-ના નવેમ્બરમાં સૂરતમાં એક સમારંભ યોજાયો હતો જેમાં એમને તથા શ્રીમતી શાંતાગૌરી ત્રિવેદીને હાર્દિક અભિનંદન આપવામાં આવ્યાં હતાં. ત્યારે કાકાસાહેબ કાલેલકરને શુભ હસ્તે એમને અર્પણ કરવામાં આવેલા અભિનંદનગ્રંથ 'ઉપાયન'માં એમના શ્રેષ્ઠ વિવેચન-નિબંધો તથા વ્યાખ્યાનો સમાવિષ્ટ થાય છે.

ગ્રંથને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. પહેલા વિભાગમાં એમના સાહિત્યતત્ત્વચર્ચાના નિબંધો છે. જેમાં એમણે કાવ્યતત્ત્વ, સર્જનક્રિયા અને ભાવકના રસાસ્વાદની પ્રક્રિયા, રસ સૌન્દર્ય કે આનંદ, કવિતામાં પ્રતીક, પ્રગતિવાદ, જીવન સાહિત્ય ને વિવેચનનો પરસ્પર સંબંધ, ગદ્યસૌષ્ઠવ, આધુનિક સાહિત્યનાં પરિબળો, અર્વાચીન સાહિત્ય ને વિવેચનમાં કૌતુકરાગ, વિવેચનનો ઉદ્ભવ, વિવેચનનો કાર્યપ્રદેશ, વિવેચનનો ધર્મ, વિવેચનની પ્રતિષ્ઠા, આવાઆવા સાહિત્ય તથા કલાના અનેક પ્રાચીનઅર્વાચીન ફૂટ પ્રશ્નોની, જીવનવ્યવહાર ને જીવનમૂલ્યોની દૃષ્ટિએ વિશદ ને તાર્કિક તથા વ્યાપક ને તલસ્પર્શી મીમાંસા કરી છે. આ વિષયોનું એમનું ચિંતન જેટલું મૌલિક છે તેટલું જ સત્યમંડિત છે. એમની દૃષ્ટિ સાત્ત્વિક છતાં વેધક છે. એમણે વિશ્વની પ્રશિષ્ટ કૃતિઓનું આકંઠ

પાન કર્યું છે. એના પરિશીલનથી એમની રસદૃષ્ટિ વિશુદ્ધ, ઉચ્ચ ને સૂક્ષ્મ થઈ છે. આ નિબંધોમાં પાશ્ચાત્ય વિવેચન અને ભારતીય વિવેચનનો સમન્વય કરવાનો સબળ પ્રયત્ન પ્રતીત થાય છે.

રસનિષ્પત્તિની ચર્ચામાં તો તેઓ નવાં પ્રસ્થાન પણ કરે છે. સર્જકની અનુભૂતિનું પ્રત્યાયન ભાવકના ચિત્તમાં થાય છે એ સંક્રાન્તિમાં જે વ્યાપાર પ્રવર્તે છે એને તેઓ 'અનુભાવન' કહે છે. કલ્પના દ્વારા સમાનસંવેદનની, સમાન અનુભવી થવાની આ ભાવકની શક્તિને એ અનુભાવનાશક્તિ કહે છે. ભાવકના રસાસ્વાદની પ્રક્રિયા સમજાવતો આ નવો મૌલિક સિદ્ધાંત એમણે પ્રસ્થાપિત કર્યો છે. નવીનવી કૃતિઓના પ્રકાશમાં પરંપરા-પ્રાપ્ત સાહિત્યસિદ્ધાંતોની સ્વતંત્ર ચિકિત્સા થવી જોઈએ. એમ થવાથી એ સિદ્ધાંતો જડ બનતા અટકે છે. સિદ્ધાંતશોધનની દૃષ્ટિએ 'સાધારણીકરણ', 'રસના સિદ્ધાંતમાં સાપેક્ષતા', 'અનુભાવના' 'સાહિત્યનું આંતર ઉપાદન–જીવનવ્યવહાર' 'વિવેચનની પ્રતિષ્ઠા', 'રસ, સૌન્દર્ય ને આનંદ' 'સૌન્દર્યની ઉપાસના' આદિ નિબંધોમાંની વિચારણાની મૂલ્યવત્તા ઘણી છે. સાહિત્યતત્ત્વ ચિંતનના આ નિબંધોમાં એમની પ્રતિભાનો ઉત્કૃષ્ટ ઉન્મેષ જણાય છે અને ગુજરાતના સાહિત્યાચાર્યના બિરુદને સાર્થક કરે એવી વ્યુત્પત્તિ, એવી વિશદ તાર્કિક નિરૂપણપદ્ધતિ એવું આલોચના સામર્થ્ય, એવો તત્ત્વલક્ષી અભિગમ, એવી અભિનવ સ્વતંત્ર મૌલિક સૂક્ષ્મ દૃષ્ટિ, એવી તાઝગી ને એવી સાત્ત્વિકતા એમાં અનુભવાય છે.

ઉપર જે વિષયોનો નિર્દેશ કર્યો છે એ પરથી પ્રો. ત્રિવેદીની ચર્ચાના વ્યાપનો સહેજે ખયાલ આવશે. આવા વિષયોના નિરૂપણમાં સામાન્યતઃ બને છે તેમ, આ ચર્ચા શુષ્ક નીરસ ને જડ નથી થતી, પણ રસાળ બની રહે છે. આ ચર્ચાને એમણે પોતાની આગવી કવિસહજ સુકુમાર સંવેદનશીલતાથી કાવ્ય જેવી આસ્વાદ્ય ને આહ્લાદક બનાવી છે. આ સાહિત્યતત્ત્વ-વિચારણામાં એમની ઉદાર વ્યાપકતા, સૂક્ષ્મ વિવેકને સમતાનાં દર્શન થાય છે.

ગ્રંથના બીજા ખંડમાં એમણે મુંબાઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં 'અર્વાચીન ગુજરાતી ચિંતનાત્મક ગદ્ય' વિષે આપેલાં પાંચ વ્યાખ્યાનોનો સમાવેશ કર્યો છે. એમાં એમણે દુર્ગારામથી આનંદશંકર સુધીના એટલે કે ૧૮૪૪થી ૧૯૦૫ સુધીના આધુનિક ગુજરાતી ચિંતનપ્રવાહનું અને એ ચિંતન ધારતા ગદ્યપ્રવાહનું દર્શન કરાવ્યું છે. નર્મદ, નવલરામ, નીલકંઠ, નરસિંહરાવ, મણિલાલ, આનંદશંકર આદિ મહાન ગુજરાતી ચિંતકોના વિચારમિનારનું ને એમના વિવિધ ગદ્યનું આટલું વ્યાપક ને તલાવગાહી નિરૂપણ ને મૂલ્યાંકન આટલા વિસ્તાર તથા સામર્થ્યથી એમાં પહેલી જ વાર થયું છે.

ત્રીજા ખંડમાં પ્રો. ત્રિવેદીના સમીક્ષાલેખો આપ્યા છે, જેમાં એમના પ્રવેશકો, આમુખો, અવલોકનો, રેડિયોવાર્તાલાપો આદિનો સમાવેશ થાય છે. આ લેખોમાં નવીન કવિતાના પ્રવાહો ને તેનાં બલાબલો, ગુજરાતના મધ્યકાલીન અર્વાચીન ને નવીન કવિઓ, આધુનિક નવલકથાકારો, નવલિકાકારો, નાટ્યકારો ચિંતકો ને નિબંધકારોની કૃતિઓની એક અત્યંત હૃદય, સમભાવી, મર્મજ્ઞ વિવેચકે કરેલી સમતોલ સમીક્ષા ને મૂલ્યાંકન છે.

ચોથા ખંડમાં પ્રો. વિષ્ણુપ્રસાદના જીવનનાં વિવિધ પાસાં આલેખતા સર્વશ્રી કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોષી, યશવંત શુક્લ, કાલિદાસ દેસાઈ તથા ચંદ્રવદન શાહના લેખો ખાસ ધ્યાન ખેંચે છે. એમાં એમની વિવેચક તથા અધ્યાપક તરીકેની સિદ્ધિની ને વ્યક્તિ તરીકેની હૃદયસમૃદ્ધિની ઝાંખી થાય છે.

પ્રો. ત્રિવેદીના આ નિબંધોની કેટલીક વિશેષતાઓ જોઈએ. એમની વિવેચના ભિન્નભિન્ન વિવેચનપદ્ધતિઓના સુભગ સમન્વયની પરિચાયક છે. વિવેચનને એમણે કલાસ્વરૂપની પ્રતિષ્ઠા અર્પી છે. વિવેચન સર્જનાત્મક બની શકે છે, આહ્લાદક બની શકે છે, તેનું ગદ્ય રમણીય બની શકે છે, એ વાતની પ્રતીતિ પોતાની કૃતિઓ દ્વારા એમણે કરાવી છે. આનંદશંકર ધ્રુવ પછી કોઇ વિવેચકના સાહિત્યવિષયક નિર્ણયો વધારેમાં વધારે સંમાન્ય, સ્વીકાર્ય ને પ્રભાવક બન્યા હોય તો તે પ્રો. વિષ્ણુપ્રસાદના. આ નિબંધોમાં છતી થતી એમની તટસ્થતા ને નિખાલસતા નિષ્કામ કર્મયોગી ને છાજે એવી છે. આ વિવેચના એમની પૂર્વગ્રહ કે અભિગ્રહરહિત તેમજ શાંત તેજસ્વિતાની જેટલી દ્યોતક છે તેટલી જ એમની પ્રેમાળ ઉષ્માસભર મધુદર્શી માનવતાની, એમની ઉચ્ચ રસજ્ઞતાની અને એમના અનુભાવનની દ્યોતક છે. સામાન્યરીતે સ્વસ્થ ગંભીર ને ગૌરવયુક્ત, એકાગ્ર ને સુશ્લિષ્ટ, ક્યારેક નર્મમર્મની છાંટવાળું, સૌન્દર્ય-અભીપ્સા તથા સૌન્દર્ય-અનુભૂતિને કૌતુકરાગી મુગ્ધતાથી અને ઉદ્રેકથી પ્રગટ કરતું, ચિંતનના અવનવા ઉન્મેષો દાખવતું એમનું મિતભાષી લાક્ષણિક ગદ્ય વિવિધ રમ્ય લયછટાઓ પ્રકટાવે છે.

આ આલોચનાઓ પ્રો. ત્રિવેદીનું ગુજરાતી સાહિત્યને વિશિષ્ટ ને મૌલિક પ્રદાન છે, ગુજરાતી સાહિત્યની સંપત્તિ છે. કાકાસાહેબ કાલેલકરે આ અભિનંદનગ્રંથ પ્રો. ત્રિવેદીને અર્પણ કરતાં કહ્યું હતું કે 'પ્રો. વિષ્ણુપ્રસાદના ગ્રંથોમાં સમગ્ર ગુજરાતી સાહિત્યનો સંસ્પર્શ આવી જાય છે. એમણે ગુજરાતને જે આપ્યું છે તે સમગ્ર ભારતને આપવાનો પ્રયાસ થવો જોઈએ. ગદ્યસૌષ્ઠવ વિષે એમણે જે જાતની ચર્ચા કરી છે એવી મેં ગુજરાતીમાં કે અન્ય ભાષાઓમાં જોઈ નથી.' શ્રી ઉમાશંકર જોશીના ઉદ્‌ગારો પણ એવા જ ઉષ્માભર્યા ને દ્યોતક છે: 'વિષ્ણુભાઇ વિરલ વિભૂતિ છે. ગુજરાત જે ગણીગાંઠી વ્યક્તિઓથી ઊજળું છે તેમાં વિષ્ણુભાઈ એક છે. એ ગદ્યના કસબી છે. એમની શૈલી ગદ્યની શક્તિ સમજવામાં મદદ કરે છે. એમાં ગુજરાતી વાણીની સિદ્ધિ છે. ગદ્યની ગુંજાયશ સમજવામાં વિષ્ણુભાઇએ ઊંચા પ્રકારની દોરવણી આપી છે.'

આ બધી સિદ્ધિઓ જોતાં આ ગ્રંથ એક પ્રશિષ્ટ કૃતિ છે અને ગુજરાતી આલોચનાતથા ગદ્યના ઇતિહાસમાં એ સીમાસ્તંભ લેખાશે.

---

*'ઉપાયન' : શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ, 'કુમાર'ના કદનાં ૪૮૨ પૃષ્ઠ, કિંમત રૂ. ૧૦, પ્રાપ્તિસ્થાન : પોપ્યુલર બુક સ્ટૉર, મહાત્મા ગાંધી માર્ગ સૂરત.

સંસ્કૃત સાહિત્યમાં નવું પ્રસ્થાન

સંસ્કૃત સાહિત્યનો પ્રવાહ જે રીતે આજ હજારો વર્ષથી અખંડ ધારાએ વહી રહ્યો છે એ જોતાં તો સંસ્કૃતને અમર વાણી કહેવામાં કશી અતિશયોક્તિ નથી. એકેએક જમાનાએ સંસ્કૃત સાહિત્યમાંથી નવી પ્રેરણા પીધી છે.

આર્ય માનસ તરત જ પોતાના ચિંતનને વૈજ્ઞાનિકરૂપ આપી દે છે, અને હરેક પ્રયાસના અમુક સંખ્યામાં વિભાગ બનાવીને પછી એ એક એક વિભાગની સ્વતંત્ર સાધના માંડે છે. આ પદ્ધતિને આપણે 'સાંખ્ય' પદ્ધતિ કહીએ તો સાંખ્ય શબ્દનો નવો અર્થ નીપજશે.

વિભાગોની સંખ્યા નિશ્ચિત કરીને આગળ વધવાની આ પદ્ધતિ ઈષ્ટ પણ છે અને અનિષ્ટ પણ ખરી. અનિષ્ટ એટલા માટે કે ચિંતનની મર્યાદા બંધાઈ જવાથી માણસ મોટે ભાગે તેની બહાર જતો નથી. પ્રકૃતિગત ગુણ તો ત્રણ જ છે: સત્ત્વ, રજ, તમ; પુરુષાર્થ તો ચાર જ છે: ધર્મ, અર્થ, કામ, મોક્ષ; ભૌતિક ભૂતોની સંખ્યા પાંચ છે: પૃથ્વી, અગ્નિ, તેજ, વાયુ, આકાશ; ઋતુ તો છ જ હોઈ શકે;

આત્માના ગુણ આઠ, તત્વ ચોવીસ, વગેરે. સંખ્યાનો આ આગ્રહ અથવા મોહ એટલે સુધી પહોંચ્યો છે કે કામશાસ્ત્રમાં ચુંબનના પ્રકારોની પણ નિશ્ચિત સંખ્યા છે!

× × ×

અગાઉ એક વાર સૂચવ્યું હતું કે આપણા સ્તોત્ર સાહિત્યનો વિશાળ સંગ્રહ અને અધ્યયન થવાં જરૂરી છે. દેવોનાં પંચાયતન, એમના ભિન્ન ભિન્ન અવતાર, એમનાં વાહન, ઉપાસક આદિ સમગ્ર વિસ્તારનાં જેટલાં પણ સ્તોત્રો છે તેનો એ અદ્યતન સંગ્રહ કરીને તેનું અધ્યયન કરવું પડશે. આ સર્વ દેવતા આપણા ચૈતન્યનાં જ સ્વરૂપ છે. એમનાં નખશિખાન્ત વર્ણન, એમની ઉપાસનાની પદ્ધતિ, એમનાં સહસ્ર નામ, એમનાં મહિમ્ન તથા રક્ષાઓ વગેરે જે કૈં મળે છે તેને મઠારીને એમાં જે કાંઇ ઉપાદેય હોય તેનું અધ્યયન થવું જોઇએ.

આપણા દેશની નદીઓ, આપણાં સરોવર સમુદ્ર અને અન્યાન્ય જલાશય પણ આપણી ભક્તિના વિષય છે – એમનાં પણ માહાત્મ્ય અને શ્લોક મળે છે. એમાં બીજું કાંઈ હોય કે ન હોય, પણ કાવ્ય તો એમાં ભર્યું જ છે. એનાં અધ્યયન દ્વારા આપણે આપણા પૂર્વજોની આશાઆકાંક્ષા, એમનાં ભયસ્થાન ને નિરાકણ એ સર્વનું એક ચિત્ર તૈયાર કરી શકીએ.

વ્યાસના જેવી પ્રતિભા ધરાવતા હેમાદ્રિએ પોતાના જમાનાના આચારવિચારોનો સંગ્રહ કરીને એક 'ચતુર્વર્ગ ચિંતામણિ' બનાવી હતી. આજે આપણે નૃવંશવિદ્યા (ઍન્થ્રૉપૉલૉજી)નો અભ્યાસ પશ્ચિમી રીતે કરીએ છીએ. પણ એ તો અવળી ગંગા થઈ. આપણી નૃવંશવિદ્યાના વિકાસનો મસાલો આપણા જ દેશમાંથી આપણે એકઠો કરવો જોઇએ. આસામથી માંડી કાશ્મીર સુધી જે પહાડી જાતિઓ છે એનું આપણા પૂર્વજોએ કરેલું વર્ગીકરણ વ્યર્થ નથી. યક્ષ, કિન્નર, પિશાચ, ગુહ્યક, સિદ્ધ એ સર્વ જાતિઓનો ઇતિહાસ જેટલો મળે એટલો પુરાણોમાંથી એકઠો કરવો જોઇએ.

પુરાણોમાંની કથાઓ અને નાનાંમોટાં આખ્યાનોના તો કેટલાક સંગ્રહ થયા છે; પુરાણોમાંના સ્તોત્ર પણ સંચિત થયા છે. સ્થળપુરાણોમાંથી બ્રહ્મકુંડ, કામાખ્યા, કાલિઘાટ, બોધિગયા, જ્વાલામુખી, ક્ષીરભવાની, અબુદાદેવી, બદરી, કેદાર આદિ અસંખ્ય તીર્થક્ષેત્રોનાં માહાત્મ્ય અલગઅલગ મળી શકે છે. એનો પણ સંગ્રહ થઈ શકે અને તેના આધારે પ્રાચીન ભારતની ભૂગોળવિદ્યા અને સ્થાનમાહાત્મ્ય આપણે એકઠાં કરી શકીએ. સ્મૃતિઓમાં જે રીતરિવાજોનો સંગ્રહ પડ્યો છે એથી અધિક વિવિધતા ભારતની ત્રણ હજારથી યે વધુ જાતિઓનાં રીતરિવાજોમાં મળી આવે છે. આ બધો બનશે આપણા સમાજશાસ્ત્રનો કાચો મસાલો.

× × ×

ઇતિહાસ, પુરાણ આદિ ગ્રંથો ઉપરાંત આપણે ત્યાં બહુ જ મોટું સુભાષિત-સાહિત્ય છે જેમાંનું કેટલું ગ્રંથસ્થ છે અને કેટલું કેવળ લોકવાણીમાં જ વહી રહ્યું છે એ કોઈ કહી શકે એમ નથી. સુભાષિતોના સંગ્રહોના સારાસારા આઠ દસ ગ્રંથ તો આજ આપણે ત્યાં છે જ, પરંતુ એમાં તો સંસ્કૃત સાહિત્યના રસિકોને જે શ્લોક બહુ જ પ્રિય છે તેનો સંગ્રહ કર્યો છે. એમાં મોટે ભાગે દેવતાવર્ણન, ઋતુવર્ણન, અન્યોક્તિઓ આદિના શ્લોકોનો પણ એક વિભાગ હોય છે. સૌથી મોટો વિભાગ હોય છે શૃંગારનો. વીર, કરુણ, હાસ્ય, શાન્ત આદિ રસના શ્લોક પણ સાથેસાથે આપવામાં આવ્યા હોય છે, પણ એની સંખ્યા ઓછી હોય છે.

× × ×

સુભાષિતોમાં સામાન્ય નીતિ, રાજનીતિ આદિ જીવનના અનુભવનો નિચોડ એકત્ર થવો જોઇએ. એમાં પણ પ્રૌઢ કવિઓના જટિલ છંદોના શ્લોકો અલગ રખાય તો સારું.

સુભાષિતોમાં મોટે ભાગે જીવનવ્યવહારના અનુભવ ને તે પરથી નિશ્ચિત થનારા આચરણના સિદ્ધાંત આવી જાય છે. એની પાછળ કોઈ ખાસ દાર્શનિક સિદ્ધાંત નથી હોતો, તેમ સ્મૃતિઓ જેવી આજ્ઞાઓ પણ નથી હોતી. એમા તો જીવનનું તત્ત્વજ્ઞાન, જીવનનો આનંદ અને વ્યવહાર કુશળતાની શીખ રહેલી હોય છે. સુભાષિતોમાથી જે વ્યાવહારિક શિખામણ મળે છે તેની પાછળ સમસ્ત જાતિના યા કોઈ વર્ગના હજારો વરસના અનુભવનો નિચોડ હોય છે. ઘણાંખરાં સુભાષિત લોકોક્તિ અને કહેવતોના જેવા ચલણી સિક્કા બની ગયાં હોય છે. એની દ્વારા આપણને આપણી આખી જાતિની બુદ્ધિમત્તા, જીવનદૃષ્ટિ અને રસિકતાની દીક્ષા મળે છે.

સંસ્કૃતના વિશાળ સાહિત્યમાં સુભાષિતો તો ઠેરઠેર મળી આવે છે. સ્વતંત્ર સંગ્રહ પણ ઘણા છે. સુભાષિતોનું મહત્ત્વ એટલા માટે છે કે આપણી જાતિના, આપણા રાષ્ટ્રના પ્રત્યેક જમાનાના અસંખ્ય લોકોએ એને માન્યતા આપી છે. સદાચારનું શિક્ષણ, સામાન્ય ધર્મનો બોધ અને ઉચ્ચ અભિરુચિની શિક્ષા તેમજ તેજસ્વી સંસ્કારિતાની દીક્ષા આપવા માટે સૌથી અધિક સહાય એવાં સુભાષિતોથી જ મળે છે એમ સમજીને એનો સંગ્રહ, પુરસ્કાર અને પ્રચાર કરવો જોઇએ.

('મંગલપ્રભાત') —કાકા કાલેલકર

નીતિદર્શન : પહેલું

કાકાસાહેબ કાલેલકરના ઉપર ઉતારેલા લેખના અંતિમ ભાગમાં જણાવ્યા પ્રમાણે ગુજરાતી ભાષામાં સંસ્કૃત સુભાષિતોની સમૃદ્ધિ ઉતારવાના પ્રયત્નો બહુ ઓછા થયા છે. તેમાં એક નોંધપાત્ર ઉમેરો આ પુસ્તકથી થાય છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં કહ્યું છે તે પ્રમાણે 'નીતિ એ આપણી સંસ્કૃતિનું મૂળ છે. સંસ્કૃત સાહિત્યમાં એને લગતાં પુષ્કળ સુભાષિતો છે. ઉપરાંત બૃહસ્પતિ, શુક્ર, વિદુર, ચાણક્ય, કામંદક, ભર્તૃહરિ આદિએ નીતિવિષયક ગ્રંથ પણ રચેલા છે. એમાં આપણી સંસ્કૃતિ ને સમાજનું આબેહૂબ ચિત્ર રજૂ થાય છે.

બાળકના ચારિત્ર્યઘડતરમા નિર્મળ નીતિસાહિત્યનું વાચન બહુ અગત્યનો ભાગ ભજવે છે. આ વસ્તુ ધ્યાનમાં રાખી, પ્રાચીન અર્વાચીન સંસ્કૃત સાહિત્યમાંથી ૧૦ વૃત્તમાં ૧૦૦૦ શ્લોક ચૂંટી કાઢી, તેના સમવૃત્ત ભાષાંતરનો સંગ્રહ ચાર શ્રેણિમાં તૈયાર કર્યો છે. વૃત્ત પ્રમાણે શ્લોકના સમૂહ ગોઠવ્યા છે. દરેક સમૂહમાં વિષયવાર શ્લોક સાથેસાથે આપ્યા છે. પ્રથમ દર્શનમાં આચાર, વિદ્યા, વાણી, સંગતિ, આરોગ્ય, ઉદ્યમને લગતા અને થોડાક પ્રાસ્તાવિક શ્લોક આપ્યા છે. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને નીતિનું શિક્ષણ મળે એ હેતુ ધ્યાનમાં રાખ્યો છે.

પુસ્તકની શરૂઆતમાં મૂળ શ્લોકનાં આદિપદની સૂચિ આપી છે. અંત ભાગમાં વિવરણ આપ્યું છે. ભાષાના અભ્યાસકોને ઉપયોગી બને એ હેતુથી એમાં વ્યાકરણ ને અલંકારોની છણાવટ કરી છે. જ્ઞાનનો વિસ્તાર વધે માટે પૌરાણિક પાત્રો, સ્થાનો, પશુપક્ષીઓ વગેરે અગત્યની વસ્તુઓ પર સંક્ષિપ્ત નોંધો આપી છે. વાચનમાં રસિકતા લાવવા અન્ય ગ્રંથોમાંથી સંબંધક અવતરણો ને લોકકહેવતો પણ ઉપયોગમાં લીધી છે.'

આવા ઉત્તમ અને ઉપયોગી પુસ્તકમાં મૂળ સંસ્કૃત શ્લોકો આપવાની તો ખાસ જરૂર ગણાય. એથી જ આપણા પ્રાચીન જ્ઞાનવૈભવ અને ગિર્વાણગિરાના સૌંદર્યની સમૃદ્ધિનો સાચો ખયાલ આપી શકાય. પુસ્તક મોઘું થાય એ અંદેશાથી એ વિચાર પડતો મૂક્યો હોય તો બીજી આવૃત્તિ વખતે એ જરૂર અમલમાં મૂકવો જોઇએ. આપણી સંસ્કારસમૃદ્ધિથી મોઘી કોઈ વસ્તુ ન હોવી જોઈએ. (અનુલેખક અને પ્રકાશક: ડાહ્યાભાઇ વ્રજલાલ પંડિત, વ્યાસ ફળિયું, નડિયાદ.)

વિવિધ પ્રકાશનો

અભ્યર્થના: લે૦ પ્રા. શશિન્ ઓઝા. સાહિત્યસૃષ્ટિમાં વિનોદ-કાવ્યોથી જાણીતા થએલા આ કવિ 'અભ્યર્થના'માં પ્રકૃતિસૌંદર્ય તેમજ જીવનકારુણ્યને પણ ગાય છે. તેમનાં કાવ્યોમાં ગાંધીયુગની અસર દેખાય છે. કવિની બુદ્ધિચાતુરી નોંધપાત્ર છે. પણ વધુ સારી છંદ-રચનાની હથોટીની અપેક્ષા રહે છે.

કલરવ: આ સંગ્રહમાંનાં નિર્મળાબેન દાણીનાં સરલ લયવાહી બાળગીતોમાં કલ્પના-વૈવિધ્ય તથા ગીતરચનાની સારી સમજ જણાય છે. માત્ર કેટલેક સ્થળે ઉપદેશના ભાર નીચે કાવ્યતત્ત્વ દબાઈ જવાનો ભય રહે છે. (વિજયા પ્રકાશન, ૫૩ બાણગંગા રોડ, મુંબાઈ-૬, પૃ. ૩૬, રૂ. ૧). —ગી. ૫.

સૂરજમુખી: શ્રી મકરંદ દવેનો આ ત્રીજો કાવ્યસંગ્રહ છે. કવિની દૃષ્ટિ પ્રથમથી જ અલખ ભણી હતી. એની હવે પૂર્ણપણે પ્રતીતિ થાય એવી મખલખ રચનાઓના આ સંગ્રહમાં વિશેષે કરી આકર્ષક તો છે ગીતો અને મુક્તકો. મુક્તકોની વાણીને ક્યારેક હાસ્ય-કટાક્ષનો વળ ચડેલો છે; ક્યારેક ગહન ઊંડાણના તાગ પછી જ મળતી સનાતન સત્ય રજૂ કરવાની પ્રૌઢીનો લાભ મળ્યો છે; તો ક્યારેક સૂફી શાયરની બેફિકરાઇભરી મસ્તીનો કેફ પ્રાપ્ત થયો છે. (પ્રકાશક: સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર, કિંમત: ૨-૫૦.) —ચિ. મો.

સુમિત્રાનંદન પંતનાં કેટલાંક કાવ્યો: આપણા દેશના એક ઉત્કૃષ્ટ ને આધુનિક કવિ તથા હિંદી ભાષાના અભિજાત કવિશ્રેષ્ઠ શ્રી સુમિત્રાનંદન પંતની ષષ્ટિપૂર્તિની ઊજવણી વેળાએ કવિનાં મન, રંગ ને કાવ્ય-ઉત્કૃષ્ટતાનો પરિચય આપતી તેમની શ્રેષ્ઠ કવિતાઓનો આ સંગ્રહ તેમજ તેનો કરાએલો પદ્યાનુવાદ, એમની કાવ્યકલાનો આસ્વાદ કરાવી રહે તેવા છે. પ્રકાશક: ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ, કિંમત: રૂ. ૫-૫૦.

વિનાશના પંથે: રજૂઆત, શૈલી અને નિરૂપણની દૃષ્ટિએ નવો ચીલો પાડતું ને સાથે સમાજના અનેકવિધ પ્રશ્નોને એક નવા જ કથાવસ્તુમાં સાંકળી લઈ ઉઠાવ આપતું આ ત્રિઅંકી નાટક ભજવતાં કે પઠન કરતાં એકસરખું જ આકર્ષણ જમાવી રહે એવું છે. તાજેતરમાં સારા સાહિત્યસર્જકોની શ્રેણીમાં પોતાનું સ્થાન જમાવી રહેલાં શ્રી ધીરુબહેન પટેલની શૈલીએ એને સારો ઉઠાવ આપ્યો છે. પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબાઈ, કિંમત: ૨-૦૦; **સાચાં સંતાન:** લેખક: શિવલાલ જેસલપુરા, બાળકોને જીવનના માર્ગો પ્રબોધતી આ લઘુ પુસ્તિકા સુપથ્ય છે, પ્રકાશક: શ્રી ગુજરાત પુસ્તક ભંડાર, અમદાવાદ, રૂ. ૦-૬૦. **અખંડ જગત અને માનવ:** યુદ્ધ અને શાંતિ વચ્ચે ઝોલાં ખાતા આજના વિશ્વમાં જગત ને માનવીનો સંબંધ શો હોઇ શકે, તથા સંક્રાંતિકાળના અનેક યુગપ્રશ્નોનો શો ઉકેલ લાવી શકાય વગેરે બાબતોની છણાવટ કરતું, શ્રી કુંજવિહારી ચુ. મહેતાની અનુભવી ને અભ્યાસુ કલમે લખાએલું આ પ્રકાશન ભારત સરકારના પ્રકાશન ખાતા (દિલ્હી)એ પ્રકટ કર્યું છે અને પરવડે તેવું છે, રૂ. ૦-૭૫. **ત્રણ ફળિયાનાં આયોજનો:** પલટાતાં જતાં આર્થિક મૂલ્યોના આ કાળમાં રચનાત્મકકાર્યકરોને પદ્ધતિસરની તાલીમ અંગે માહિતી આપતા આ પુસ્તકનું વસ્તુ સર્વગ્રાહી છે. લેખક: મીનુ કકલિયા, પ્રકાશક: સર્વોદય વિદ્યાલય, ઘંટોલી (જિ. સૂરત) રૂ. ૦-૭૫. આયોજન અંગે સમગ્ર દેશની દૃષ્ટિલક્ષમાં લઈ તૈયાર કરાએલું ને ત્રીજી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો પર વિહંગાવલોકન કરતું ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ (ભદ્ર, અમદાવાદ)તરફથી બહાર પડેલું **ત્રીજી પંચવર્ષીય યોજનાનું** પુસ્તક પણ એવી સુરેખ સમજ આપી રહે છે. ઉપરાંત કૉંગ્રેસનાં ધ્યેયો અને કાર્ય-પ્રણાલીની સાદી સમજ આપવા તથા તેની વિચારધારા દર્શાવવા એ જ સંસ્થાએ બહાર પાડેલું **કૉંગ્રેસ એક અધ્યયન** પણ દેશની આ મહાન ને કાર્યક્ષમ સંસ્થા વિષે સારી ને સભર માહિતી આપી રહેતું ઉપયોગી પુસ્તક છે. **ઉત્થાન-યુગની માનવજ્યોત:** વિશ્વને આસ્થા, આશા ને કલ્યાણનું ભાથું આપી પોતાનું નામ ચિરંજીવ કરી જનારા મહામનાઓનો પરિચય કરાવતી લઘુ પુસ્તિકા, લેખક: ચંદ્રભાઇ કા. ભટ્ટ, પ્ર૦ પ્રગતિ પ્રકાશન ગૃહ, અમદાવાદ-૭, રૂ. ૨. **મનોવિજ્ઞાન અને જીવનહેતુ:** મનોવિજ્ઞાન સંબંધે શ્રી કાસમ ઉમર મેવાવાલાનાં જુદાંજુદાં પ્રવચનોનો આ સંગ્રહ મનોવૈજ્ઞાનિક વિશ્લેષણના વિવિધ વિષયોની છણાવટ કરે છે. પ્રકાશક: મિન્ટો ક્રાફ્ટ, મસ્જિદ સ્ટ્રીટ, કચેરી રોડ, કરાચી, રૂ. ૨; **ગિરિપ્રવચન:** ઇસુ ખ્રિસ્તના વિખ્યાત 'ગિરિપ્રવચન'નો અનુવાદ-ભાષાંતરકર્તા તથા પ્રકાશક: વિઠ્ઠલદાસ પુ. દેસાઈ, પારેખ કુંજ, બજાજ રોડ, વિલેપાર્લે, મુંબાઈ-૫૭; **ફૂલપાંદડી ભાગ ૧થી ૧૦:** બાળકોને અક્ષરજ્ઞાન તથા શબ્દજ્ઞાનની સમજૂતી આપતી આ ટચુકડી માળાની દરેક પુસ્તિકા વસાવવા જેવી છે. પ્રકાશક: ઈન્કા કંપની, અમદાવાદ, દરેકના રૂ. ૦-૨૦. **સફાઈમાં ખુદાઈ:** માનવીના જીવનમાં સ્વચ્છતાનું મહત્ત્વ પ્રબોધતી શ્રી બબલભાઈ મહેતાની વાતોનું પ્રકાશન 'જ્યોતિપુંજ'ની દીપોત્સવી પૂર્તિ તરીકે. લુહાર ચાલ, મુંબાઈ-૨. **ચંદ્રદર્શન ને ફેડરેશન:** લેખક-પ્રકાશક: શ્રી માંડવીઆ, મુજાહિદ પ્રિન્ટરી, ન્યૂનહામ રોડ, કરાચી. **અકસ્માત નિવારણ પુસ્તિકા:** અકસ્માતનું નિવારણ કરવા માટે જરૂરી જાગૃતાવસ્થા અંગે સાદી ને સુરેખ સમજ પાડતી લઘુ પુસ્તિકા, લેખક: શ્રી પ્રેમશંકર ન. ભટ્ટ, પ્રકાશક: શિશુવિહાર, ભાવનગર. **વિજયની ચાવી:** જીવનને ઉચ્ચ બનાવવાનો રાહ ચીંધતી વિવિધ પ્રબોધવાતોનો સંગ્રહ, અનુ૦ (સ્વ.) અંબાલાલ શિવલાલ પટેલ, પ્રકાશક: મહાજન બુક ડીપો, ગાંધીરોડ, અમદાવાદ. **જય-વિશ્વ:** વિશ્વપ્રવાસી કાળુભાઈ બસિયાએ જ્ઞાન, વિજ્ઞાન ને તત્ત્વજ્ઞાનના હેતુ સાથે ખેડેલા વિશ્વપ્રવાસના અનુભવોનું પ્રકાશન, પ્રાપ્તિસ્થાન: સર્વોદય શિક્ષણ સંઘ, આઈડીઅલ હાઈસ્કૂલ, મુંબાઈ ૪ **પાટલે બેસી નાહ્યો:** આજના યુવક-યુવતીના મન-તરંગના વિશ્લેષણનો પ્રયાસ કરતી લેખકની પહેલી ને તેથી કાચી લઘુ નવલ. લેખક: જગદીશ શાહ, પ્રકાશક: ગિરા શાહ, પ્રજાતંત્ર કાર્યાલય, ૨૧૧-૧૯, ફ્રીઅર રોડ, મુંબાઈ-૧, રૂ. ૪. **આમંત્રણ:** ટેમ્સ નદીમાં નૌકાવિહાર કરવા નીકળેલા મિત્રોના અનુભવદર્શનના, વિખ્યાત અંગ્રેજ લેખક જેરોમ કે. જેરોમના જાણીતા પુસ્તકનો શ્રી ધનસુખલાલ કૃ. મહેતાની કલમે કરેલો ગમી જાય તેવો અનુવાદ, પ્રકાશક: આનંદ પબ્લિશર્સ, ૨૯૬ બજારગેટ સ્ટ્રીટ, મુંબાઈ ૧, રૂ. ૪. **ધૂમ્ર-રેખા:** જાણીતા ગુજરાતી ત્રિઅંકી 'ધૂમ્રરેખા'નું શ્રી ગૌરીશંકર જોશીએ હિંદીમાં કરેલું ભાષાંતર, પ્રકાશક: રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, હિન્દીનગર, વર્ધા, રૂ. ૧-૨૫. **રાજુ અને રૂપા** અને **વીર ધનંજય:** ધનંજય શાહનાં તખ્તા પર ભજવી શકાય તેવાં બાળનાટક. બંનેના પ્ર૦ બાલ-જીવન કાર્યાલય, બાજવાડા, વડોદરા, દરેકના રૂ. ૧-૨૫. **ઋતુચર્યા:** 'કુમાર'ના વાચકોને પરિચિત લેખક લાભશંકર ઠાકરની એ પરિચિત લેખમાળા પુસ્તક રૂપે. પ્રાપ્તિસ્થાન: લેખક પાસેથી, વૈદ્યનિવાસ, મણિનગર સ્ટેશન પાસે, અમદાવાદ-૮, રૂ. ૦-૫૦. **જાગે આત-**

મરામ: નાની નાની નાટિકાઓનો સંગ્રહ લેખક: શ્રી બાબુભાઈ દેસાઇ, પ્રકાશક: શ્રી ગજાનન પુસ્તકાલય, ટાવર રોડ, સૂરત, રૂ. ૨. **ટૉમકાકા**: જગત્ખ્યાત 'અંકલ ટૉમ્સ કૅબિન'ની કથાનો શ્રી મોંઘીબહેન બધેકાએ કરેલો અનુવાદ, પ્રકાશક: સંસ્કાર સાહિત્ય મંદિર, પો.બૉ. ૩૪, ભાવનગર, રૂ. ૨-૨૫. **તમે અને તમારું બાળક**: બાળકના ઉછેર પ્રતિ સેવવી પડતી સભાનતા અંગે માર્ગદર્શન આપતું આ પુસ્તક આ ક્ષેત્રના જાણીતા તબીબ–લેખક: ડૉ. હરકિસનદાસ ગાંધીની કલમ તથા સરળ ને સમજાવટભરી શૈલી પામ્યું હોઈ આકર્ષક બન્યું છે. પ્રકાશક: ભાચાણી બૂક ડીપો, ૧૫૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, રૂ. ૨. **કુમારિકા ખંડ**: સ્તમ્ભતીર્થ માહાત્મ્ય અંગે શ્રી નર્મદાશંકર વ્યંબકરામ ભટ્ટે પ્રયોજેલો સંક્ષિપ્ત ખંડ, પ્રાપ્તિસ્થાન: ઊંચી શેરી, ખંભાત, રૂ. ૩-૫૦. **કાલિદાસ અને રવીન્દ્ર**: પ્રાચીન અને અર્વાચીન કાળના આ બે મહાકવિઓની વિભૂતિની સમીક્ષા કરતી આ પુસ્તિકા કિંમતની દૃષ્ટિએ પણ સસ્તી છે, અનુવાદક: મનહરલાલ કે. ભાવસાર, કપડવંજ, રૂ. ૦-૩૭. **જ્ઞાનસરોવર**: સામાન્ય જ્ઞાન અંગે પછાત સ્થિતિ ભોગવતા આજના વિદ્યાર્થીને માટે સંગ્રહિત કરાએલી માહિતીઓનો સંગ્રહ, સંગ્રાહક–પ્રકાશક: અમૃતભાઈ પટેલ, પટેલ બ્રધર્સ, રાણાની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ ૧, રૂ. ૨. **માડી હે!** શ્રી નટવર અ. રાવળ કૃત આધ્યાત્મિક ડાયરી, પ્રાપ્તિસ્થાન: વીરનગર, (જિ. રાજકોટ), રૂ. ૦-૩૭. **પાટણનાં સ્થળનામો**: ગુજરાત સ્થળનામ સંસદના ઉપક્રમે વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં શ્રી કનૈયાલાલ દવેએ આપેલા સંભાષણનું આ પ્રકાશન એક અભ્યસનીય લેખની ગરજ સારે તેવું તેમજ સંશોધનાત્મક દૃષ્ટિએ ઉપયોગી માહિતી ધરાવે છે, પ્ર૦ વિનોદ પ્રિન્ટરી, સિદ્ધરાજ રોડ, પાટણ. **ભારતીય અર્થનીતિ**: આર્થિક આયોજનના આ કાળમાં ભારતની શાસનપદ્ધતિ પર ભારતીય અર્થવ્યવસ્થા કેવો ને કેટલો પ્રભાવ પાડે છે તેની સમીક્ષા કરતું પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું વ્યાખ્યાન, અનુવાદક: શ્રી ગુણવંત છો. શાહ, ૨૪૭૬ માણેકચોક, અમદાવાદ ૧, રૂ. ૧-૭૫. **ગુજરાત કી પ્રતિનિધિ કહાનિયાઁ**: ગુજરાતના અભિજાત સાહિત્યસર્જકોની પ્રમુખ ને ઉત્તમ રચનાઓનો બિનગુજરાતી પણ હિન્દીભાષી સાહિત્યરસિકોને યથાર્થ પરિચય આપવા માટે શ્રી જેઠાલાલ જોશીએ કરેલો હિન્દી ભાવાનુવાદ, પ્રકાશક: ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, રાષ્ટ્રભાષા હિન્દીભવન, એલિસબ્રિજ અમદાવાદ-૬, રૂ. ૩-૦૦. **સમદર્શી આચાર્ય હરિભદ્ર**: મુંબાઈ યુનિવર્સિટીના ઉપક્રમે યોજાતી શ્રી ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી સંઘવીએ આપેલાં વ્યાખ્યાનોનો આ સંગ્રહ એનાં સત્ત્વ ને તત્ત્વની નજરે બહુમૂલ્ય છે. પ્રકાશક; મુંબાઇ યુનિવર્સિટી, મુંબાઇ-૧, રૂ. ૩-૫૦. **રંગ અને વ્યંગ**: શ્રી નાનુભાઈ નાયકના હળવા નિબંધોનો સંગ્રહ, પ્રકાશક: અરુણોદય કાર્યાલય, વીરમગામી મહોલ્લા, બેગમપુરા, સૂરત, રૂ. ૨-૫૦. એ જ લેખક ને એ જ પ્રકાશક તરફથી બહાર પડેલો **વહેતાં પાણી** નામનો ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, રૂ. ૨-૫૦. **રામનામની પરબ**: જાણીતા કથાલેખક પીતાંબર પટેલની ટૂંકી વાર્તાઓનો સંગ્રહ, પ્રકાશક: હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સૂરત, રૂ. ૩-૭૫. **શ્રી ગજ્જરની આત્મકથા**: મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિર દ્વારા ગુજરાતના મહાન કેળવણીકાર, સમર્થ વિજ્ઞાનશાસ્ત્રી અને ઉચ્ચ કોટિના શિક્ષક શ્રી ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરના જીવનનું કરાએલું આ આલેખન એક બહુમૂલા ગ્રંથની ગરજ સારે છે, રૂ. ૪-૭૫. **બાળનાટકો**: લેખક: યશવંત પંડ્યા, પ્રકાશક: રવાણી પ્રકાશનગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ-૧, રૂ. ૩. **ઢીંગલો**: શ્રી ધનંજય ૨. શાહ કૃત કેટલાંક વધુ બાળનાટકોનો સંગ્રહ; પ્રકાશક: રશ્મિ પ્રકાશન મંદિર, બાજવાડા, વડોદરા, રૂ. ૧-૭૫. **બાળગીતો**: ભાગ ૧-૩ બાળકોને ગમી જાય તેવાં ને સુવાચ્ય તથા સરળ બાળગીતો, સંપાદક: સોમાભાઈ ભાવસાર, પ્રકાશક: સંસ્કાર સાહિત્ય મંદિર, પો. બૉ. ૩૪, ભાવનગર, દરેકનો ૧ રૂપિયો. **આફ્રિકાનો ઉનીસ**: હિંદીઓએ જે પ્રદેશને સૈકાઓથી પોતાનું વતન બનાવ્યું છે એ પ્રદેશ વિષે ઊડતો છતાં વ્યાપક પરિચય આપવાના ઉદ્દેશથી તૈયાર કરાએલી પુસ્તિકા, લેખક: વસંત ઢીંડોચા, પો.બૉ. ૨૪૪, જિન્જા, યુગાન્ડા, પૂર્વ આફ્રિકા. **બલિદાન**: હસમુખ જોશીની રમ્ય તેમજ ગમ્ય બાળવાર્તા, પ્રકાશક: પ્રેરણા પ્રકાશન, મુંબઇ ૪, રૂ. ૧-૫૦. **માણસાઇનાં મોતી**: માનવજીવનને સ્પર્શતા વિવિધ વિષયો અંગે શ્રી ગોપીજનવલ્લભ શાસ્ત્રીનાં મંતવ્યોનો સંગ્રહ, પ્રકાશક: સદ્ધર્મ જિજ્ઞાસુ મંડળ, અમદાવાદ. **માદામ ભીખાઇજી કામા**: ભારતનો ત્રિરંગી ઝંડો વિદેશમાં સૌ પ્રથમ લહેરાવનાર વીર નારીના જીવનનો સંક્ષિપ્ત પરિચય, પ્રકાશક: મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ, નાણાવટ, સૂરત, રૂ. ૦-૨૫. **અલ-કાઈદ**: કાઇદે આઝમ ઝીણાના જીવનનો સંક્ષિપ્ત પરિચય, લેખક: શ્રી માંડવીઆ, પ્રકાશક: શાહીન પબ્લિકેશન્સ, ન્યૂનહામ રોડ, કરાચી-૨, રૂ. ૩-૦૦.

'વિદ્યાપીઠ'

આપણી જાણીતી અને અનોખી રાષ્ટ્રીય શિક્ષણસંસ્થા ગુજરાત વિદ્યાપીઠે પોતાને ત્યાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓના કાર્યને વેગ આપવાના અને પોતાના મનોરથોને વ્યક્ત કરવાના હેતુથી આ નવું ત્રૈમાસિક શરૂ કર્યું છે. સંશોધનના લેખો ને સ્નાતકોના તપાસ-નિબંધોમાંથી ઉત્તમ અંશો કે તેમનો સારભાગ તથા વિદ્યાપીઠમાં યોજાતાં વિદ્વાનોનાં વ્યાખ્યાનોનું સારદોહન વગેરે જેવી સામગ્રી અને 'ગ્રંથાવલોકન' તથા 'વિદ્યાપીઠવૃત્ત' જેવા ચાલુ વિભાગો પણ આ નવા સામયિકમાં છે. આમ, એની (ગુજરાતી અને હિંદી) વાચનસામગ્રી અભ્યસનીય હોઈ વાર્તા વગેરે જેવા સામાન્ય સાહિત્ય કરતાં ઊંચી રુચિ ધરાવનારા વાચકોમાં એ આવકારપાત્ર થાય એવું છે. લવાજમ: દેશમાં રૂ. ૬, પરદેશમાં ૧૦ શિલિંગ, છૂટક નકલ રૂ. ૧-૨૫. પ્રકાશન સ્થાન: ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪.

શારદાગ્રામમાં (ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલિત) ગ્રીષ્મ વ્યાયામવર્ગ

ગુજરાતના કિશોરો અને કુમારોનું વ્યાયામની પ્રવૃત્તિ દ્વારા શરીરસૌષ્ઠવ કેળવાય ને તેમનું ચારિત્ર્યઘડતર થાય એ હેતુથી આરોગ્ય-કેન્દ્ર સમા સંસ્કારધામ શારદાગ્રામમાં આ ઉનાળાની રજાઓમાં તા. ૭-૫-'૬૩થી તા. ૬-૬-'૬૩ સુધી એક મહિનાનો ગ્રીષ્મ વ્યાયામવર્ગ યોજવામાં આવ્યો છે.

શારદાગ્રામ એ સૌરાષ્ટ્રના સાગરકિનારાનું પ્રકૃતિથી લચી રહેલા વિહારધામસમું શિક્ષણ-કેન્દ્ર છે. સુંદર ઉપવન, વીથિકા ને વૃક્ષોથી શોભતા આ સ્થાનમાં સ્નાન માટે મોટા હોજની સગવડ હોઈ તરવાનું શીખી શકાય એવી વ્યવસ્થા પણ છે.

વ્યાયામવર્ગના ભોજન ને વ્યવસ્થા ખર્ચના રૂ. ૫૫ રાખવામાં આવ્યા છે. વિશેષ માહિતી માટે આચાર્ય, શારદાગ્રામ, માંગરોળ થઇને (જૂનાગઢ જિલ્લો) એ સરનામે લખવું.

અનુસંધાન] **આલ્બર્ટ જ્હૉન લુથુલી** [પૃષ્ઠ ૧૩૩થી

કરવા તૈયાર છે એવી ભ્રમણામાં લોકોને નાખવા જ એની સ્થાપના સરકારે કરી છે, એ વાતની ખાતરી થતાં એમણે એમાંથી એના સભ્ય તરીકે રાજીનામું આપ્યું. રાજીનામું આપતાં એમણે એ કાઉન્સિલ અંગે એક સૂચક ટીકા કરતાં જણાવ્યું હતું: 'આ કાઉન્સિલ બાળકને રમવા માટેના એક ટેલિફોન જેવી છે, એક છેડાથી કાળી જાતિનો અવાજ સામે છેડે મોકલી શકાય છે પણ એનો જવાબ આ છેડે મેળવી શકાતો નથી!'

હવે એમનું લક્ષ 'આફ્રિકન નૅશનલ કૉંગ્રેસ' તરફ દોરાયું. આ સંસ્થાની સ્થાપના તો ઇ. ૧૯૧૨માં થઈ હતી, પણ એણે કોઇ નોંધપાત્ર સિદ્ધિ મેળવી નહોતી. એના કારણમાં એની આંતર વ્યવસ્થા અને કાર્યક્ષમતમાં સંગીનતાનો અભાવ હતો; છતાં એ એક રાષ્ટ્રીય રાજકીય સંસ્થા હતી. લુથુલીને થયું કે આ સંસ્થાને સંગીન પાયા પર મૂકવામાં આવે તો તે જ ભવિષ્યમાં લોકોને આ દુર્દશામાંથી મુક્તિ અપાવી શકે એવી છે. આવી ઉમેદ ને અપેક્ષાથી તેઓ એ રાષ્ટ્રીય સંસ્થામાં જોડાયા.

૧૯૪૮ની ચૂંટણી થઈ અને સ્મટ્સની સરકાર સત્તા પર આવી. એ સાથે રંગભેદની નીતિનો જાણે પ્રાદુર્ભાવ થયો. કાળી પ્રજાએ નીતિ સામે પોતાનો બુલંદ વિરોધસૂર વહેતો મૂક્યો. ગોરા લોકો લઘુમતીમાં હતા. તેઓ જમીનના સાચા માલિક ન હતા. સાચા માલિક તો કાળી જાતિના માણસો જ હતા. પણ ગોરા શાસને અન્યાયી ને સ્વાર્થી કાયદાકાનૂનો ઘડ્યા કે જેના પરિણામે તે જમીનના માલિકો તરીકે રહ્યા જ નહિ. બહુમતી કાળા લોકોની હોવા છતાં રાષ્ટ્રવહીવટમાં એમનું પ્રતિનિધિત્વ ખાસ રહ્યું નહિ. આમ કાયદાકાનૂનના જોરે એ લોકોની જમીનની માલિકી ઝૂંટવાઈ ગઈ તો રંગભેદની નીતિએ એમનું સ્વમાન, માનવ તરીકે જીવવાના મૂળભૂત અધિકારો ઝૂંટવી લઈ એમને પશુ કરતાં ય બદતર જીવનમાં નિર્દયરીતે હડસેલી દીધા. ગોરા લોકો જે વાહનમાં મુસાફરી કરે એમાં એમનાથી બેસાય નહિ, ગોરા જે લૉજમાં જમતા હોય ત્યાં એમને પ્રવેશ મળે નહિ અને ગોરાઓની સામે એમનાથી દલીલબાજીમાં ઊતરી શકાય નહિ. ગુલામ પ્રથાની જાણે નવી આવૃત્તિ!

પ્રજાનો—કાળી પ્રજાનો આત્મા આ બધું જોઈ પુણ્યપ્રકોપે ભભૂકી ઊઠ્યો. અગ્નિ તો ભીતરમાં સળગતો જ હતો પણ એને બહાર આવી ભભૂકવાની કોઈ નિર્ણાયક પળ સાંપડી નહોતી. પ્રજાના હૃદયતલમાં આવો વડવાનલ ભડભડી રહ્યો છે એની કલ્પના પણ સ્મટ્સ સરકારને નહિ આવી હોય અને એથી જ એણે રંગભેદની નીતિને વધારે કડક બનાવી. અને અંતે લોકોએ, લોકોના અવાજના પ્રતીક જેવી આફ્રિકન નૅશનલ કૉંગ્રેસે ખુલ્લો બળવો પોકાર્યો.

પણ એ બળવો હિંસાત્મક કે રક્તમંડિત બળવો નહોતો. ગાંધીજીએ પ્રબોધેલા, અમલી બનાવેલા સત્યાગ્રહના અમોઘ શસ્ત્રથી મુક્તિ પ્રાપ્તિ કરવા માટેનો એ સંગ્રામ હતો. એમાં સવિનય કાનૂનભંગની લડાઈ હતી. સામાને ગોળીથી વીંધીને નહિ, પણ પ્રેમથી, શાંતિથી, વિનયથી, સમજણથી અને અવેરથી જીતવાની વાત હતી.

કૉંગ્રેસની હાકલને માન આપી અનેક સ્ત્રીપુરુષોએ એ અહિંસાત્મક આંદોલનમાં ભાગ લીધો. એમની સામે સરકારી દમનકોરડો વીંઝાયો, લાઠીમાર ગોળીબાર વગેરેનો ઉપયોગ થયો, પણ પ્રજાનો એ જુસ્સો જરા યે શિથિલ બન્યો નહિ. સરકારી જેલો આ અહિંસક સત્યાગ્રહીઓથી જાણે ઊભરાઈ ગઈ—લગભગ આઠેક હજાર જેટલા સત્યાગ્રહીઓ કારાવાસમા પુરાઈ ગયા.

પણ આ આંદોલન દરમિયાન એના પ્રણેતા અને પ્રાણ લુથુલીએ જાહેરરીતે કશો જ સક્રિય ભાગ લીધો નહિ. તેઓ પડદા પાછળ રહીને જ એનું સંચાલન કરતા રહ્યા. આંતરવ્યવસ્થાના અભાવે આંદોલન અકાળે તૂટી જાય એવી ધારણાથી જ કૉંગ્રેસે એમને અંદર રહીને આંતરિક સંચાલનનું કાર્ય સોંપ્યું હતું.

અંતે સરકારને ખબર પડી કે આ આંદોલનને વેગવંતું રાખનાર એનો સંચાલક તો લુથુલી જાતે જ છે. એટલે એણે લુથુલીના ઝુલુજાતિના મુખીપણાના પદને ઝૂંટવી લીધું. પણ આ બાબત લુથુલી માટે તો ઈષ્ટાપત્તિરૂપ જ નીવડી, કારણ કે તેઓ હવે એક નાનકડા પ્રદેશના મુખી મટી એક મોટા દેશના કાર્યનેતા અને કર્ણધાર બન્યા. ત્યાર બાદ એમણે જાહેર રીતે રાજકારણમાં રસ લેવા માંડ્યો અને થોડા સમય બાદ જ તેઓ કૉંગ્રેસના પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા.

સરકાર હવે લુથુલીની શક્તિથી ચોંકી ઊઠી. તેને ભીતિ પેઠી કે લુથુલી પર કશાક અંકુશો અને પ્રતિબંધો મૂકવામાં નહિ આવે તો આ શક્તિસ્રોત્ર આપણા શાસનને ધોઇને નષ્ટ કરી દેશે. લુથુલીએ કૉંગ્રેસના પ્રમુખ બન્યા બાદ દક્ષિણ આફ્રિકામાંનાં નાનાંમોટાં શહેરોમાં જઈ વિશાળ જંગી સભાઓને સંબોધવા માંડી. સરકારના અન્યાયી શાસનની પોકળતા ખુલ્લી પાડવા માંડી. આમ છતાં એમની વાણીમાં વેરભાવનાનો કે લોકોની હિંસાત્મક શક્તિને બહેલાવે એવો એક પણ શબ્દ જોવા મળતો નહિ. સરકારની ટીકા કરતાં પણ એમણે પોતાની વિવેકશક્તિને કદી વિસારી નહોતી. કડવાશનો દંશ, વેરવૃત્તિનો રણકાર કે કટુ વાક્યપ્રયોગને એમનાં પ્રવચનોએ હંમેશ વર્જ્ય જ ગણ્યા હતા. એમની ધીરગંભીર વાણીમાં ઊંડી તર્કશુદ્ધ બુદ્ધિમત્તા અને વ્યાજબી દલીલયુક્ત વિચક્ષણતાનો જ સ્પર્શ જોવા મળતો હતો. એ વાણી એમના અંતર ને મનના વિચારોને અનુરૂપ હોવાથી તે સત્યનો સાચો રણકાર બની લોકોના ચિત્ત પર એક કાયમી ધારી અસર મૂકી જતી હતી.

સરકારને એમની આ વાણીની મહત્તાની પિછાન થતાં જ એણે લુથુલી પર નવો પ્રતિબંધ મૂકી એમને આદેશ આપ્યો કે તમારે શહેરોમાં જવું નહિ અને જાહેર સભાઓ સંબોધવી નહિ. સત્ય અને સ્પષ્ટ વક્તવ્ય પર સરકારે ખંભાતી તાળું માર્યું.

પણ લુથુલીના જીવનમાં હજી યે એક મહાન તક આવવાની હતી એ વાતની ખબર સરકારને ક્યાંથી હોય?—અને એય પાછી ખુદ સરકારને જ હાથે?

ઈ. ૧૯૫૬ની પાંચમી ડિસેમ્બરે, કડકડતી ઠંડીની વહેલી સવારે, લગભગ પાંચ વાગ્યે સરકારી પોલીસના એક ખાસ વિભાગની મોટર લુથુલીના મકાન સામે આવી ઊભી રહી અને લુથુલી પર રાજદ્રોહના આરોપસર એમની ધરપકડ કરી એમને જૉહાનિસબર્ગની જેલમાં પૂરી દેવામાં આવ્યા. આ બનાવે એમને એક રાષ્ટ્રીય વ્યક્તિમાંથી આંતરરાષ્ટ્રીય વ્યક્તિ બનાવી દીધા. જગત પૂછવા લાગ્યું કે આ મહાન નર લુથુલી કોણ છે?

રાજદ્રોહનો આરોપ માત્ર લુથુલી પર જ મુકાયો નહોતો, બીજા લગભગ ૧૫૬ જેટલા સ્ત્રીપુરુષો પર મુકાયો હતો અને એમને પણ જેલમાં પૂરવામાં આવ્યાં હતાં. મુકદ્દમો લગભગ ચાર વરસ ચાલ્યો. અંતે અદાલતે ચુકાદો આપી એમને નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યા.

અસત્ય પર સત્યનો વિજય થયો, અન્યાય પર ન્યાયનો જય થયો હિંસા પર અહિંસાનું વર્ચસ્વ સ્થપાયું, અને ફરી એક વાર લુથુલીએ લોકોની રાજકીય જાગૃતિ અર્થે રાષ્ટ્રવ્યાપી પ્રવાસ આરંભ્યો.

આ પ્રવાસ એક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનો બની ગયો. અગાઉ એમની સભાઓમાં કાળા લોકોની જ હાજરી રહેતી, પણ હવેની સભાઓમાં ગોરા પ્રજાજનો પણ આવવા લાગ્યા. અત્યાર સુધી તેઓ એમ માનતા કે લુથુલી લોકોને ખોટી રીતે ઉશ્કેરી ઊંધે રસ્તે દોરી જાય છે, પણ લુથુલીને સાંભળ્યા બાદ એમને ખાતરી થઈ કે આ માણસ

કોઇ રીતે બિનજવાબદાર વ્યક્તિ નથી. એ જે કંઇ કહે છે એ પૂરેપૂરી જવાબદારીની ભાવનાથી જ કહે છે, અને એની ગંભીરતા સમજે છે.

આ પ્રવાસ સફળ નીવડતો જોઇને વળી સત્તા પર રહેલી ડૉ. વેરવુડની સરકારે લુથુલી પર એવો કડક પ્રતિબંધ મૂક્યો કે એમણે એમના ગામ ગ્રાઉટવિલમાં જ રહેવું, ત્યાંથી બહાર નીકળવું નહિ. આમ વગર કારાવાસે એમને નજરકેદમાં રહેવું પડ્યું. વીસ માઇલની લક્ષ્મણરેખા આંકી એ નહિ ઓળંગવાના સરકારી ફરમાનના કારણે આજ પર્યંત પણ તેઓ નજરકેદીની જ અવસ્થા ભોગવી રહ્યા છે.

આમ તેઓ નજરકેદમાં હતા એ અરસામાં જ દક્ષિણ આફ્રિકામાં રંગભેદના વિરોધમાં જાહેર દેખાવો થયા; શાર્પવીલનાં મોટાં તોફાનો થયાં; પ્રજાજનો પર સરકારનો નિર્દય ગોળીબાર થયો; નયાંગામાં પણ નાનાં મોટાં તોફાનો ફાટી નીકળ્યાં; દેશમાં પાંચ માસની કટોકટીની સ્થિતિની જાહેરાત થઇ. આ બધા બનાવો સાથે તેઓ નજરકેદ હોઇને અલિપ્ત રહેવા જ પામ્યા. અને એક રીતે જોતાં એમને માટે એ એક સારી વસ્તુ બની કહેવાય કારણ કે જો તેઓ નજરકેદ ન હોત તો સરકારને એમના પર એ બનાવો પાછળ એમનો હાથ હોવાનું તહોમત મૂકવાનો મોકો મળ્યો હોત!

એમની અહિંસા ને શાંતિ માટેની સંનિષ્ઠાનો સાચો ખયાલ તો ૧૯૬૦ના વરસમાં એમને વિશ્વખ્યાત નોબેલ પારિતોષક અપાયાનું જાહેર કરાયું ત્યારે જગતને આવ્યો.

અને એમને પણ એ પારિતોષક મળ્યાના સમાચાર કેવી યાદ રહી જાય એ રીતે મળ્યા! એમના નિવાસસ્થાન પર એક મોટર આવી ઊભી રહી. સવાર નો પહોર હતો. લુથુલી પોતાના મકાનના આગળના ભાગમાં ઊભા હતા. પેલી મોટરમાંથી એક વ્યક્તિ બહાર આવી અને લુથુલીને કહ્યું 'આપને માટે એક આનંદજનક સંદેશો લઇ આવ્યો છું. દુનિયાનું સર્વોત્તમ નોબેલ પારિતોષક આપને મળે છે–એક શાંતિદૂત તરીકે.'

જવાબમાં લુથુલીએ કહ્યું : 'ઇશ્વરનો આભાર કે એણે અંતે દક્ષિણ આફ્રિકાની પીડિત પ્રજાના અવાજનો જવાબ આપ્યો.'

પણ આ પારિતોષિક લુથુલીને મળ્યું એ વાતથી ડૉ. વેરવુડની સરકારને અને રંગભેદની નીતિના પુરસ્કર્તાઓને હર્ષ થવાને બદલે રોષ થયો. એ લોકોએ આ નોબેલ પારિતોષિક આપનાર સંસ્થાની આકરી ટીકા કરી. જોહાનિસબર્ગના 'ડાએ ટ્રાન્સવલર' અખબારે આ અંગે ટીકા કરતાં લખ્યું : 'નૉર્વે કે સ્વીડન દેશોનું દક્ષિણ આફ્રિકાએ કશું બગાડ્યું ન હોવા છતાં આ પારિતોષિક લુથુલીને આપીને એને દક્ષિણ આફ્રિકાના મોં પર આ તમાચો મારવાની કઈ જરૂર હતી? આવી દુશ્મનવૃત્તિ દાખવવાનું શું કારણ હતું?'

જે વલણ રશિયાની સામ્યવાદી સરમુખત્યારીએ ડૉ. ઝિવાગોના કર્તા બારિસ પાસ્તરનાકે જ્યારે નોબેલ પારિતોષક મેળવ્યું ત્યારે એના તરફ દાખવ્યું હતું એ જ પ્રકારનું વલણ દક્ષિણ આફ્રિકાની સરકારે આ પ્રસંગે લુથુલી પ્રત્યે દાખવ્યું; બલ્કે આ સરકારની કિન્નાખોરી તો એટલી હદ સુધી ગઈ કે એણે લુથુલીને એ પારિતોષક લેવા ઑસ્લો જવા માટે પરવાનગી પણ આપી નહિ. પરંતુ આ નીતિની દુનિયાનાં અન્ય રાષ્ટ્રોમાં કડક ટીકા થવા લાગી. એટલે અંતે સરકારે લુથુલીને પારિતોષક લેવા જવાનો પાસપોર્ટ તો કાઢી આપ્યો પણ માત્ર દસ દિવસનો!–કે જેથી યુરોપના બીજા દેશોની મુલાકાતે એ ન જઈ શકે.

પણ લુથુલી પ્રત્યે સરકારની કિન્નાખોરીનું છોગું તો બને છે એક બીજી જ બાબત! કૅપટાઉનના રંગીન જાતિના કલાકાર રૅનૉલ્ડ હૅરિસને એક ચિત્ર દોર્યું છે. એનું નામ છે, 'બ્લૅક ક્રાઈસ્ટ'. આ ચિત્ર બતાવવા પર દક્ષિણ આફ્રિકાની સરકારે પ્રતિબંધ મૂક્યો છે, કારણ કે એમાં આલેખવામાં આવેલા ક્રાઈસ્ટનો ચહેરો આ રંગભેદનીતિના પ્રખર વિરોધી લુથુલીના ચહેરાને મળતો આવે છે!

આજે બાસઠ વર્ષની જૈફ ઉંમરે પહોંચેલા લુથુલી પોતાની અહિંસા અને અવેરભાવનાના આદર્શને અવિચલપણે વળગી રહીને સનાતન સત્ય જેવું વચન પૂરી આત્મશ્રદ્ધાથી લેશમાત્ર મનદ્વિધા વિના ઉચ્ચારે છે કે અહિંસા ને શાંતિમય આંદોલન જ બધાં આંદોલનોમાં અસરકારક અને સર્વશ્રેષ્ઠ છે. એ અમોઘ શસ્ત્રમાં જેટલો આત્મવિશ્વાસ ગાંધીજીને હતો એટલો જ આત્મવિશ્વાસ લુથુલી ધરાવે છે.

અને કદાચ એવું પણ કેમ ન બને કે વિષકટોરો સહર્ષ ગટાવી જનાર સત્યવક્તા સૉક્રેટિસની જેમ, ધર્મ તથા પોતાની માન્યતાના પરિપાલનાર્થે વધસ્થંભ પણ જડાઈ જનાર મહાન ઈશુની જેમ, અથવા ગોળીથી વિંધાઈ જનાર અહિંસાના મહાન આરાધક અને ઉપાસક મહાત્મા ગાંધીજીની જેમ દક્ષિણ આફ્રિકાના આ મહાન શાંતિચાહક લોકનેતા લુથુલીનું વ્યક્તિત્વ અને પ્રખર પ્રભાવ દેશકાળનાં સર્વ સિમીત બંધનો છેદીઉચ્છેદી, અખિલ વિશ્વમાં ફરી વળી ભવિષ્યમાં અમરતા પ્રાપ્ત કરે!

(શ્રી રમેશ સૂરજલાલ, શ્રી કે. જે. ભટ્ટ, 'ટાઈમ', 'સનડે ટાઈમ્સ' વગેરેનાં લખાણો ઉપરથી સંકલિત)

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પરદેશનાં પત્રમિત્રો

શ્રી એચ. કે. મહાજન, ઇલેક્ટ્રિસિટી હાઉસ (ચોથે માળે) લાલ દરવાજા અમદાવાદ, બે ઑસ્ટ્રેલિયન કન્યાઓનાં નામ મોકલે છે. સોળ વરસની એ બહેનો પોતાની જ વયનાં પત્રમિત્રો ચાહે છે. પત્રવ્યવહાર કરનારે શ્રી મહાજનના નામનો ઉલ્લેખ કરવો.

(1) Miss Robin Brumely, 23 Gellibrand Street, CAMPBELL, A-C-T (Australia); (2) Miss Jenny Speed, 10, Finis Crescent, NAWABUNDAH, A-C-T (Australia)

નીચેનાં જર્મન બહેનને પણ ૧૬-૧૭ વર્ષની વયનાં પત્રમિત્ર જોઇએ છે: Gitta C/o Birgit Stiess, ENZBERG WORTEMBERG, Pforzheimer Str. 51 (Germany) ઉલ્લેખ એ. એમ. પટ્ટણી, ધુબડા, બહાદુરગંજ, પાલનપુર.

ત્રણ અમેરિકન પત્રમિત્રો :

(1) Miss Muriel E. Reeves, 1014 Riviera Dr. SANTA ANA (California, U.S.A.), Girl, 20 years, Interests : Music, Travel, Tennis, Horseback-riding.

(2) Miss Linda McCalla, 1845, Frimera Street, LEMON GROVE, (California, U.S.A) Girl, Interests: Music, Penfriendship, Playing Chess by post, Talking to people, Reading, etc.

(3) Mr. John Graupner, 101 North Main Street, LAS VEGAS, (Nev., U.S.A.) Boy, Interested in Photography. ઉલ્લેખ: હરેશ નિમાવત C/o સ્ટેશનમાસ્તર, ધોળકા.

સત્યકથા-૧૧

વેવિશાળ

લેખક · મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

ઈ. સ. ૧૯૩૪માં મારાં માતપિતા મારી એક બહેનના વેવિશાળ પરત્વે વિચાર કરતાં એક રાતે મારાં મોટીબા (પિતામહી) પાસે બેઠાં હતાં. તે વખતે મને પણ પાસે બેસાડયો હતો.

અમારી જ્ઞાતિ ઘણી ટૂંકી છે. વૈદું, પૌરાણિક કથાવાચન અને સંસ્કૃત ભાષા-સાહિત્યનું અધ્યાપન એમ ત્રણ પ્રકારના આજીવિકાના માર્ગ જ્ઞાતિના હતા, તે છેલ્લા સૈકામાં સમાજપરિવર્તનને અંગે સાવ તૂટી ગયા. જીવનદૃષ્ટિ ને તજ્જન્ય વ્યવહાર પલટાયાં. પરિણામે બાળકોનાં લગ્ન સરળતાથી સુખરૂપ ન બને તેવો ડર લાગતો હતો. એ વખતે એંશી ઉપરની ઉમરનાં મારાં મોટીબાએ નીચેની મતલબનું કહેલું.

'જમાનો બદલાઇ ગયો છે; નહિ તો છોકરાં વરાવવામાં આટલી ચિંતા ન હોય. ધર્મ પળાય તો સંસ્કાર રળે, ને તો લોકોનો વ્યવહાર વિશ્વાસપૂર્વકનો ને ચિંતા વગરનો હોય. બ્રાહ્મણનો છોકરો એટલે બ્રાહ્મણનો. એ વાણિયાગત ન કરી શકે. ને એ બ્રાહ્મણનો છોકરો કાશીએ ભણ્યો હોય કે પોતાના નાને ગામડે ભણ્યો હોય, ભલે ભારે વિદ્વાન હોય કે કાલોઘેલો હોય, પણ એ છોકરો ખોટું ન બોલે, ધરમ પાળે ને પાપ કરતાં અચકાય, એટલું તો એનામાં હોય જ. એટલે એને જોવા ન જવું પડે, ને નાનપણથી વેવિશાળ કરી દેવાય. નાનપણથી વેવિશાળ કર્યાં હોય તો છોકરાંમાં સામસામી મારાપણાની માયા બંધાય, ને સમજણાં થાય તે પહેલાં મમતાને કારણે એકબીજાનાં સુખદુઃખમાં ભાગ લેતાં થાય. અમારા એ જમાનામાં છોકરાં દેતાંલેતાં મૂંઝવણ ન હતી.'

આમ કહી તેમણે પોતાના દાદા (પિતામહ) મોરારજીભાઇના વેવિશાળની વાત કરી, તે આ પ્રમાણે છે.

સૌરાષ્ટ્રમાં, સોરઠ જિલ્લામાં લીંબુડા નામે નાનું ગામ છે. બ્રહ્મનિષ્ઠ નથુરામ શર્મા એ ગામે થોડો કાળ શિક્ષક તરીકે રહેલા, તેથી તે ગામ કંઈક જાણીતું થયું છે. એ ગામમાં, ઈ. ૧૮૦૦ની આસપાસમાં અહિછત્ર જ્ઞાતિનું એક જ ખોરડું હતું. ઘરમાં બે જ માણસો : એક, સાઠબાસઠ વર્ષની ડોશી ને બીજું, તે ડોશીના દીકરાનો દીકરો, જેની ઉમર પાંચસાત વર્ષની હશે. ડોશીનાં વહુદીકરો બે વર્ષ પહેલાં જ ગુજરી ગએલાં. સીમમાં ચાર ખેતરમાં લાગો હતો તે આજીવિકાનું સાધન હતું.

એ વખતે, ફાગણ-ચૈત્રની એક સાંજે, ડોશીના સાતઆઠ જ્ઞાતિભાઇઓ ચાર ધામની યાત્રા કરીને પાછા ફરતાં, જૂનાગઢથી પોરબંદર જતાં, રસ્તામાં લીંબુડે રાત રહેવા માટે આવ્યા. ઘેર આવી યાત્રાળુઓએ પૂછ્યું, 'છોકરા, તારી ડોશી ક્યાં?'

'બહાર ગયાં છે, સાંજે આવશે.' છોકરાએ જવાબ દીધો.

યાત્રાળુઓએ પોતાની પાસેથી પ્રસાદ કાઢી, ઘરમાંથી થાળી મંગાવીને તેમાં આપ્યો ને કહ્યું : 'છોકરા, કે'જે તારી ડોશીને કે આ ચાર ધામની જાત્રાનો પ્રસાદ છે.'

આમ કહી યાત્રાળુઓ પાછા ફર્યા. દિવસ હજી હતો, એટલે એકાદ આગળને ગામ રહેવાનો તેમનો વિચાર હતો. પાદરે નદી ઓળંગી એ લોકો જ્યાં આગળ ચાલ્યા ત્યાં ઘઉં ભરેલા ગાડા પર બેસી ડોશી સીમમાંથી આવતાં સામાં મળ્યાં. ડોશીએ યાત્રાળુઓને ઓળખ્યા, કહ્યું, 'જાત્રા કરીને આવો છો તેથી એમ ને એમ પાદર વળોટીને નહિ જાવા દઉં, હાલો પાછા.'

યાત્રાળુઓએ કહ્યું : 'પ્રસાદ ઘેર દીધો છે, ઠંડી પણ છે. સારું થયું તમે મળી ગયાં. હવે જઇએ કે જેથી કાલ વે'લા પોરબંદર ભેગા થઇએ.'

'હવે જવાય છે.' ડોશીએ કહ્યું, 'તમે જાત્રા કરીને આવ્યા ને મારે આંગણેથી એમ ને એમ જાવા દઉં તો મને પાપ લાગે. હાલો પાછા. આજે જમી, રાત વિસામો લઇ કાલ સવારે જાજો.'

યાત્રાળુઓ માટે ડોશીને લાડુ કરવા હતા. પૂરતો લોટ હતો નહિ તેથી દળવા બેઠાં. યાત્રાળુઓએ કહ્યું : 'ખીચડી કરી નાખો; ખાશું હળવી.'

ડોશીએ કહ્યું : 'આજ આ ઘેર ખીચડી ન ખવાય.'

'પણ તમે માંદાં રહો છો; કંઈક થાય તો કાળી ટીલી અમને લાગે.'

'કાંઈ ન લાગે.' ડોશીએ કહ્યું : 'ઊલટું મારાં એવાં પુન્ય ક્યાંથી કે તમે જાત્રા કરીને આવો છો ત્યાં તમારે ખભે ચડીને જાઉં?'

ઘંટીનો અવાજ સાંભળી પાડોશણ આવી. કહ્યું, 'મા, મારે ઘેરથી લોટ લાવી છું. અત્યારે થાકયાંપાકયાં દળવું રહેવા દો.'

ડોશીએ કહ્યું : 'મારે ઘેર ચાર ધામના જાત્રાળુઓ ક્યાંથી? ને હું હવે કેટલા દિ'? મારા મોરાર માટે મને આજ તો પુન્ય રળવા દે.'

'લાવો હું દળું.' પાડોશણે કહ્યું.

'તું દળે તો મને શેનું પુન્ય મળે?' ડોશીએ કહ્યું.

ત્યારે પાડોશણે કહ્યું : 'મને તમે પછી દળીને લોટ આપજો; પણ અત્યારે તો આ દઉં છું તે મારો લોટ રાખો.'

ડોશીએ ના કહી. કહ્યું, 'નવા ઘઉંના રાંધી ખવડાવું તો મારા જીવને શાતા રહે.'

ને ડોશીએ સામટા ઘઉં દળ્યા, બાટી કરી, જાતે ખાંડી લાડુ વાળ્યા, ને તાણ કરીકરી ખવડાવ્યા. યાત્રાળુઓ પાસે બેસી ડોશીએ ચારધામની યાત્રાની વાતો સાંભળી. સહુને પગે લાગ્યાં. રાતે સહુ સૂતાં. ને રાતમાં જ અચાનક ડોશીને છાતીમાં દુખવા આવ્યું. બધાં જાગીને ઉપચાર કરે તે પહેલાં તો ડોશી ગુજરી ગયાં!

યાત્રાળુઓએ ડોશીની અંતિમ ક્રિયા કરી.

સ્મશાનેથી સહુ પાછા આવ્યા ને જોયું તો ઓસરીની થાંભલીને બથ ભરીને છોકરો મોરાર છાતીફાટ રોતો હતો. પાડોશણ બાઇ તેને છાનો રાખવા મહેનત કરતી હતી તેમતેમ છોકરાનું રુદન બેવડાતું હતું.

આ જોઈ યાત્રાળુઓમાંથી એકે કહ્યું : 'આપણે તો જશું, પણ આ છોકરાનું શું? એનું કોણ?'

પ્રશ્ન સાંભળીને હાટીના માળિયાવાળા શાસ્ત્રી ધનેશ્વર ડેલીની બહાર નીકળ્યા. સ્મશાનેથી આવી હજી ઘેતિયું બદલ્યું ન હતું.

ધનેશ્વર શાસ્ત્રીએ પાડોશીને ઘેર જઈ કહ્યું : 'કોઇ બહેન કંકાવટી લઇને આવોને?'

પાડોશીને નવાઇ લાગી. પણ તેણે છોકરીને કંકાવટી લઇને મોકલી. ધનેશ્વરે ઓરડામાંથી બાજોઠ મંગાવી, ઓસરીમાં ઢાળી, પાંચસાત વર્ષના મોરારને પાણી પાઈ બાજોઠે બેસાડયો. બીજાઓ પૂછવા લાગ્યા કે આ શું થાય છે. ત્યાં તો ધનેશ્વરે પડોશણ બાઈના હાથે મોરારના કપાળે ચાંદલો કરાવ્યો ને કહ્યું : 'મારી નંદા નામની એકની એક છોકરી આ છોકરાને, છોકરા... તારું નામ શું?'

'મોરાર.' પડોશણે કહ્યું ને છોકરાએ તે ફરી ઉચ્ચાર્યું.

ધનેશ્વરે કહ્યું : 'મારી છોકરી નંદા આ છોકરા મોરારજીને આપી, ને જેશંકર વ્યાસને ખોળે બેસાડી.'

એ જ વખતે ગોળધાણા મંગાવી વહેંચાવ્યા ને વળતે દિવસ સવારે ધનેશ્વર પોતાની સાથે બાળક મોરારને લઈ ગયા.

શાસ્ત્રી ધનેશ્વરે છોકરાને પોતાને ત્યાં રાખ્યો, ભણાવ્યો ને પરણાવી લીંબુડે સ્થિર કર્યો ત્યાં સુધી લીંબુડાનાં ઘરખેતરની યે સંભાળ લીધી.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા
'આહાર અને આરોગ્ય'-૪૦

મસાલા

આમલી · મરચાં · મરી
અજમો · તજલવિંગ · મેથી
જીરું · હિંગ · હળદર

આહારમાં ખાટા, તીખા અને કડવા રસો ખોરાકની રુચિ ઊપજાવનાર, દીપક અને પાચક છે. ખાટા રસના પદાર્થોમાં આમલી, કોકમ, કેરીનાં આંબોળિયાં, લિંબુનો રસ, દહીં, છાશ અને સરકો વગેરે છે. આમાંથી આમલી ને કોકમનો વપરાશ રોજિંદો છે.

આમલી

કાચી આમલી ખાટી છે. પણ રસોઈમાં વપરાતી પાકી આમલીમાં મધુર અને ખાટા બંને રસો છે. ભાવમિશ્ર આમલીને અગ્નિને દીપ્ત કરનાર ને સારક કહે છે, તો વાગ્ભટ્ટ તેને તરસ થાક ને કંટાળો મટાડનારી ગણાવે છે. શ્રી બાપાલાલ વૈદ્ય લખે છે: 'તાવમાં પુષ્કળ બળતરા બળતી હોય તો આંબલીનું પાણી સાકર નાખી પીવા અપાય છે. (રસોઇમાં વપરાતી) આમલી મળનું ભેદન કરનાર, વાયુને તોડનાર ને કબજિયાતને હણનાર છે.' આમલીની ખટાશથી શાકભાજીનું વિટામિન 'સી' થોડા અંશે જળવાય છે.

આમલીને ખટાશ આપનાર બે અમ્લો છે: ટાર્ટરિક અને સાઇટ્રિક. વધારામાં ૩૨·૪૨ પ્રમાણમાં ઈન્વર્ટ શર્કરા છે. આ કારણે ડૉ. ચંદ્ર એનું પોષણમૂલ્ય ઘટાવે છે. ડૉ. મિલ્ડ્રેડ મૅક કૈથાન કલેજા કરતાં પણ (ખજૂર અને) આમલીના ગરભમાં વધારે લોહ હોવાનું લખે છે. રાષ્ટ્રપિતા ગાંધીજીની આમલીના આહારમૂલ્યની પૃચ્છાના જવાબમાં ન્યૂટ્રિશન રીસર્ચ લેબોરેટરીના ડિરેક્ટર ડૉ. ઍક્રૉઈડનું કથન છે કે, 'આમલી અને લિંબુ બન્નેમાં વિટામિન 'સી' છે, લિંબુમાં તેનું પ્રમાણ વધારે છે. આમલીમાં ૧૪ ટકા પ્રમાણમાં ટાર્ટરિક ઍસિડ છે. લિંબુમાં મુખ્ય ઍસિડ સાઇટ્રિક છે. બાકી આ બન્ને ફળોનું આહારમૂલ્ય સરખું છે. આમલીમાં સારક તત્ત્વ છે. આમલીથી તાવ અને વાતરોગ થવાની માન્યતાની તરફેણમાં મારે કશું કહેવાનું નથી.'

આમલીના સારક તત્ત્વ વિષે ગાંધીજીનો અભિપ્રાય છે કે 'ખોરાક સાથે એક ઔંસ ગરભ ખાવાથી ઘણા કેસોમાં દસ્ત સાફ આવ્યો છે. તે શાક ભાત કે દાળમાં ભેળવી શકાય. પૂરતા પ્રમાણમાં ગોળ ભેળવ્યા બાદ તે મુરબ્બારૂપે ખાઈ શકાય. આમલીનું પાણી તાવ ઉતારવામાં લાભદાયી રીતે વાપર્યું છે. લોકો માને છે તેમ તેનાથી શરદી વાતરોગ કે ગૂમડાં થયાં જાણ્યાં નથી. દક્ષિણમાં ભાગ્યે જ કોઇ સ્ત્રી કે પુરુષ એક કે બીજા રૂપમાં આમલી ખાતું નહિ હોય. ત્યાંના પ્રખ્યાત રસમની બનાવટમાં તે મુખ્ય દ્રવ્ય છે.'

લિંબુના રસમાં વિટામિનો અને ક્ષારો છે. શાકભાજી ને દાળમાં લિંબુ નિચોવવાથી વિટામિન 'સી' મળવા સાથે રુચિ અને સ્વાદ પ્રાપ્ત થાય છે. લિંબુના શરબતના શ્રમહારી ગુણો અજાણ્યા નથી.

સરકાની ખટાશ ઍસેટિક ઍસિડને આભારી છે. તૈયાર રસોઈ ઉપર તે છાંટીને યુરોપીય લોકો રસોઇના સ્વાદની લહેજત માણે છે. તેનાથી સખત માંસ ને શાકના તંતુઓ પોચા પડતા હોવાનું કહેવાય છે, પણ હચિન્સન તો કહે છે કે ભૂખ ઉત્તેજવા સિવાય આહારમાં તેનો થોડો ઉપયોગ છે. તેનાથી તરસ છીપે છે ને પરસેવા ઉપર અંકુશ આવે છે.

અમ્લપિત્ત અને હોજરીના ચાંદામાં આમલી અને સરકો અપથ્ય છે. વળી, આમલી સારક હોવાથી અતિસાર મરડા વગેરેમાં હિતાવહ નથી. કોકમ કબજિયાત કરનાર હોવાથી સંગ્રહણી ને મરડામાં લઈ શકાય છે. કોઈ પણ માંદગીમાં રસોઈમાં ખટાશનો સ્વાદ માણવા માટે લિંબુનો રસ પથ્ય છે.

ખાવો ગમે નહિ પણ અરુચિનો નાશ કરનાર કડવો રસ છે. ઘણા લોકોને રસોઇનો ખરો સ્વાદ અને લહેજત આપનાર તીખો સ્વાદ છે. વાગ્ભટ્ટના કથન મુજબ તે દીપન પાચન અને રુચિ ઉત્પન્ન કરનાર છે. ભાવમિશ્ર તેને 'વિષ્ટા ને મૂત્રને સૂકવનાર પણ બુદ્ધિને હિતકારી' કહે છે.

રસોઈમાં તીખો સ્વાદ આણનાર મરચાં અને મરી છે. મરચાંને અપથ્ય લેખી મરી ખાનારા પણ કેટલાક લોકો છે. આપણા પ્રાચીન આહારશાસ્ત્રીઓની તીખા પદાર્થોની યાદીમાં સૂંઠ પીપર મરી હિંગ જીરું રાઈ લસણ તુલસી વગેરે છે. મરચાંનો બિલકુલે ય ઉલ્લેખ નથી. ચરક અને ભાવમિશ્રનું કથન છે કે 'પીપર અને સૂંઠ વીર્ય વધારનાર છે. બીજા તીખા પદાર્થો વીર્યની હાનિ કરનાર છે.' ઘણાખરા તીખા પદાર્થોમાં તૈલી દ્રવ્યો છે. તેમનાં વિશિષ્ટ સોડમ અને ઔષધીય ગુણો એ દ્રવ્યોના લીધે જ છે.

મરચાં

મરચાં લીલા અને સૂકા રૂપમાં વપરાય છે. લીલાં મરચાંમાં વિટામિન 'સી'ની સમૃદ્ધિ અને કેરોટિનની છાંટ છે. બધાં જાણીતાં વિટામિનોમાં વિટામિન 'સી' ગરમી સહી શકતું નથી. શુદ્ધ સ્વરૂપમાં તો તે ગરમીમાં નાશ પામે છે, પણ કુદરતી પદાર્થોમાં તે ગરમી સારી રીતે સહી શકે છે. રાંધવામાં લસણ અને ડુંગળીમાં વિટામિન 'સી'નું પ્રમાણ ઘટે છે પણ પ્રયોગોમાં કોબીજ બટાટા અને વટાણા બાફવામાં વિટામિન 'સી'નો વધારો માલૂમ પડયો છે.

લીલાં મરચાંમાં વિટામિન 'સી' ઓછું છે પણ તે પાકાં થતી વખતે આથવણની ક્રિયાથી વિટામિન 'સી'નું સંયુક્ત રૂપ છૂટું પડવાથી ૨ થી ૧૪ ગણું વધે છે. આવો વધારો લીલાં મરચાં પાણીમાં બાફવાથી પણ માલૂમ પડે છે. રાંધવામાં પાકાં મરચાંમાં ગરભ પોચો પડતાં સંપૂર્ણ નિષ્કર્ષણ (એક્સ્ટ્રૅક્શન) થવાથી વિટામિન 'સી'નો વધારો થાય છે.

થોડાંથી માંડી વધારે તીખાં એવાં મરચાંની અનેક જાતો છે. તેની સોડમથી સ્વાદ ને ગંધની ઇન્દ્રિયો ઉત્તેજાય છે. ખાવાથી મોઢામાં લાહ્ય બળવા સાથે લાળસ્રાવ વધવાથી માંડી હોજરીમાં પણ પાચકરસ વધારે છૂટે છે, જેથી ભૂખ વધે છે અને ખોરાકનું સારું પાચન થાય છે વળી વાછૂટ અને પેશાબની પણ સારી છૂટ થાય છે.

મરી

પ્રાદેશિક ભાવનાઓ ભલે માનવીને વેગળા રાખતી હોય પણ દૂર દૂરના પ્રદેશોમાં પેદા થતા ખાવાના પદાર્થો રોજિંદા વપરાશમાં લેવામાં માનવીમાત્ર ભૂમિમાતાનો સાચો પુત્ર બને છે. જુઓને, મરચાં પાકિસ્તાનમાંથી, હિંગ કાબુલથી, તો સૂકા મેવા ઇટાલી અને અફઘાનિસ્તાનથી આવે છે તો તેજાનાઓ મલબાર સિલોન જાવા સુમાત્રા ઈસ્ટ અને વેસ્ટ ઈન્ડીઝ અને માડાગાસ્કરની પેદાશો છે.

મરીમાં તીક્ષ્ણ સુગંધિત સોડમ અને તીખો સ્વાદ છે જે ફિક્કી રસોઈને સ્વાદિષ્ટ બનાવે છે. મરીનો મિષ્ટ તીખો સ્વાદ પાચનમાર્ગના અવયોને ઉત્તેજક અને વાતચ્છેદક (અં. કારમિનેટિવ–વાછૂટ કરનાર) છે. તે ક્ષુધાદીપક હોવા છતાં ય તેનું વધુપડતું પ્રમાણ દાહક છે. મરીમાં લોહ અને કૅલ્શ્યમ છે. એમાં આવેલાં તૈલી દ્રવ્યો ઔષધીય ગુણો ધરાવે છે. અજીર્ણ અને મંદાગ્નિમાં મરીનો વિશિષ્ટ ઉપયોગ છે.

આદુ

મરચાં નહિ ખાનારને આદુની તીખાશ માફક આવે છે. સુશ્રુતે

આદુને 'સ્વર સારો કરનાર, રુચિ ઉપજાવનાર, પ્રિય લાગે એવું, વીર્ય વધારનાર, કબજિયાત આફરો અને શૂળ મટાડનાર' કહ્યું છે. સુકાવેલું આદુ એ સૂંઠ છે. ગુણ-સમૃદ્ધિને ધ્યાનમાં લઈ ચરકે સૂંઠને વિશ્વભેષજ (रोचनं दीपनं वृष्यमार्द्रकं विश्वभेषजम् ।। સૂત્રસ્થાન ૨૭:૧૩૬)ની ઉપમા આપી છે. આના સમર્થનમાં આદુનું સંસ્કૃત નામ કટુભદ્ર (ભાવમિશ્ર) એટલે 'તીખામાં પણ કલ્યાણકારી'છે. યુરોપીય આહારપદ્ધતિમાં જમતાં અગાઉ ભૂખ ઉઘાડવા માટે એપિટાઈઝર સૂપ (ક્ષુધાદીપક યૂષ) પીવાની પ્રથા છે. ભાવમિશ્ર ખોરાકની રુચિ ઉપજાવવા, જઠરાગ્નિ પ્રદીપ્ત કરવા જીભ અને કંઠને સાફ કરવા ભોજન પહેલાં મીઠું અને આદુ ખાવાનું સદાકાળ માટે પથ્ય' કહે છે. भोजनाग्रे सदा पथ्यं लवणार्द्रक भक्षणम् ।। (હરીતક્યાદિ વર્ગ).

ઊલટી અને ખાંસી માટે આદુના ઘરગથ્થુ ઉપચારો યાદ રાખવા જેવા છે. આદુ ને ફુદીનો કે ડુંગળીનો રસ અપચાની ઊલટી ને તેથી થતો જીવચુંથારો મટાડે છે. આદુનો રસ અને મધ પીવાથી ખાંસી અને કફમાં આરામ થાય છે.

સૂંઠના ગુણ આદુના જેવા છે. તેમાં સમાએલાં વાયવી તેલો ઔષધીય ગુણો ધરાવે છે. તેના વૈદકીય ઉપયોગોને ધ્યાનમાં લઇ ભાવમિશ્ર તેને મહૌષધના નામે સંબોધે છે. 'ઊલટી શ્વાસ શૂળ ઉધરસ હૃદયના રોગ સોજા અરશ પેટનું ચડવું પેટનો વાયુ વગેરેમાં એ ઉપયોગી છે.

ભાવમિશ્રે તાવ અને દાહ વખતે અને ગ્રીષ્મ તથા શરદ ઋતુમાં આદુ ખાવાનો નિષેધ કહ્યો છે.

રાઈ

રાઈમાં આવેલા વાયવી તેલના કારણે તેની તીક્ષ્ણતા છે, જે ભૂખ અને સ્વાદને વધારનાર છે. રાઈનો વપરાશ વઘારમાં થાય છે, જે 'અન્નના વાતદોષને દૂર કરે છે; તે ઉષ્ણ છે એટલે પિત્તપ્રકૃતિવાળા માટે સારી નહિ' (બાપાલાલ વૈદ્ય). રાઇનું તેલ બંગાળીઓ ખાય છે. એમાં આવેલાં ગંધકીય દ્રવ્યોને લીધે બીજાઓને તો તે દાહક નીવડે, પણ ખાવામાં ટેવ મોટો ભાગ ભજવે છે.

અજમો

ભાવપ્રકાશના ગુજરાતી ભાષાંતરકાર શ્રી રવિશંકર જેષ્ઠારામ અજમાની ઓળખમાં મિ. વૂડનું કથન ટાંકે છે: અજમામાં મરચાં અથવા રાઇની તીખાશ, કરિયાતાની કડવાશ અને હિંગના ચૂંક-પ્રશમન અને વાતઘ્ન એ ત્રણે ગુણો એકઠા રહેલા છે. કઠોળમાં વઘાર તરીકે અજમાનો વપરાશ જાણીતો છે. અજમો વાયુનાશક હોઈ એનાથી વઘારેલાં કઠોળ વાયડાં પડતાં નથી. અજમાથી વાછૂટની દુર્ગંધ અટકે છે. વળી વાલ જેવા કઠોળમાં અજમા વિના સ્વાદ પણ ન આવે.

ભાવમિશ્ર અજમાના ગુણ આવા વર્ણવે છે: 'શૂળ વાયુ કફ પેટનું ચડવું ગોટો અને કૃમિને મટાડનાર છે.' અજમો પાચક, રુચિ ઉપજાવનાર અને ક્ષુધા દીપ્ત કરનાર છે. ચૂંક વખતે સોડા બાઈ કાર્બ સાથે અજમો ફાકવાનો ઘરગથ્થુ ઉપચાર કોનો જાણીતો નથી? બાળકોની ઉધરસ અને કફમાં અજમાની પોટલીનો શેક રાહત આપે છે.

તજ–લવિંગ

તજ અને લવિંગનો મસાલામાં વપરાશ તીખાશને બદલે વિશેષ તો સોડમને માટે હોઈ શકે. તજ એ ઝાડની છાલ છે. એની વિશિષ્ટ સોડમ ખાદ્ય-શોખીનોને પ્રિય નીવડે છે. તજ ગ્રાહી અને જંતુનાશક છે.

લવિંગ એ ફૂલની સૂકવેલી કળીઓ છે. એમાં કૅલ્શ્યમની સમૃદ્ધિ છે. વળી વાયવી તેલનું પ્રમાણ વધારે હોઈ એ સુગંધપુષ્ટ છે. લવિંગ ઉત્તેજક જંતુનાશક અને જંતુવિરોધક છે. પ્રચલિત માન્યતા મુજબ લવિંગ ગરમ નથી, પણ ભાવમિશ્ર તેને શીતલ કહે છે. ભાવમિશ્રે લવિંગને હિતકારી, અગ્નિ દીપ્ત કરનાર, પાચન, રુચિ ઉપજાવનાર ને તરસ વમન આફરો શૂળ ઉધરસને મટાડનાર કહ્યાં છે.' અજમા અને જીરાની જેમ લવિંગનો મોઢાની દુર્ગંધ હરવાનો ગુણ સૌને જાણીતો છે.

મેથી

આપણા રોજિંદા મસાલાઓમાં કડવો રસ આપનાર મેથી ખોરાકને વિશિષ્ટ સ્વાદ આપવા સાથે જઠરાગ્નિ પ્રદીપ્ત કરે છે. તેનો આગળપડતો એક જ ગુણ તે વાયુનું શમન કરવાનો છે. એની ભાજી ઠંડી અને પિત્તશામક છે. એનાથી દસ્ત સાફ આવે છે. પિત્ત પ્રકૃતિવાળા માટે તો તે ખાસ ગુણકારી છે.

શ્રી બાપાલાલ વૈદ્ય મેથીના ગુણ આ પ્રમાણે લખે છે: 'વાયુનાશક પૌષ્ટિક શોથઘ્ન (સોજા ઉતારનાર) રક્ત-સંગ્રાહક અને ગર્ભાશય સંકોચક છે. સુવાવડમાં મેથીના લાડુ ખાવાનો ચાલ શાસ્ત્રશુદ્ધ છે. આ લાડુ ખાવાથી સુવાવડી સ્ત્રીને ભૂખ ઠીક લાગે છે, શૌચ સાફ આવે છે અને ગર્ભાશયમાં જે કાંઈ દોષ હોય તે બહાર નીકળી જાય છે. સુવાવડમાંથી ઊઠ્યા પછી વૈદ્ય ડૉક્ટરોનાં ઘર ઢૂંઢતી આપણી ફિક્કીફસ સ્ત્રીઓને મારી ખાસ ભલામણ છે કે તે મેથીના લાડુ ખાય. લાડુ ન ખવાય તો કાચી મેથી ફાકે. સુવાવડી સ્ત્રીઓ માટે મેથી ખરેખર ઉત્તમ બલપદ (ટૉનિક) ઔષધ છે. એમાં પ્રોટિન છે, લોહ છે, અગત્યના ક્ષાર છે.'

મેથીના ઘરગથ્થુ ઉપચારો ઘણા જાણીતા છે. શિયાળામાં મેથીપાક ખાવાથી કમરના દુખાવા અને વાતરોગ દૂર થાય છે. સુવા અને સિંધવ સાથે મેથીનું ચૂર્ણ જમ્યા પછી ફાકવાથી ખોરાક પચવાથી માંડી પેટના વાયુ આફરો ને ઉદરશૂળ મટે છે તથા પચીને દસ્ત આવે છે. મરડામાં શેકેલી મેથી ખાવાથી લોહી પડતું અટકવા સાથે મળની દુર્ગંધ ઘટે છે. સૂતાં અગાઉ મેથી ફાકવાથી સવારે દસ્ત સાફ આવે છે.

જીરું

જીરું રુચિ ઉપજાવનાર, ક્ષુધા પ્રદીપ્તકાર અને પાચન છે. શરીરમાં ઠંડક આપે છે, લોહ અને કૅલ્શ્યમ તથા કૅરોટિનથી સમૃદ્ધ છે.

બાદી માટે હિંગ સિંધવ અને જીરાની ફાકી ઉત્તમ ઘરગથ્થુ દવા છે. ગોળના પાણીમાં જીરાની ભૂકી લેવાથી હેડકીના ઉછાળા શાંત પડે છે; ઊલટી મટાડે છે. હિંગાષ્ટક ચૂર્ણમાં અને ચૂંક ઝાડા ઊલટી વગેરે બાળરોગોમાં ઉપયોગી ગ્રાઈપ વૉટરમાં પણ જીરાનો સમાવેશ રહેલો છે.

હિંગ

રસોઈની સુરુચિ ઉપજાવવામાં અગ્રસ્થાન ધરાવતી હિંગ એક જ એવું રોજિંદા મસાલાનું દ્રવ્ય છે કે જે પેદા થાય છે હિંદ બહારના દેશોમાં (જ્યાં એનો વપરાશ નથી) પણ ખાવામાં વપરાય છે આપણા દેશમાં. હિંગની પેદાશ થાય છે પૂર્વ ઈરાન અને અફઘાનિસ્તાનમાં. ફેરૂલા નામના ઉપજાતિ છોડનું એ ઝરવણ (એક્ઝુડેશન) છે. ચાર પાંચ વર્ષની ઉમરના છોડનાં મૂળને છેદીને ધોળો રસ એકઠો કરવામાં આવે છે. તાજો રસ ચામડીને દાહક હોવાથી તેમાં ચુનાદાર પદાર્થ, લાકડાનો વહેર આદિ ભેળવીને સૂકાયા બાદ એકઠો કરવામાં આવે છે. આ છે આપણા રોજિંદા વપરાશની હિંગ.

ફેરૂલાની ઘણી જાતોના રસ જુદાજુદા નામે ઓળખાય છે. બે જાણીતાં નામ હિંગ અને હિંગરા છે. ગંધસમૃદ્ધ હિંગ હિંદમાં મસાલા તરીકે, તો હિંગરા યુરોપમાં દવામાં વપરાય છે. યુરોપીય લોકોને હિંગની ગંધ ગમતી નથી. આપણે ત્યાં દાઉદી વહોરાઓ ધાર્મિક કારણોસર હિંગ ખાતા નથી.

હિંગની ઘણી જાતો છે. એમાં હદ્દા નામની જાત અતિ ગંધવાન છે. એ હિંગ એટલી તો જલદ છે કે તે ચામડીને અડકતાં તીવ્ર દાહ ઉપજાવે છે, એની ઝેણથી આંખોમાં લાહ્ય બળે છે. ખાવામાં વપરાતી

હિંગ શુદ્ધ રૂપમાં નથી મળતી. કાં તો તે હિંગરા કે ગુંદર સ્ટાર્ચ વગેરે સાથે ભેળવેલી હોય છે.

હિંગની વિશિષ્ટ ગંધ તેના તૈલી ભાગમાં સમાએલી છે. એમાંના વાયવી તેલમાં ગંધકના સંયુક્ત પદાર્થો છે. ગંધકના બંધારણ અને થોડા અંશે ગંધમાં સરખા સંયુક્ત પદાર્થો લસણ ડુંગળી અને રાઈના તેલમાં પણ છે. અરે કૉફીની સોડમના સમૂહમાં પણ લસણ અને હિંગમાં વસેલો ગંધકનો સંયુક્ત પદાર્થ આવેલો છે. ગંધકયુક્ત પદાર્થોને ઉગ્ર અને અપ્રિય ગંધ છે. પણ બીજી ગંધ સાથેના યોગ્ય મિશ્રણ કે મિલાપથી તે સ્વીકાર્ય બને છે. અસલ રૂપમાં તો કસ્તૂરીની વાસ પણ ન ગમે એવી છે. હિંગ લસણ અને કાંદાની ગંધોના મળતાપણાને લીધે તેમને એકઠાં કરી રૂચિકર ગંધ ઉપજાવવી શકચ બને ખરી? કૉફીની સોડમને હિંગ સાથે મેળવી તેને દઢ કરનારી એક અમેરિકી પેટન્ટ છે પણ ખરી!

મહર્ષિ ચરક હિંગના ગુણ આ પ્રમાણે વર્ણવે છે, 'મલબંધનો નાશ કરનાર, ગરમ, અગ્નિદીપક, હલકી, શૂળને મટાડનારી, વાચક અને ભોજનને સ્વાદિષ્ટ બનાવનારી છે.' (સૂત્રસ્થાન ૨૭: ૨૯૪) સુશ્રુત વધારામાં તેને 'અજીર્ણ અને અધોવાયુને ટાળનાર' લખે છે. હિંગના ઉત્પાદનને દર્શાવનારું તેનું બાલ્હીક નામ દર્શાવી ભાવમિશ્ર એના ગુણ 'કૃમિને મટાડનાર અને પિત્ત વધારનાર' ગણાવે છે.

મસાલા ઉપરાંત હિંગના ઔષધીય વપરાશ જાણીતા છે. હિંગાષ્ટક શિવાક્ષાર હિંગ્વાદિ વગેરે હિંગની આયુર્વેદીય બનાવટો છે. હિંગનો બીજો વપરાશ અફીણનું ઝેર ઉતારવામાં છે. હિંગને પાણી કે છાશમાં ઓગાળીને પાવાથી અફીણનું ઘેન ઊતરે છે.

હળદર

આગળ આપણે ખોરાકને સ્વાદિષ્ટ અને રુચિકર બનાવનારાં સ્વાદ અને સોડમને વખાણ્યાં, પણ ખોરાક પ્રત્યે સુરુચિ ઉપજાવનાર રંગના હિસ્સાને આપણે કેમ ભૂલીએ? મરીમસાલાઓનો વિશિષ્ટ રંગ રસોઈ પકડે છે ખરી પણ તેને આંખે ઊડીને વળગે એવો ચંપાવર્ણો પીળો રંગ અને કડવો-તીખો રસ (ભાવમિશ્ર) આપનાર તો હળદર છે.

ગુણ પ્રમાણે ભાવમિશ્રે હળદરનાં સંસ્કૃત નામો ગણાવ્યાં છે. એનો રંગ ઉત્તમ છે. તે ખાવાથી તથા ચોપડવાથી ચામડીનાં સુંવાળપ અને સૌંદર્ય વધતાં હોવાથી એનું એક નામ વરવર્ણિની છે. વળી તે આવા ગુણોને લીધે સ્ત્રીઓને ગમતી હોવાથી તેનું બીજું નામ યોષિતપ્રિયા છે. ત્રીજું નામ હૃદવિલાસિની છે. વધારામાં રાત્રીદર્શક નિશા, રજની, ગૌરી આદિ સંસ્કૃત શબ્દો પણ હળદરના પર્યાયો છે.

મદ્રાસ બંગાળ જાવા ને ચીનમાં હળદરની પેદાશ છે. એ દરેક જાતના આકાર રંગ અને થોડા અંશે સોડમમાં પણ ફેર હોય છે. રંગ માટે મદ્રાસની હળદર વખણાય છે.

ભાવમિશ્ર હળદરને 'કડવી તીખી, ચામડીના દોષ અને પાંડુરોગ મટાડનાર' કહે છે. તે ગ્રાહી જંતુઘ્ન અને રસોઇને બગડતી અટકાવે છે. તેમાં ચરબી પ્રોટીન સાથે થોડું વિટામિન 'એ' છે, લોહથી સમૃદ્ધ છે.

રસોઈ ઉપરાંત અગાઉના જમાનામાં ઊન, રેશમ કે સૂતર રંગવામાં હળદરનો ઉપયોગ થતો હતો. આજે યુરોપ-અમેરિકામાં પણ પનીર ચીઝ, અથાણાં વગેરેને સોડમ અને રંગ આપવા હળદર વપરાય છે.

શ્રી બાપાલાલ વૈદ્ય હળદરને રસાયન ગણાવી આ પ્રમાણે લખે છે: 'યકૃતને ઉત્તેજિત કરી બળવાન કરવાની શક્તિ હળદરમાં છે. વિશ્વભરના વૈદક-છાપાંઓમાં અગ્રસ્થાન ભોગવતા લૅન્સેટમાંના લેખકે એ 'શોધ' કરી છે કે યકૃતને ઉત્તેજિત કરી બળવાન કરવાની શક્તિ જેટલી હળદરમાં છે તેટલી બીજા કશામાં નથી.'

હળદરના ઘરગથ્થુ ઉપચારો ઘણાના જાણીતા છે. દૂધમાં હળદર નાખી પીવાથી કંઠ ખુલ્લો થઇ કફ જલદી છૂટે છે. હળદર અને ગોમૂત્ર શરીરે ચોળવાથી ખંજવાળ મટે છે. હળદર અને આમળાં એક એક પૈસા ભાર અને બે પૈસા ભાર જેટલો ગોળ સવારસાંજ લેવાથી અતિમૂત્રતા મટે છે. વાવડિંગના ઉકાળા સાથે હળદર પીવાથી પેટના કૃમિનો નાશ થાય છે. ગઈ કાલ સુધી ઘરઆંગણે થતી પ્રસૂતિઓમાં પ્રસૂતા સ્ત્રીઓને યોનિમાર્ગમાં હળદર ને તેલનાં પૂમડાં મૂકવાથી ચેપમાંથી મુક્તિ મળતી હતી. હળદરનો આ જંતુઘ્ન ગુણ તપાસ માગે છે. દક્ષિણમાં પ્રચલિત હળદર અને તેલનો અભ્યંગ જાણીતો છે. નાનાં બાળકોને હળદર અને દૂધની મલાઈ ચોળવાથી ચામડી મુલાયમ બનવા સાથે ગૌરવર્ણી પણ બને છે. (ચાલુ)


ખાતેપીતે સાજા (અનુસંધાન પૃષ્ઠ ૧૬૪થી) એનો ગુણ છે અને તે મરી જાય તો પછી કશું રહેતું નથી. છોતરાં જ ખાધાં ગણાય.

જેમને અનુકૂળતા હોય તેઓ આવું શાક રોજ જ, વધારાની વાની તરીકે ખાઇ શકે. યાદ રાખવું ઘટે, કે જમવા બેસતી વેળા જ એને વધારી લઇ ગરમાગરમ, સહેતું સહેતું ખાવાનું છે. કલાક અરધો કલાક રાખી મૂકવાથી, રહેવા દીધાથી પણ તેમાં વાયુ ઉત્પન્ન થશે. તેને ફરી ગરમ કરી લેશો તો પણ વાયડું તો બન્યું જ હશે અને તે અવગુણ ફરી ગરમ કર્યાથી પૂરો નાશ પામશે નહિ. એક વાત ખરી કે બધા જ માણસો આ સગવડ ભોગવી નહિ શકે (નોકરિયાત, મુંબાઈગરા વર્ગને સવારે નહિ ફાવે, પણ સાંજે તો ફાવે); પણ જેમને 'ગુણ' જોઇએ જ છે, 'ગૅસ' નસાડવો જ છે, તેમને આમ કરવાની ભલામણ છે, ને મારી ખાતરી છે કે કઠણ ન બન્યા હોય તેવા કોઠા પર, પ્રારંભિક વાયુ-તકલીફ હશે ત્યારે તો આ કરામત અવશ્યલાભકારક નીવડવાની છે.

ગૅસધર માનવીઓએ, વધારામાં, અવારનવાર કરવા જેવી કરામત તે કારેલાંનું શાક છે. જેમને ભાવે તેમણે, અગર ન ભાવવા છતાં ગુણ ખાતર ખાવા તૈયાર હોય તેમણે તેનો સપ્તાહમાં એક યા બે વાર અવશ્ય ઉપયોગ કરવો. કારેલાં તો 'કાચાં' ખાવાનાં નથી, પણ ત્યારે તેને 'ખરાં કડક બળેલાં' પણ બનાવવાનાં નથી. રાખી શકાય તેટલાં લીલાં રાખવાં, સખત રાંધવાં નહિ. બાળકોને 'ખરાં' ને 'સખત' જ ભાવે છે. લીલાં કારેલાં વધારે કડવાં લાગે એ વાત દેખીતી છે, પણ આપણે તો આહાર દ્વારા જ રોગ-પ્રતિકાર કરવો છે ને? તો પછી આ ચેપળાવેડા કેમ ચાલે?

બીજો પણ એક સરસ ઉપાય છે. અવારનવાર 'અજમો ને મીઠું' નાખેલી પૂરી કે ભાખરી ખાતા રહેવાથી સારો લાભ રહેશે. અજમો ને મીઠું દવા તરીકે ફાંકી પણ શકાય. જીરું-મીઠું નાખેલી પૂરીનો પ્રચાર ગુજરાતમાં વધારે પ્રમાણમાં છે. પણ શહેરી જીવનમાં અજમા-નિમકવાળી પૂરી-ભાખરીનો ઉપયોગ વધારવા જેવો છે. કદાચ જીરા-નિમકયુક્ત પૂરી જેટલી તે લહેજતદાર નહિ લાગે, પણ જરાક ટેવ પાડી લીધાથી તેના પર પણ પ્રીતિ ઊપજશે. નાનીનાની તકલીફો માટે વૈદ હકીમ દાક્તરને ત્યાં દોડવું યોગ્ય પણ નથી, ખર્ચાળ પણ ખરું ને વખત પણ બહુ લે. આગલી પેઢીમાં એવી દોડાદોડ નહોતી. આહાર-ફેરફારીથી અગર તો ડોશીમાના 'ઝોયણા'માં રાખેલાં નજીવા જ ખર્ચવાળાં કડુ-કરિયાતું એળિયો-અશેળિયો જેવાં ઓસડિયાંના સાદા સીધા ઉપયોગથી નિકાલ થઈ જતો. હવે વિભક્ત કુટુંબપદ્ધતિમાં ડોસાં ડગરાંનો 'ઉપયોગ' રહ્યો નહિ, કદાચ ખૂંચતાં પણ હોય. આઝાદી વધતી ચાલી, પણ એ આઝાદી તબિયત બરબાદી સાથે પણ કંઈક દોસ્તી ધરાવે છે. તે પરત્વે જાગ્રત રહેવું હોય ને બરબાદીમાંથી બચવું હોય તો આવી બધી બાબતોનો અભ્યાસ રાખવો ઘટે.





પચ્ચીસ વર્ષ પહેલાં

આપણી ભારતીય ચિત્રકલાની આગવી પ્રણાલિ છે. તે સમજવા માટે પ્રાચીન ગ્રંથોમાં ચિત્રો, ચિત્રકારો તથા ચિત્રપ્રેક્ષકો (ભાવકો ચિત્રનો ઉપયોગ કરનારાઓ) વિષે વિવિધ નિયમો-નિરૂપણો આપેલાં છે. શ્રી મંજુલાલ ર. મજમુદારે તે તારવી કાઢીને 'હિંદી ચિત્રકલાનું સ્વરૂપ' એ નામથી આજથી પચ્ચીસ વર્ષ પર એક લાંબો અભ્યસનીય લેખ સંસ્કૃત શ્લોકોનાં અવતરણો સાથે આપેલો. તેમાંનો પ્રસ્તુત ભાગ, તેનાં ઉદાહરણો રૂપ ચિત્રો સાથે ઉતારીએ :

"ભારતીય ચિત્રકલાનો સમજપૂર્વક રસાસ્વાદ લેવા માટે પહેલવહેલો તેનાં મંતવ્યોનો સહજ પરિચય આવશ્યક છે. કલા એ ભાવનાની ભાષા છે; ને જે કલા અંતઃકરણને સૂક્ષ્મ આનંદ આપી શકે તે જ કલા 'લલિત' કહેવાય છે. હુન્નરઉદ્યોગની કલા 'ઉપયોગી' છે; અને તેથી ઉપયોગપૂરતી કલા તેમાં બતાવવામાં આવે છે. જે કલાદ્વારા ઇંદ્રિય ઉપરાંત બુદ્ધિને પણ સૌંદર્યની પ્રતીતિ થાય તે ખરી 'લલિત કલા' છે. 'લલિત' એટલે 'સુંદર' અને 'લલિત કલા' એટલે તે કલા જે સૌંદર્યનું ભાન કરાવે અને તે દ્વારા સાત્ત્વિક આનંદનો ઉપભોગ કરાવે. વાસ્તુ, શિલ્પ, ચિત્ર, કાવ્ય, સંગીત, નૃત્ય અને અભિનય એ બધી લલિત કલાઓ છે. કોઇપણ પ્રજાની સંસ્કૃતિનો ખયાલ એની કલાના ઇતિહાસ ઉપરથી આવી શકે છે. વ્યક્તિમાત્રનું જીવન નાશ પામે છે, પરંતુ વ્યક્તિઓના જીવનનો ઉલ્લાસ વ્યક્ત કરનારી કલાઓ તેમના પછી પણ જીવે છે; અને તે દ્વારા રાષ્ટ્રનો સાંસ્કૃતિક ઇતિહાસ રચાય છે.

જે સાધનો વડે અને જે વસ્તુ ઉપર ચિત્રનું આલેખન કરવાનું હોય છે તેને અનુલક્ષીને ચિત્રના ત્રણ કે ચાર પ્રકાર ગણાયા છે :

[૧] ધૂલિચિત્ર, જેમાં રંગોળી, સાંઝી વગેરેનો ક્ષણજીવી પ્રકાર આવી જાય છે.

[૨] સાદૃશ્યચિત્ર અથવા સત્યચિત્ર: જેમાં સંસારની વસ્તુઓનું તદ્દત્ ચિત્રણ હોય તે 'સત્ય' ચિત્ર, જેમાં મુઘલ કલાની તસવીરો અને બીજા દરબારી દેખાવોનો સમાવેશ થાય છે; છતાં ફોટોગ્રાફીની કલાથી એ ભિન્ન છે.

[૩] રસચિત્ર : જેના દર્શનમાત્રથી ચિત્રનો ભાવ-ચિત્રની વ્યંજના સમજાઈ જાય તે 'રસચિત્ર'. આ અંકનું મુખચિત્ર 'બાજબહાદુર અને રૂપમતી' તથા પાછલા પૃઠામાંનું રાધાકૃષ્ણનું ચિત્ર એ 'રસચિત્રો'ના સુંદર નમૂના છે.

[૪] અર્ધચિત્ર અથવા વિદ્ધચિત્ર : અમુક દૃષ્ટિકોણથી જોવા માટે કાઢેલું, ઉપસાવેલું.

[૫] વૈણિક અથવા વસ્તુવિધાન : ઘણાં પાત્રો અને આકૃતિઓનું એક ચિત્રમાં પ્રમાણ-



'નાગરાજ-કાશીરાજનો સમાગમ'. અજંતાનું આ આલેખન 'વૈણિક ચિત્ર'નો સાદો નમૂનો છે. તેમાં ઉપલી હારમાં છેલ્લે હાથમાં થાળ ધરી રહેલી સુંદરી 'પૃષ્ઠાગત ચિત્ર'નું દૃષ્ટાંત છે. 'અનૂજ્ઞ'ને 'સમાનત'નાં દૃષ્ટાંત પણ આમાંછે. આ પાનાને મથાળે છે તે 'પરાવૃત્ત ચિત્ર'નો નમૂનો.

શીલ અને માં નથી મળતી. (નમૂના માટે જુઓ પાછળનું અ...ાય ...ી ભીંત પરનું ચિત્ર)

હિંદી ચિત્રો મોટે ભાગે રસચિત્રો અથવા ભાવચિત્રો હોય છે. કૅમેરાથી આવતી હૂબહૂ નકલો જેવું સાદૃશ્ય ચીતરવું એમાં કલા નથી; કારણ કે યંત્રનો સંબંધ કલ્પના સાથે છે. પાર્થિવ વસ્તુઓનું આલેખન કરતી વખતે ચિત્રસાદૃશ્ય અવશ્ય વ્યક્ત થવું જોઇએ. કોઇની પ્રતિમા કે છબી બનાવવામાં ચહેરો આબેહૂબ આવે તે આવશ્યક છે; પરંતુ કલાકાર કેવળ અનુકરણ કરીને સંતોષ માનતો નથી, પણ બ્રહ્માની જેમ હમેશાં નવાં સર્જન કરવામાં મગ્ન રહે છે. આ સામેનું રાજપૂત કલમનું ચિત્ર 'પરર્સ્પેક્ટિવ'ની દૃષ્ટિએ સત્ય ચિત્ર નથી, છતાં તે વાર્તાકથનની શૈલીનું અચ્છું રસચિત્ર છે.


ચિત્રલક્ષણ

કયા ચિત્રને સુંદર કહેવું તે માટે ગ્રંથોમાં એવી વ્યાખ્યા આપી છે કે જે ચિત્રમાં માધુર્ય તેજ અને સજીવતા હોય, હમણાં બોલી ઊઠશે એવો ભ્રમ થાય તે જ ચિત્ર સુંદર કહી શકાય. વળી ચિત્રમાં આવનારી આકૃતિઓનાં પ્રમાણ, કદ, તેનું સ્થાન (pose) ભાવવ્યંજના વગેરે પણ ઠરેલાં ધોરણે જ હોવાં જોઇએ; તો જ ચિત્ર સર્વાંગ સુંદર બને. દેવ, રાજા, ઋષિ, ઇતર મનુષ્યો, એનાં ચિત્રણમાં સામાન્ય માણસ કરતાં રાજા કંઈક ઊંચો બતાવવો અને રાજા કરતાં વળી દેવને ઊંચો ચીતરવો, જેથી પ્રત્યેકની મહત્તા ધ્યાન ખેંચી રહે. દેવોનો ચહેરો વધારે સુંદર અને તેજસ્વી બનાવવો; રાજા અગર દેવના માથા ઉપર કાળા વાંકડિયા વાળ ચીતરવા; સ્ત્રીઓ હમેશાં તરુણ અને ઊભેલી બતાવવી. તેમનાં મુખ ઉપર લજ્જા અને વિનય દેખાડવાં. આ પ્રકારની ભાવવ્યંજના તથા ભિન્નતા આંખ તત્કાળ પારખી કાઢે તે સારુ જ અમુકઅમુક રંગ વાપરવા તેની પણ માર્મિક સૂચના 'ચિત્રલક્ષણ' જેવા ગ્રંથમાં આપેલી છે. ચિત્રના ઢાળિયાને-આલેખનને 'હસ્તલેખ' કહ્યો છે. એ હસ્તલેખ ઉપર 'ચિત્રાંકન' થયા પછી છેવટની ઝીણવટભરી સજાવટ–finishing touch–ને 'ચિત્રોન્મિલન' કહે છે.

ચિત્રનાં છ અંગ

ત્રીજા શતકમાં રચાએલાં 'કામસૂત્રો'ની લગભગ દસમા શતકમાં લખાએલી 'જયમંગલા'ટીકામાં ચિત્રનાં છ મુખ્ય અંગ બતાવનારો શ્લોક છે:

रुपभेदा: प्रमाणनि भावलावण्ययोजनम् ।
सादृश्यं वर्णिकाभंग इति चित्रं षडङ्गकम् ॥



આગત-પતિકા નાયિકા: કાંગડી કલમનું આ સુંદર ચિત્ર રસચિત્રનો ઉત્તમ નમૂનો કહી શકાય.

ચિત્રના ભિન્ન વિષયોનું જ્ઞાન તે રૂપભેદ; અંગ અને સ્થાનના પ્રમાણનું યથાયોગ્ય જ્ઞાન તે પ્રમાણ; શરીર ઉપર દેખાવાના મનોવિકાર તે ભાવ; સુંદર અને ચિત્તાકર્ષક ભાગનું આલેખન તે લાવણ્યયોજન; કુદરતની યથાસ્થિત નકલ તે સાદૃશ્ય; અને રંગ તથા શલાકા (પીંછી)નો ઘટતો ઉપયોગ તે વર્ણિકાભંગ; –આ પ્રમાણે ચિત્રનાં છ અંગ જેમાં અનુસ્યૂત હોય તે ચિત્ર ઉત્તમ કહેવાય.

ચિત્રનાં સ્થાન–Poses

'ચિત્રસૂત્ર'કારે તેમ 'ચિત્રલક્ષણ'કારે છબી –પ્રતિમા (portrait) માટે નવ પ્રકારનાં સ્થાનો વર્ણવ્યાં છે: આલેખનમાં શરીરનો અને મુખ્યત્વે કરીને મ્હોંનો કેટલો ભાગ દેખાવો જોઇએ તે ધ્યાનમાં લઇ, આ નવ પ્રકારના ભેદ બતાવવામાં આવ્યા છે:

(૧) ઋજ્વાગત-સંમુખ અથવા અભિમુખ: frontal elevation.

(૨) અનૃજુ–અર્ધાભિમુખ: semifrontal–એક બાજુ.

(૩) સાચીકૃત શરીર–oblique or three-quarters: દોઢચશ્મ તસ્વીર, જેમાં એક બાજુ બંને આંખ દેખાય.

(૪) અર્ધવિલોચન–profile: જેમાં એક જ આંખ માત્ર દેખાય એવું એકચશ્મ ચિત્ર. (જુઓ પાછલા પૂઠામાંનું રાધાકૃષ્ણનું ચિત્ર)

(૫) પાર્શ્વાગત–પૃષ્ઠ ભાગ–back ele-

vation: જેમાં પીઠનો ભાગ દેખાય (જુઓ, નીચે મંજીરાં વગાડતી અજંતાની નર્તકી.)

(૬) પરાવૃત્ત- જેમાં અર્ધું મ્હોં બીજી બાજુ દેખાય. (જુઓ આ લેખની શરૂઆતમાં મથાળે આપેલું ચિત્ર)

(૭) પૃષ્ઠાગત-ત્રણ ચતુર્થાંશ-ઊલટા ક્રમે: (જુઓ નાગરાજ-કાશીરાજ સમાગમના ચિત્રમાં છેક ઉપરની હારમાં છેલ્લું હાથમાં થાળ ધરી રહેલી સુંદરીનું ચિત્ર)

(૮) પરિવૃત્ત-જેમાં બીજી આંખ માત્ર દેખાય. (જુઓ મંજીરાં વગાડતી અજંતાની બીજી નર્તકીનું નીચેનું ચિત્ર)

(૯) સમાનત-જેમાં ગમે તે એક બાજુ નમેલો ભાગ દેખાય. (જુઓ નાગરાજ-કાશીરાજનું ચિત્ર)

આ ઉપરાંત, મુખ સામું પણ શરીર તીરછું અને મુખ તીરછું પણ શરીર સંમુખ એવાં 'સ્થાન' પણ ચિત્રકારોને સાધ્ય છે.

ભારતીય ચિત્રોમાં ઘણે ભાગે 'અર્ધવિલોચન' અથવા 'એકચશ્મ'વાળી તસવીરો મળી આવે છે અને આ આસનમાં, શરીરનો ત્રણચતુર્થાંશ ભાગ ચિત્રકાર બતાવી શકે છે. પ્રાચીન સંપ્રદાય એવો છે કે વ્યક્તિઓના શરીરનો વધારેમાં વધારે ભાગ અનુકૂળતા પ્રમાણે બતાવવો જોઇએ. (જુઓ બાજબહાદુર—રૂપમતી તથા રાધાકૃષ્ણનાં ચિત્રો.)

દોઢઆંખ દેખાય એવી તસવીર જેને અંગ્રેજીમાં three-quarters profile કહે છે એનો પ્રચાર પણ ભારતીય ચિત્રકારોમાં વિશેષ છે; પરંતુ અકબર તથા જહાંગીરના સમય પછી એકચશ્મ તસવીર—profileનો જ ઝાઝો પ્રચાર થયા કર્યો છે.

ઘણા પ્રેક્ષકોને ભારતીય ચિત્રકલામાં perspective બતાવવાના યુરોપીય રિવાજનો અભાવ ખૂંચે છે. ઈટાલીમાં ચૌદમી સદીમાં આ પ્રથાનો પ્રારંભ થયો. જેમ રંગભૂમિમાં પ્રેક્ષક નાટ્યપ્રયોગ જુએ છે, તેમ ચિત્રરચના પણ પ્રેક્ષકના એક નિશ્ચિત-બરાબર સામેના દૃષ્ટિકોણથી હોવી જોઇએ. તેજછાયાથી ઊંડાઈ બતાવવાની રીત પણ આને લીધે જ યુરોપમાં શરૂ થઇ હતી.

કૅમેરાનાં તદ્રૂપ ચિત્રો અમુક દૃષ્ટિકોણથી જ લઈ શકાય છે; પરંતુ હિંદી ચિત્રકારને તો પોતાની કૃતિમાં શક્ય તેટલું વિસ્તારપૂર્વક આલેખન કરવું હતું, તેથી એક જ ચિત્રમાં અનેક દૃષ્ટિબિંદુઓથી એ આલેખન કરે છે. યુરોપીય પદ્ધતિ પ્રમાણે જો એ કામ કરે તો તેને જેટલાં દૃષ્ટિબિન્દુ તેટલાં ચિત્રો દોરવાં પડે.

આમ હોવાથી જ મુઘલ કલમનાં તેમજ રાજપૂત કલમનાં કેટલાંક ચિત્રોમાં ઘરની અંદરના તેમજ ઘરની બહારનાં દૃશ્યો એનીસાથે જોવા મળે છે. (જુઓ સામેના પાનાનું ચિત્ર)



જેમાં પીઠનો જ ભાગ દેખાય તે પરિવૃત્ત અને પાર્શ્વાગત ચિત્રનાં ઉદાહરણો

ચિત્રકલામાં શિષ્ટાચાર

ચિત્રકારે ચિત્ર દોરતી વખતે શું શું ધ્યાનમાં રાખવું ઘટે તે માટે એક શિષ્ટાચાર નક્કી કરેલો છે. ચિત્રકાર નદી બતાવે ત્યારે તેમાં વહાણ અને જળચરો પણ બતાવવાં જોઇએ; આકાશ શ્યામ હોય ત્યારે અનેક તારા સહિત અને એ ફિક્કું ભૂરું હોય ત્યારે ઊડતાં પક્ષીઓ સહ બતાવવું જોઇએ વગેરે. એટલે કેવળ મુખ્ય વસ્તુનું સાદૃશ્ય ચીતરવા ઉપરાંત, ચિત્રકારે બીજી અનેક ભાવનાઓ પોતાના ચિત્રમાં ભરવાની હોય છે, જેથી એનું ચિત્ર માત્ર કોઈ પણ વસ્તુની હૂબહૂ નકલ ન બની રહે પરંતુ તેમાંથી એક 'રસચિત્ર' ઊભું થાય.

ચિત્રના માનવપાત્રની વયને અનુસરતો વેષ-પહેરવેશ બતાવવો, અને વયને છાજે કે શોભે તેવો અંગવિન્યાસ તથા જે ભાવ વ્યક્ત કરવો હોય તેને અનુરૂપ રંગપૂરણી કરવી.

વળી અમુક ચિત્ર કેમ ઓળખવું તે માટે જેમ શિષ્ટાચાર છે તેમ, એવાં ચિત્રો ઘરના કયા ભાગમાં મૂકવાં અને કેવાં ચિત્ર બીલકુલ જ ન દોરવાં તે માટે પણ આચાર્યોએ વિધિ-નિષેધ ઠરાવી મૂકયા છે.

યુદ્ધનાં, સ્મશાનનાં તથા કરુણ ને અમંગલ પ્રસંગનાં ચિત્રો રહેવાના સ્થળમાં કદી ન રહેવા દેવાં. રાજસભા અને દેવમંદિરોમાં બધા પ્રકારનાં ચિત્રો રહી શકે; પરંતુ સામાન્ય સ્થાનોમાં શૃંગાર, હાસ્ય અને શાંત રસનાં ચિત્રો જ દોરાવવાં જોઇએ."

ખાતેપીતે સાજા

નટવરલાલ માલવીનું આહારવિજ્ઞાન

'એટા ઓત્યંતો ભાલો. એટા કિ?' 'એટા કિ?' 'એટા કિ?'

બારેક બંગાળી સંન્યાસીઓ જમવા બેઠા હતા. ને બારેય એક ગુજરાતી પેય ચીજ પર આફરીન થઈ રહ્યા હતા: 'એટા કિ? એટા ઓત્યંતો ભાલો! (આ તો બહુ સરસ ચીજ છે! શી છે એ?)'

તે હતું આપણું ગુજરાતી ઓસામણ.

ગુજરાત-મિલન-મંદિરના એ ગ્રૅડ્યુએટ, ડબલ-ગ્રૅડ્યુએટ ને અર્ધ-ગ્રૅડ્યુએટ, વિદ્વાન અને ત્યાગી બંગાળી સંન્યાસીઓને મેં એક વાર જમવા તેડ્યા, અને ઇતર વાનીઓ સાથે ઓસામણ પણ પીરસ્યું.

મને કલ્પના જ નહિ કે ઓસામણ શી ચીજ છે તેની બંગાળમાં કોઇને ખબર નથી! મહારાષ્ટ્રમાં પણ ઘણું કરીને આ વાનગી અજાણી છે. કૉલેજકાળના ચારેક મહિના હું મહારાષ્ટ્રીય ભોજન લાગલાગટ જમ્યો છું, પણ તેમાં એકે વાર 'ઓસામણ' ખાવા મળ્યું નહોતું—પ્રોફેસર જેવા જ ભવ્ય ને ગરવા લાગતા અમારા શંકરરાવ ભટજીને ગુજરાતી સારી પેઠે આવડતું, અને (મૂછે હાથ દઇ કહેતા તેમ) સેતલવાડ જેવા ગુર્જર પરિવારોમાં એમણે રસોઇયાગીરી કરેલી હતી, તો પણ!

મેં આને ગુર્જર વાની લખી, પણ તે પછી તુરત વિમાસણમાં પડી ગયો. લગભગ બધી ગુર્જર વસાહતોમાં, ૧૫–૧૬ દેશોમાં હું ફર્યો. અસંખ્ય અને વિવિધકોમી, વિવિધસ્થાનીય, ગુજરાતના ઘણાખરા તાલુકાના વતનીઓને ત્યાં મહેમાન બન્યો, ખાધું પીધું, છતાં 'ઓસામણ' ખાવાનો લાભ તો એક જ* ઠેકાણે મળ્યો, ને તે યે મારી પંડની માગણીથી જ. યજમાન બહેને બીતાંબીતાં કહ્યું: 'ભાઈ, મેં તો કદી બનાવ્યું નથી! પણ તમે કહો છો તે પ્રમાણે બનાવીશ, સારું-નરસું જે થાય તે ખરું. તમારે ખાવું જ છે, તો વળી અજમાવી જોઉં.'

'અજમાવવા જેવું' એ કંઇ મહાદુષ્કર કાર્ય નહોતું કે નિષ્ફળ જાય, સાવ સહેલી વાત, એટલે મેં લહેજતથી ખાધું.

પણ ઓસામણ 'લહેજત' જ નથી. એનું બીજું પણ મહત્ત્વ છે. તે પછી જોઈએ. પહેલાં તો આ ઓસામણ શી ચીજ છે એ સમજીએ.

એક લેખે તો એ 'દાળનું પાણી' જ છે. તુવેરની (યા બીજી) દાળને પાણીમાં ઓરી દે. પછી તે ચડી જાય, એટલે નીચે બેઠેલો દળ રહેવા દઈ ઉપરનું આછ જેવું પાણી નિતારી લેવાનું. બાકી રહેલી લચકા જેવી દાળ ફરી ચૂલે ચઢાવી હળદર-મીઠું નાંખી ખદખદાવવી. (એમાં ખાંડ પણ નખાય છે.) એ રીતે તૈયાર થયેલી વઘાર વિનાની એ વાનગી તે ઘાટી દાળ કે લચકો દાળ; ક્યાંક મોળી દાળ કે કોરી દાળ કહે છે.

ને બાકી રહેલું પાણી (જરૂર મુજબ બીજું વધારાનું ઉમેરી) ફરી ચૂલે ચડાવી બધો મસાલો નાખી ઉકાળવાનું. ગૉળ-કોકમ (એટલે ગૉળ-ખટાશ) સહેજ બહાર પડતાં રાખવાનાં, ને ઊકળી ગયા પછી રાઈ-જીરાનો વઘાર કરવાનો (હિંગ કાચી જ નાખવી); અને પછી સારી પેઠે કોથમીર અને ખમણેલું કોપરું નાંખવાનાં. આ થયું ઓસામણ. એ જ ઓસામણની આ વાત છે. હસવાની પણ ખરી.

ઘણીક વાર, માંદગીમાંથી લગભગ ઊઠ્યા પછી દાકતરને મોઢે સાંભળ્યું હશે કે 'ખાવામાં ફક્ત દાળનું પાણી લેજો, દાળ નહિ.'

એ 'દાળનું પાણી' ને આ 'ઓસામણ'માં બહુ થોડો ફેર છે. 'દાળનું પાણી' તે તૈયાર થઈ ગએલી (મસાલાયુક્ત) દાળને હલાવ્યા વિના ઉપરનું પાણી તારવી લેવાય તે. જ્યારે ઓસામણ તો તેને પહેલેથી જુદું તારવી લઈ, ઉકાળી, મસાલો વઘાર તથા ભભરામણી નાખેલું હોય.

પણ મંદ પાચનશક્તિ અને 'ગૅસ'ની રોજેરોજની વધતી જતી માંદગી—એટલે વિસ્તરતી જતી તકલીફનો ભોગ બનેલા, અગર ભોગ બનાશે એવી ધાસ્તીવાળા માણસો કાજે આ ઓસામણ ખરેખર અતિ આશીર્વાદ સમાન છે; સેવવા લાયક ખાદ્ય છે. 'દાળનું પાણી' સ્વાદિષ્ટ નથી લાગતું, આ ઓસામણ તો અતિ લહેજતદાર બને છે. 'ગૅસ'—વાયુ ઉત્પન્ન કરનારો, દુર્જર એટલે કે મુશ્કેલીથી પચે તેવો દાળમાંનો ઘન પદાર્થ એમાં હોતો નથી, તેથી એ અત્યંત જલદી પચી જાય છે; એટલું જ નહિ, પણ એમાં ખટાશ સહેજ બહારપડતી રહે છે એટલે ઈતર પદાર્થ પચાવવામાં પણ મદદરૂપ બને છે. અને મંદાગ્નિવાળા, ઓછી પાચનશક્તિવાળા માનવીઓ દાળનો ત્યાગ કરી (કદીક જ ખાવાનું રાખી) રોજિંદા ભોજનમાં આ 'યૂષ' એટલે કે ઓસામણનો ઉપયોગ શરૂ કરે, તો તેમને તે અતિ લાભકારક થઈ પડશે. સામાન્ય રીતે આ યૂષ ભાતમાં ખાતી વેળા સાથે પેલી લચકો દાળ પણ ભેળવવાનો રવૈયો છે. પણ જેમને વૈદકીય ગુણ જોઇએ છે તેમણે લચકો દાળનો ત્યાગ કરવો. નહિ તો 'એ ભગવાન એના એ' જ થઈ પડશે. ભાતમાં જરાક વધારે ઓસામણ નાખીને ખાવાથી લહેજતમાં વાંધો આવતો નથી ને પાચનશક્તિ પર બોજો પડતો નથી.

અમારે ત્યાં સામાન્ય રીતે એવો રિવાજ હતો, કે સાંજે બહાર જમણવારમાં ગયાં હોઈએ કે ભારે ભોજન ખાધું હોય ત્યારે બીજે દિવસે અમારાં માતાજી ઓસામણ જ બનાવતાં. નહિ તો પણ મહિનામાં લગભગ ચારેક વાર તો ઓસામણ થાય જ. સૂરત અમદાવાદના ઓશવાળ વણિકોમાં રોજ જ ઓસામણ રાંધવાનો રિવાજ છે; અને લચકો દાળ કરે ખરા, ખાય પણ ખરા, પણ બહુ ઓછી. સૂરતના વણિક સમુદાયમાં આ વાનીનો પ્રસાર ઠીક ઠીક છે, બીજાઓમાં પણ છે. પણ મને લાગે છે કે ગુજરાતનાં ઈતર પંથકોમાં એ એટલું બધું જાણીતું નથી, વપરાતું નથી. ને જ્યાં પાચનશક્તિ તીવ્ર હોય ત્યાં એની જરૂર પણ ન પડે. સ્વાદ માટે વપરાય તો વપરાય. પણ આજે શહેરી પ્રદેશોમાં પાચનશક્તિ ઉત્તરોત્તર ઘટતી જાય છે ત્યાં આ વાનીનો વ્યાપક પ્રચાર કરવા જેવો છે. ગામડાં ભાંગી શહેરો વસે છે, વસતિ ગીચ થતી જાય છે, માથા દીઠ સ્વચ્છ હવા ઓછી મળે છે, પાણી પણ કંઈક બિનકુદરતી જ પીવાં પડે છે, દોડધામ, હાડમારી, ચિંતા, મગજમારી વધારે, તેથી પણ પાચનશક્તિ ઘટે છે; અને અપચામાંથી વાયુની ઉત્પત્તિ થતાં, છેલ્લાં વીસ પચીસ વરસથી ગૅસ નાશક દવાઓનો ખપ વધતો ને વધતો ચાલ્યો છે. કદાચ દાક્તરી દવાખાનાંમાં પણ પચાસેક ટકા દર્દી ગૅસની તકલીફ લઈ ને જ આવતાં હશે! એવા કાળમાં ને એવા પરિવારોમાં ઓસામણ ખાવાનો રિવાજ દાખલ કરવા જેવો છે. એથી દાળનું પોષક તત્વ મળશે ને તેમાંનો દુર્જર પદાર્થ તજી શકાશે, વળી લહેજત પણ સંતોષાશે. તે માટે કોપરું-કોથમીર વાપરવાં જરૂરી રહેશે.

અને અજીર્ણપ્રાપ્ત આ વાયુરોગ–ગૅસના ઉપચારનો વિચાર કરવા બેસીએ ત્યારે બીજી પણ ઘણી વાનીઓ યાદ આવે છે. એ બધીનો વપરાશ થતો તો રહે જ છે, ગૅસદર્દીના પરિવારમાં પણ થતો હશે, પણ કદાચ પદ્ધતિસર, સમજપૂર્વક ને જરૂરિયાતને અનુસરીને નહિ થતો હોય. એટલે થોડી ચર્ચા અવશ્ય ફાયદો કરશે.

* આ લેખ લખાઇ ગયા પછી અચાનક સાંભરી આવ્યું: ટાંગાનિકામાં ડોડોમા ખાતે ઓસામણ મળ્યું હતું.

ગૅસ થતો અટકાવવા અને થયો હોય કે થતો હોય તો તેનું જોર ભાંગવા માટે આપણા રોજિંદા વપરાશના મસાલા બહુ ઉપયોગી થઈ પડે છે. કદાચ રાઇ તેમાં સર્વશ્રેષ્ઠ છે. આમ તો રાઈ વઘાર રૂપે પેટમાં જાય જ છે, પણ તે મૂળ અગર ગુણકારી રૂપે નહિ, બળી જઇને; એટલે થોડો સ્વાદ આપે છે, કંઇક ગુણ પણ આપતી લેખીએ, પણ બરાબર તો નહિ જ. વળી વધારામાં હવે શહેરો ને મોટા કસબાઓમાં રસોઇ માટે ગૅસ વપરાતો થયો છે, ઉત્તરોત્તર એનો પગપેસારો ગામડાંમાં પણ થતો જ જવાનો ને થોડે વરસે ગૅસરસોઇ, સુધરેલા ને સમૃદ્ધ દેશોની પેઠે, ઘરઘર વ્યાપી જશે. આવા ગૅસ-ચૂલા પર તૈયાર કરેલો વઘાર ઘણી વાર વધારે પડતો બળી જઈ લગભગ નિરૂપયોગી થઇ જાય છે, વૈદકીય દૃષ્ટિએ તો ખાસ. પણ ગૅસનો ઉપયોગ એ બદલાતા જતા જમાનાની અનિવાર્ય સગવડ લાગે છે, એટલે તેની સામે બળાપો કરવાનો કશો અર્થ નથી.

પણ વઘાર સિવાય બીજી રીતનો રાઇનો અતિ સુંદર ઉપયોગ આપણા વડવાઓએ શોધી કાઢચો છે, સૂરતમાં તો તેનું સારું જેવું ચલણ છે; પણ મને વહેમ છે, કે ગુજરાતના ઇતર જિલ્લાઓમાં એ ઉપયોગ કદાચ જાણમાં હોવા છતાં વ્યાપક નથી, યા તો ભુલાતો-ભુંસાતો જાય છે. એ છે 'રાઈતું' (રાયતું). રાઇને ગોળી વળે તેવી વાટી, જરાક તેલ નાખી, તેમાં ઝણઝણાટી ઉત્પન્ન થાય ત્યાં સુધી ખૂબ ફીણવાની. તે પછી એ રાઈ પ્રમાણસર, ચીભડાંની છીણ દહીં ને મીઠું મરચું આદિમાં ઉમેરવાની, એટલે ચીભડાંનું રાઈતું થાય. એ જ રીતે બટાટાને બાફી, તેમાં તેલ મીઠું ને હળદર સાથે લસોટીને ફીણેલી રાઇ નાખી, છઆઠ કલાક રહેવા દીધાથી બટાટાનું (કે સુરણનું પણ) રાઈતું થાય. કેળાંનું, દ્રાક્ષનું, ને બીજી ઘણી ચીજોનું એમ બાફચા વગર રાઈતું થઈ શકે.

માત્ર દહીં ભેળવીને બનાવેલી વાનીને પણ ઘણા 'રાઈતું' કહે છે, પણ રાઈ વિનાની આવી ચટાકા-વાનગીને રાઈતું કહે છે તે ખોટું છે; કેમકે રાઈને સારી પેઠે ફીણીને જોશ ચડાવ્યા વિના 'રાઈતું' બને જ નહિ. એવી પણ માન્યતા છે કે રિસાળ માણસને હાથે ફિણાય ત્યારે રાઇમાં વધારે ઝણઝણાટી આવે છે! ભોળાં માનવીને હાથે પણ ઝમઝમાટી વધુ ઊપજે, પણ કપટી, મીંઢા કે તકરારી માણસને હાથે વધારે જોશ પેદા ન પણ થાય. આ વાત કેટલે અંશે સાચી હશે તે માપી શકાય તેમ નથી. કોઇએ જ માપ્યું કે ચકાસ્યું નહિ હોય. પણ રાઈ ખરેખર ચડી અગર ચગી હોય ત્યારે તેની ઝણઝણાટી નાકમાં થઈ ઠેઠ માથામાં પણ પહોંચી જાય છે. બલકે એવું ઝમઝમાટ રાયતું ખાવામાં જ મઝા છે. ને ગુણકારી પણ એ જ વધારે છે. ફીણનારા કે ફીણનારીની કળા પર આધાર, ને રાઇની જાત પર પણ ખરો જ. ઘણું કરીને કાળી રાઈ બહુ જોશદાર નથી બનતી, રાતી રાઈમાં વધુ ઝમઝમાટ હોય છે.

અને આવું 'રાઈતું' એ ખરું જોતાં દવા છે—ગણીએ તો; કેમકે એનાથી બાદી, અપચો, મંદાગ્નિ ને પેટબગાડનો નાશ થાય છે. પાતળા રેચ થતા હોય તો તે પણ અટકાવી દે છે, રુચિ ઉત્પન્ન કરે છે, ભૂખ લગાડે છે અને 'ગૅસ'નો નાશ કરે છે.

એટલે શહેરી જીવનમાં લપટાએલાં અગર ગૅસના દર્દથી પીડાતાં, અગર ભાવિમાં તેનો શિકાર થવાની દહેશતવાળાં કુટુંબોમાં સપ્તાહમાં એક અગર બે વાર રાઈતું ખાવાનો રિવાજ જ કરી દેવો. પાકશાસ્ત્ર-ની ચોપડીઓમાં ઘણીઘણી જાતનાં રાઈતાં બતાવેલાં હોય છે, કુશળ ચતુર ઘરનારીઓ નવીનવી જાતનાં પણ બનાવી શકે. અમે પોતે ઘણાં વરસ સુધી દર ગુરુવારે, એટલે કે સપ્તાહની વચ્ચોવચ, તમતમતું ઝમઝમતું રાઈતું ખાવાનો રિવાજ જ પાડી દીધો હતો, અને મારું માનવું છે કે તેનાથી અમને સારો જેવો લાભ થયો છે.

રાઈ અગ્નિનું સ્વરૂપ છે. એનું પોટીસ તો હવે જાણે ભુલાતી જતી ચીજ લાગે છે. બાકી ત્રીસ-ચાળીસ વરસ પર ગરમાટો લાવવા માટે રાઇનું પોટીસ મારવાનો રિવાજ વ્યાપક હતો. દાક્તરો પણ તેનો ઉપ-યોગ કરતા. તે પછી ઍન્ટીફ્લોજેસ્ટાઈન જેવી કારખાની બનાવટોનો યુગ આવ્યો, ને જે કામ ઘરમાં ને ઘરમાં, રાઈના પોટીસથી પતતું તે આ બજારુ પોટીસ પર ગયું. એ બનાવટ અળશીની છે. રાઈની જેમ અળશીનાં પોટીસનો રિવાજ પણ આપણે ત્યાં હતો જ.

કોઈક દિવસ અચાનક જ બાદી જેવું લાગે ને રાઈતું બનાવવાનો કંઈ લાગ ન મળે તો તેનો કંઈ ઉપાય ખરો? હા જી, તેનો ઉપાય પણ છે. ઘરમાં કાયમી રાઈતું રાખવાનો. એ છે આપણું 'રાઈતી કેરી'નું અથાણું. એ પ્રકાર જાણીતો છે, નવું એમાં કશું નથી અને ઘણેક ઘેર 'રાઈતી કેરી' બનાવીને વરસભર વાપરે જ છે. સ્વાદ માટે એનો વપરાશ થાય છે. પણ ગુણ માટે એનો ઉપયોગ કરવા સારુ થોડોક સુધારો જરૂરી છે. 'રાઈતી કેરી' સામાન્ય રીતે ચૈત્ર વૈશાખ મહિને, કેરીની મોસમમાં બનાવાય છે. તે વેળા તો રાઈનો ઝમઝમાટ તેમાં સારો હોય. પણ પછી ઉત્તરોત્તર, એટલે કે શ્રાવણ ભાદરવો થતાં રાઈની તેજી ઓ-સરે છે, સ્વાદ પણ હળવો બને છે ને તે રીતે ગુણ પણ કમી થાય છે. તેનો ઉપાય એ, કે બબ્બે ત્રણત્રણ મહિને થોડીક બીજી રાઇ ફીણીને અંદર ઉમેરી દેવી. એથી તેમાં ફરીથી ઝમઝમાટ અને બાદીનાશક ગુણ ઉમેરાશે. માત્ર કેરીનું જ રાઈતું અથાણું થાય છે એવું નથી; ગુંદાંનું, ગરમરનું, બોરનું પણ થાય છે ચીભડાંનું પણ 'ખારિયાં' નામથી થાય છે. આ બધી જાણીતી ચીજો છે, વપરાય જ છે, પણ એની ગુણમત્તાનો બારે માસ લાભ લેવા દર બબ્બે મહિને નવી 'તેજી' ઉમેરવી ઉપકારક છે.

ત્રીજો ઉપચાર કાચાં શાકનો છે. એ વાત છેલ્લાં થોડાં વરસમાં જાણીતી થઇ છે, પણ સ્પષ્ટ કે ગુણકારી સ્વરૂપમાં નહિ. કાચાં શાક એટલે કે મૂળા, મોગરી, ટમેટાં, ચીભડાં, ફલાવર, કોબી વગેરે. આ શાકોમાંથી ચીભડાંને બાદ કરતાં બધાંમાં સારો પાચક ગુણ છે, અને ગરમાટો પણ છે, વાયુનાશક લક્ષણ છે. પણ એનો ખરી રીતે ઉપયોગ થતો નથી. જે થાય છે તે ખોટો છે એમ કહેવું પડશે. ટૂંકમાં કાચાં શાક કાચાં તરીકે કદાચ બહુ જ થોડા સમુદાયમાં ખવાય છે. અમારા વર્તુળના ઘણા પરિવારોમાં એ શાકની ચેની રીતે થાય છે, જુઓ:

મૂળા કે મોગરી કે કોબીને સમારી યા છીણી કાઢો. પછી તેને થોડો વખત મીઠામાં રાખી નીચોવી નાખો. ટામેટાં, ફ્લાવર, ચીભડાં વગેરેને મીઠું દેવામાં આવતું નથી. ફલાવર નીચોવવાની યે જરૂર પડતી નથી. જમવા બેસતાં પૂર્વે, ત્રણેક મિનિટ અગાઉ, તપેલું ચૂલે ચડાવી તેમાં, તેલ હિંગ-રાઈનો કે ખાતા હો તેવો વઘાર મૂકો. વઘાર તૈયાર થતાં જ પેલી છીણ તેમાં નાંખી દ્યો, અને અરધી મિનિટ કે એક મિનિટ હલાવીને ઉતારી લ્યો. શાકને 'ચડવા' અગર 'પોચું પડવા' ન જ દેવું. 'કાચું' જ, એટલે કે ઠીકઠીક ચાવીને ખાવું પડે એ હાલતમાં જ રાખવું. એ રીતે આ શાક અત્યંત વધારે સ્વાદિષ્ટ બને છે, તેનો મૂળ સ્વાદ ને (તેથી જ) ગુણ પણ ટકી રહે છે, અને ઇતર પદાર્થોના પાચનમાં તથા મળને પરિપક્વ કરવામાં મદદરૂપ બને છે.

ઘણે ઠેકાણે આવાં શાકોમાં પાણી નાખવાનો ને પાણી ન નાખે તો યે એને ચૂલા પર વધુ વખત રાખી અત્યંત બફાવા દેવાનો રિવાજ છે. એ રીતે કરેલા શાકમાંથી ગુણ ને સ્વાદ બંને ચાલ્યા જાય છે, કેટલાક લોકો આવાં શાકમાં લિંબુ નીચોવીને ખાય છે, એટલે એમાં લિંબુનો સ્વાદ તેમને મળે છે, પરંતુ શાકનો પોતાનો સ્વાદ તો બળી જ ગયો હોય છે, અને સાથે 'ગુણ'ને પણ લેતો ગયો હોય છે. મોગરી-મૂળામાં જે તીખાશ છે તે પોતે જ (અનુસંધાન પૃષ્ઠ ૧૫૯ ઉપર)


શતરંજ

લેખક · સુરેશ મોદી

વજીરવાળી અંતની પરિસ્થિતિઓ

વજીર વિરુદ્ધ પ્યાદાં

વજીર ઘણો જ શક્તિશાળી હોઈ તે ગમે તેટલાં પ્યાદાં સામે જીતી શકે છે. પ્યાદાં કેટલાં છે તે નહિ પણ કેટલાં આગળ છે તે વધુ અગત્યની વાત છે. એક જ પ્યાદું હોય તો તેને ડ્રૉની સહેજે પણ તક માટે સાતમી પંક્તિ ઉપર હોવું અને રાજા નજીક હોવો જરૂરી છે. આમાં સૌથી અઘરી સ્થિતિ આપણે જોઇએ :




અહીં જીતવા માટે પ્યાદું કંઈ પણ આપ્યા વિના મારવું જોઇએ. તે માટે પ્યાદું ત્યાં જ હોય તો રાજા અને વજીર બન્ને તેની ઉપર હુમલો કરે તેમ આવવા જોઇએ. આમ કરવાની એક જ રીત છે : કાળા રાજાને પોતાના પ્યાદાંને રોકે તે ખાના ઉપર ધકેલવો અને સફેદ રાજાને નજીક લાવવો. જુઓ–

1 Q–B7ch, K–N7; (1…, K–K8થી સફેદનું કામ સહેલું થાય છે.) 2 Q–K6, K–B7; 3 Q–B5ch, K–N7; 4 Q–K4-ch, K–B7; 5 Q–B4ch, K–N7; 6 Q–K3, K–B8; 7 Q–B3ch, K–K8 (પહેલું કામ પૂરું થયું. રાજાને જ્યાં લાવવો હતો ત્યાં લવાયો.) હવે સફેદ રાજા નજીક આવે છે. 8 K–B6, K–Q7; 9 Q–B2 (હવે પ્યાદું pin થયું), K–Q8 (9…, K–Q6? નહિ, કારણકે 10 Q–Q1! તરત જીતશે.) 10 Q–Q4ch, K–B7, 11Q–K3, K–Q8; 12 Q–Q3ch, K–K8; 13 K–Q5 સફેદ રાજાને એક ચાલ ચાલવા પહેલાં તેની તૈયારીમાં બીજી ચાર ચાલ જાય છે. તે ધ્યાનમાં રાખવા જેવી વાત છે.

13…, K–B7; 14 Q–Q2 આગળની જેમ જ, પણ આ વખતે બીજી તરફ. 14…, K–B8; 15Q–B4ch, K–N7; 16Q–K3, K–B8; 17Q–B3ch, K–K8; 18K–Q4, K–Q7; 19 Q–B2, K–Q8; 20 K–Q3. હવે તો કાળું પ્યાદું વજીર થઈ જાય તેમ છે, છતાં સફેદ જ જીતે છે. 20…, P–K8(=Q) 21 Q–B2 mate. પણ જો 20…, P–K8 (=N) તો 21 Q–Q2 mate. જીતવાની બીજી રીત છે 18 K–K4 (K–Q4ને બદલે) K–Q7; 19 Q–Q3ch, K–K8; 20 K–B3, K–B8; 21 Q × Pch, K–N8; 22 Q–N2 mate.

આ બે રીતમાં પહેલી રીત વધુ આકર્ષક છે અને વળી એક ચાલ વહેલી મ્હાત કરે છે, પણ બીજી રીત વધુ સહેલી લાગે છે.

ઉપરની સ્થિતિમાં પ્યાદું રાજાની પંક્તિ ઉપર છે. પણ જો તે ઊંટ કે હાથીની પંક્તિ ઉપર હોય તો Stalemate થઈ શકે છે. નીચેના ચિત્રોમાં સફેદ રાજાને દૂરથી(એ રાજા દૂર છે એટલે બતાવ્યો નથી.) નજીક લાવવા માટે ચાલ જ મળી શકે તેમ નથી.




ડાબી બાજુના ચિત્રમાં 1 Q–N3ch, K–R8. હવે જો સફેદ રાજા નજીક આવવા જાય તો Stalemate થાય; માટે વજીરે કાળા રાજાને બહાર નીકળવા જગ્યા આપવા ચાલવું જ રહ્યું. આથી રાજા નજીક આવી ન શકે અને સફેદ જીતી શકે નહિ. જમણી બાજુની સ્થિતિમાં 1Q–N3ch, K–R8(K–B8 નહિ). અને હવે 2 Q × P Stalemate થાય. જો સફેદ રાજા નજીક લાવવા જાય તો કાળું પ્યાદું વજીર થાય. અને વજીર શેહ આપે તો રાજા પાછો N8 ઉપર આવી જાય.

વજીર અને પ્યાદા વિરુદ્ધ વજીર

આવી સ્થિતિ લગભગ ડ્રૉમાં જ પરિણમે છે. કારણ કે જેની પાસે ફક્ત વજીર જ હોય તે સામા પક્ષના રાજાને શેહ આપ્યા જ કરે છે. જ્યારે શેહ ન આપી શકાય ત્યારે પ્યાદાને અણીઠ કે બ્લૉક કરીને રોકી શકે છે.

આટલું નહિ, પણ જ્યાં એક પક્ષે ત્રણ અને એક પક્ષે ચાર પ્યાદાં હોય ને બધાં જ પ્યાદાં એક તરફ હોય ત્યાં પણ જીત લગભગ અશક્ય જ છે. જ્યાં બન્ને બાજુ પ્યાદાં હોય ને વજીરની બાજુએ એક Passed pawn થાય તેમ હોય ત્યાં એક વધુ પ્યાદાથી જીતી શકાય છે.



અહીં સફેદ કેવી રીતે જીતી શકે છે તે જોઇએ. 1Q–B8ch, K–N2; 2Q × P, Q–R8ch; 3K–K2, Q × NP; 4 P–QR4, Q × RP; 5 P–R5, Q–N5ch; 6 K–Q2, Q–B6; 7 P–R 6, Q × BPch; 8 K–Q3, K–B8ch; 9K–Q4, K–Q8ch; 10K–B5, Q–B8ch; 11K–Q6, Q × KP; 12P–R7, Q–N6ch; 13K–Q7, Q–N5ch; 14K–Q8, Q–R5ch; 15Q–K7, Q–R5; 16Q–K5ch, K–R3; 17Q–N8, Q–R4ch; 18K–K8, Q–R5ch; 19K–B8. અને હવે સફેદ રાજાને શેહ આપી શકાય તેમ નથી તેથી તેનો બીજો વજીર થશે ને તે જીતશે.


આ રમતમાં સફેદ મહોરાં શતરંજના સૌથી મહાન ખેલાડીઓમાંના એક એવા ડૉ. અલેખાઈનના હતા અને છતાં તે રમત જીતી શક્યા ન હતા. આના ઉપરથી આમાં જીત કેટલી મુશ્કેલ છે તેનો ખયાલ આવશે.

વજીર વિરુદ્ધ હાથી

અહીં પ્યાદાં ન હોય કે બન્ને પક્ષે પ્યાદાં હોય, જીત વજીરવાળા પક્ષની જ હોય છે. પણ પ્યાદાં ન હોય તો વધુ મુશ્કેલ છે. ડ્રૉ માટે હાથીવાળા પક્ષે રાજા અને હાથીને બાજુમાં રાખવા આવશ્યક છે. નહિ તો વજીર એક તરફથી શેહ આપીને બીજી તરફથી હાથીને મારીને જીતે. વજીરવાળા પક્ષે આ નીતિ સામે જીતવા રાજા અને હાથી બન્નેને બે ડેના એક ખૂણા તરફ ધકેલવા પડે છે ને આગળ આપેલા ચિત્ર જેવી પરિસ્થિતિ લાવવી પડે છે.

તેમાં કાળો ગમે તેમ ચાલે પણ થોડી ચાલમાં તે હાથી ગુમાવશે જ. દા. ત –

જો 1 .., R–N8; 2 Q–Q4ch, K–N1; 3Q–B4ch, K–R1; 4Q–B8ch, K–R2; 5Q–B2ch, K–N1; 6Q–R2ch, K–R2; 7 Q–R2ch, K–N1; 8 Q × Rch, અને જીતશે. બીજી રીતે જોઈએ. જો 1…, R–R2; 2 Q–R5ch, K–N 1; 3Q–N4ch, K–R2; 4Q–R3ch, K–N1; 5Q–N3ch,



K–R2;6Q–R2ch,K–N1;7Q–N8ch, K–R2; 8 Q×Rch, અને જીતશે.

આ સિવાય બીજી કોઈચાલ ચાલે તો પણ હાથી મરે જ છે અને વધુ જલદી મરે છે. ઉપરની પરિસ્થિતિમાં રાજા ચાલે તો—

1…,K–R3; 2Q–QB8 અને હવે હાથી અણઝીઠ થતાં રાજાને પાછું ચાલવું પડશે અને સફેદ 3 Q–Rથી સહેલાઈથી જીતી જશે.

વજીર વિરુદ્ધ ઊંટ અને ઘોડો

વજીર વિરુદ્ધ ફક્ત ઊંટ કે ઘોડો હોય તો જીત સહેલી જ છે, પણ જો બે મહોરાં હોય તો સાધારણ રીતે રમત ડ્રૉ થાય છે, છતાં ક્યારેક વજીરવાળો પક્ષ જીતી પણ શકે છે. જો બે મહોરાંમાં એક ઘોડો અને એક ઊંટ હોય તો જીતની શક્યતા વધુ રહે છે. વજીર સામે ત્રણ મહોરાં પણ સાધારણ રીતે ડ્રૉ લાવે છે, અને ક્યારેક ત્રણ મ્હોરાંવાળો પક્ષ જીતી પણ શકે છે. જ્યારે વજીર સામે ચાર મહોરાં હંમેશાં જીતી શકે.

આ લેખમાળા હવે અહીં પૂરી થાય છે. વધુ વાચનને સારુ આ સાથે કેટલાંક પુસ્તકોનું સૂચન કર્યું છે.

સાધારણ વાચન માટે

1 The First Book of Chess by F. Reinfeld & I. Horowitz.
2 The Game of Chess by H. Golombek.
3 Chess Fundamentals by J. R. Capablanca.
4 My System by A. Nimzovitsch.

શરૂઆતના તબક્કા વિષે

1 Modern Chess Openings by W. Korn & J. W. Collins.
2 Ideas Behind Chess Openings by R. Fina.
3 How to win in the Chess Openings by I. Horowitz.

મધ્યના તબક્કા વિષે

1 Middle Game in Chess by Znosko-Borovsky.
2 Basis of Combination in Chess by J. duMont.
3 Judgment and Planning in Chess by Dr. M. Euwe.

અંતના તબક્કા વિષે


1 Basic Chess Endings by R. Fine.
2 Chess Endings for Beginners by J. H. Blake.
3 Practical Chess Endings by I. Chevnev.

આ ઉપરાંત ભૂતકાળના જાણીતા ખેલાડીઓની રમતો આપતા પુસ્તકો પણ લખાયા છે જેમાં ખાસ છે—

1 My Best Games of Chess (1908-'23) by A. Alekhine.
2 My Best Games of Chess (1924-'37) by A. Alekhine.
3 Alekhine's BestGames of Chess ('38-45) by C.H.O.D. Alexander.
4 500 Master Games of Chess (બે ભાગમાં છે.) by Dr. S. Tartakower & J. duMont.
5 100 Master Games of Modern Chess by Dr. S. Tartakower & J. duMont.

આ ઉપરાંત હળવી મનોરંજક શૈલીમાં લખાયેલ પુસ્તકો પણ છે. જેવાં કે—

1 The Treasury of Chess Lore by F. Reinfeld.
2 Chess Traps, Pitfalls and Swindles by F. Reinfeld & I. Horowitz.
3 Adventure in Chess by Assiac.
4 Delights in Chess by Assiac.







તરણા ઓથે દેખું ડુંગર,
ને બિન્દુમાં સાત સમુંદર,
લોચનની પાછળ કો લોચન,
દેખે અણદીઠ, દેખે સુંદર. —જયંત પાઠક

પદ્મશ્રી મુશ્તાકઅલી


ગયા પ્રજાસત્તાક દિને, રાષ્ટ્રપતિએ આપણા વિખ્યાત ક્રિકેટર મુશ્તાકઅલીને પદ્મશ્રીના સન્માનપદની નવાજેશ કરી છે. ક્રિકેટશોખીનોને એથી આનંદ તો થશે જ, પણ જેમણે મુશ્તાક્ની બૅટિંગ 'માણી' છે એમને તો ક્રિકેટનો ગુજરી ગએલો એક જમાનો જ જાણે કે બેઠો થઈ જશે. વર્તમાન જમાનામાં ક્રિકેટરોની જે 'ઓલાદ' ઓસરતી ચાલી છે એનો આ મસ્તાનો મુશ્તાક એક અપ્રતિમ પ્રતિનિધિ છે.

મુશ્તાકને જેમણે હાજરાહજુર રમતો જોયો છે એમને તો મુંબાઈમાં રમાતી પચરંગી મૅચોની, સૈયદ, કાદરી, વઝીરઅલી, નાઝીરઅલી વગેરે સાથેની એની મોજીલી રમતના ને ટેસ્ટ મૅચોની મરચંટ સાથેની એની સાહસ અને શૌર્યપૂર્ણ રમતના પડઘા આજે પણ કદાચ સંભળાતા હશે. અને મુશ્તાક્ની બૅટિંગ! એની બૅટિંગમાંથી તો કોઈ નિજાનંદીની મસ્તી જાણે કે છાલક મારીમારીને પ્રેક્ષકોને ભીંજવી જતી ન હોય! ક્રિકેટના શાસ્ત્રના પરંપરાગત નિયમો સામે બગાવત પોકારનારો એ બૅટ્સમૅન છે. મહાનુભાવોએ આંકેલા કેડા છોડીને ચાલવામાં જ આ નિજાનંદી બૅટ્સમૅન રાચે છે.

વિજય મરચન્ટ જે બૅાલને મુદ્દલે અડવાનું પસંદ કરે નહિ એને મુશ્તાક આગળ જઇને કે પાછળ હટીને મન ફાવે ત્યાં ઝૂડી ન કાઢે ત્યાં સુધી એને ચેન પડે નહિ! સામાન્ય રીતે તમે જે બૅાલને લેગમાં મારવા જેવો ગણો તેને મુશ્તાક ઑાન ડ્રાઈવ મારી બતાવે! તમે કહેશો કે આ બૅાલમાં તો કટ જ કાતરવી જોઈએ, પણ મુશ્તાક તો એમાં ચાહોમ ફટકો જ મારવાનો! આમ એ કચે ઝીંરાખે ત્યારે સામા વાળો બૅટ્સમૅન મુંઝાયા કરે કે 'આ મુશ્તાક તો હમણાં જવાનો!' દરમિયાનમાં મુશ્તાકનો સપાટો ચાલુ જ હોય ને એના ખાતામાં રન ખતવાયા જ કરતા હોય!



ઇંગ્લૅંડ સામેની ઑાવલમાં રમાએલી એક ટેસ્ટમાં મરચંટ–મુશ્તાકની જોડી ઓપનિંગમાં આવી. મુશ્તાકે તો આવતાવેંત એક પછી એક ફટકા લગાવવા જ માંડયા! એક ઑાનમાં તો બીજો લેગમાં; એક દૂડી તો બીજો ચોગ્ગો. પ્રેક્ષકોને તો એણે આ મસ્તાની બૅટિંગની મોજમાં તરબોળ કરી દીધા. મરચંટે એને અવારનવાર સલાહ આપી કે 'ભાઈ, રહેવા દે; આટલું બધું જોખમ હમણાં હોય નહિ!' પણ ફટકા મારવામાં સંયમ રાખવાની સલાહ, મરચંટની તો શું ખુદ એનાઉસ્તાદ સી. કે. નાયડુની પણ કેમ નથી?!–એની પરવા કરે તો એ મુશ્તાક શાનો? એણે તો



ઘડીઆલ

છે તો મગરની જ એક જાત, પણ એની થૂથડી–ગરદનના સાંધાથી નાકના છેડા સુધીનો આખો ભાગ તદ્દન જુદા પ્રકારનો. લાંબા પાતળા નૉકદાર જેવા એ ભાગમાં પુખ્ત નરને નાક પાસે ઊંધા પડેલા 'ઘડા' જેવો માંસપિંડ હોય છે એના પરથી એને ઘડીઆલ કહે છે. 'ઘડો' એટલે 'કુંભ' પરથી એનું 'કુંભીર' નામ પણ છે.

શિવાલિક ગિરિમાળા અને નર્મદાના પ્રદેશમાંથી એ જાતિના જે અશ્મીભૂત અવશેષો મળ્યા છે એ પરથી પુરાણ યુગોમાં એમનું દેહપ્રમાણ ૫૦ થી ૬૦ ફૂટનું હશે એમ જાણવા મળે છે. આજે તો તેઓ વધુમાં વધુ ૩૦ થી ૩૫ ફૂટના કદનાં અને ઉત્તર હિંદની મોટી નદીઓમાં જ, જોવા મળે છે.

હિંદ ઉપરાંત બાર્નિયો, સુમાત્રા ને મલાયામાં પણ એ થાય છે. મલાયાના 'બુઆયા જિભુ' ઘડીઆલ પાણીને બદલે ભીનાશવાળી જમીન પર અને હિંદી ઘડીઆલ પાણીમાં જ રહે છે. પણ તડકાનો શોખ તો ખરો જ.

ઘડીઆલનાં જડબાંમાં ઉપર ૨૭ થી ૨૯ અને નીચે ૨૫ થી ૨૭ એક સરખા દાંત હોય છે. પગનાં આંગળાં જોડાએલાં. ઋતુકાળમાં માદાના શરીરમાંથી એક વિશિષ્ટ ગંધ પ્રસરે છે જેને આધારે નર દોડચો આવે છે. એપ્રિલમાં માદા જમીન પર સલામત જગ્યાએ કાદવમાં ઇંડાં મૂકે છે. બચ્ચાં જન્મે ત્યારે એમનાં મોંમાં એક દાંત હોય છે જેના વડે એ ઇંડાંનું કોચલું તોડી બહાર આવે છે. આ દાંત પછીથી પડી જાય છે. બચ્ચું જન્મથી જ સ્વાવલંબી હોય છે ને દર વર્ષે એક ફૂટના હિસાબે વધે છે. ૯-૧૦ ફૂટના નર બચ્ચાને થૂથડી પર માંસપિંડ બંધાવા માંડે છે. એમની આવરદા પણ ઘણી—લગભગ ૭૫ વર્ષની ગણાય છે.

ઘણાં માને છે એમ એના સાંકડા મોંને કારણે ઘડીઆલ માત્ર માછલાં પર જ નભતો નથી. લાગ મળ્યે શિકારને એ પાણીમાં ખેંચી જાય છે ને એનું માંસ સડવા દઈ ધીરે ધીરે એને ખાય છે. જરૂર પડે લાંબા સમય સુધી ભૂખ્યા પણ રહી શકે છે.

એના શિકારનો અતિરેક થવા લાગતાં એને નામઃશેષ થઈ જતું અટકાવવા ઉત્તર પ્રદેશની સરકારે ઘડીઆલને સંરક્ષણ આપ્યું છે!

બસ મન મૂકીને માર્યા જ કર્યું, તે છેક સદી થઈ ત્યાં સુધી! (મરચંટની પણ એ મૅચમાં સદી થએલી.)

મુશ્તાક સદા ય રોમાંચક રહ્યો છે. અરે એક વખત તો એનો હાથ ભાગી ગયો હતો ત્યારે પણ એક હાથે બૅટિંગ કરીને એણે એકએકથી ચડિયાતા ફટકા બ્રેબોર્ન સ્ટેડિયમ પર મારી બતાવ્યા હતા. આ મસ્તી અને આ મોજીલી છટા, આ રંગ અને આ રોનક, આ સાહસ અને આ શૌર્ય આજે ઓસરતાં ચાલ્યાં છે. (ગુજરાતમિત્ર)

નેપાળનાં ત્રણ જીવિત દેવતા

શારદીય નવરાત્રની શરૂઆત થાય છે અને વિવિધ પ્રદેશોમાં એની વિવિધ-અનોખી રીતે ઊજવણી પણ થાય છે. આ પ્રસંગોએ હજારો ધર્મશ્રદ્ધાળુઓ પોતપોતાના પરંપરાગત દેવદેવીઓને પૂજા અર્પે છે અને એ રીતે એક મહોત્સવ માણે છે. નેપાળના પાટનગર કાઠમંડુમાં પણ આ પ્રસંગને અનુરૂપ એક ખાસ પ્રથા છે: તદ્દન અનોખી છતાં ય વિશેષ ધાર્મિક અને ભક્તિભાવવાળી. એ છે 'કુમારી' દેવીની પૂજા. હજારો નેપાળીઓ એ 'કુમારી' દેવીની આશિષ મેળવે છે. ખુદ નેપાળનરેશ પણ એને આદર આપવા જાય છે, ને દેવી તેને તિલક કરે છે.

એમ મનાય છે કે વિશ્વના જીવતા દેવોમાં રોમના પોપ અને તિબેટના (હવે તો ભૂતપૂર્વ) દલાઈ લામા સૌથી વધુ આદર પામે છે. પરંતુ નેપાળના પાટનગર કાઠમંડુમાં જે ત્રણ જીવતા દેવતાઓ રહે છે: 'ગણેશ', 'ભૈરવ' અને 'કુમારી'—તેમનામાં તો દૈવી અંશોનું આરોપણ પોપ કે દલાઈ લામા કરતાં પણ વિશેષ થાય છે.

માનવદેવતાની આ પ્રથાના પ્રારંભનો કોઈ ચોક્કસ ઇતિહાસ તો પ્રાપ્ય નથી, પણ મનાય છે કે બૌદ્ધ તાંત્રિક યુગમાંથી આ પ્રથા ઊતરી આવી હશે. લિચ્છવી અને મલ્લ કાળની વચ્ચેના સમયમાં, એટલે કે છઠ્ઠીથી સોળમી સદીની વચ્ચેના ગાળામાં, નેપાળમાં જ્યારે તાંત્રિક યુગનું પ્રાબલ્ય હતું એ કાળનો જ આ પ્રસાદ હશે.

ઉપર્યુક્ત ત્રણે દેવતાઓમાં 'ગણેશ' અને 'ભૈરવ' પુરુષ દેવ છે, જ્યારે 'કુમારી' દેવી છે બૌદ્ધ ધર્માવલંબી બાણા (સોની) જ્ઞાતિનાં. કિશોર-કિશોરીમાંથી તેમની પસંદગી કરવામાં આવે છે. આમાં યે ગણેશ તથા ભૈરવ કરતાં દેવી કુમારીનું વિશેષ મહત્ત્વ સ્વીકારાયું છે. બાળક દેવ ગણેશ અને ભૈરવ તો અમુક ખાસ પ્રસંગોએ જ દેવપાઠમાં રહે છે; ને તેઓ પોતાનાં કુટુંબીઓ સાથે યે રહી શકે છે એટલું જ નહિ અન્ય છોકરાઓની પેઠે દરેક છૂટ ભોગવે છે ને ગમે તેની સાથે હળીમળી શકે છે. પણ દેવી કુમારીને આ બધી છૂટ નથી. જે દિવસથી એ બાલિકાને કુમારી દેવી તરીકે સ્થાપવામાં આવે ત્યારથી જ માબાપનું ઘર છોડીને કાઠમંડુના જૂના રાજપ્રાસાદની પાસેના એક ખાસ નિવાસસ્થાન કે જે એનું મંદિર કહેવાય છે ત્યાં જ તેને રહેવું પડે છે.

અમુક ચોક્કસ બાલક બાલિકામાં આ દૈવી આરોપણ કરવાનો શો અર્થ કે હેતુ હશે એ વિષે પણ કંઈ નિશ્ચિત માહિતી મળતી નથી, તેમ નથી ત્યાં કોઈ એ વિષે વધારે ઊંડું ઊતરતું. ઇન્દ્રધ્વજોત્થાન, અનન્ત ચતુર્દશીના દિવસે નીકળતી ઈન્દ્રયાત્રામાં પોતપોતાના રથમાં બેસાડીને આ ત્રણે દેવતાઓને નગરપ્રદક્ષિણા કરાવવામાં આવે છે. ઇન્દ્રયાત્રા એ ગોરખા-વિજય તિથિ છે. રાજા પૃથ્વીનારાયણ શાહે આ દિવસે જ કાઠમંડુનો કબજો લીધો હતો. કહેવાય છે કે એ દિવસે નગરજનો તથા રાજસેવકો સૌ ઇન્દ્રયાત્રાના ઉત્સવમાં મશગૂલ હતા એટલે પૃથ્વીનારાયણને બહુ જ ઓછા રક્તપાતે ગાદી મળી ગઈ. જે સ્થળે તેઓ ગાદી પર આરૂઢ થયા તે સ્થળ કુમારી ભવનની બરાબર સામે દસેક ગજ દૂર છે. કહે છે કે કુમારીએ પૃથ્વીનારાયણને તુરત જ તિલક કરેલું અને એટલે કાઠમંડુવાસીઓએ પણ એમને રાજા તરીકે સ્વીકારી લઇ એમના નામનો જયજયકાર બોલાવ્યો. જૂના રાજા જયપ્રકાશ મલ્લ આ ફેરફારથી નાસી ગયા. આ પ્રસંગની સ્મૃતિમાં હજી પણ નેપાલના મહારાજા એ દિવસે કુમારી દેવી પાસે તિલક લેવા આવે છે.

આ જ રીતે નવરાત્રિમાં પણ મહારાજા દેવીને પૂજા અર્પવા આવે છે. શારદીય નવરાત્રિના એ નવે દિવસ બાલિકા કુમારી માટે તો ભારે કષ્ટકર દિવસો છે. તેમાં યે વિજયા દશમીના દિવસે તો હજારો નેપાલી એનાં દર્શન અને પૂજન અર્થે અહીં આવે છે. દરેક જણ એનાં ચરણમાં પૂજા અર્પીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. આબાલવૃદ્ધ અનેક નેપાલીઓની વચ્ચે પોતાના જેવાં સંખ્યાબંધ બાળકો જોઇ આ દેવી બાલિકાના મનમાં ન જાણે શા યે ભાવ ઊભરાતા હશે! પણ એનાથી એ કંઈ જ વ્યક્ત ન થઈ શકે. આવે વખતે કુમારી કંઈ પણ બોલે એ અશુભ ગણાય છે. હસે તો સારું—હસવું જ પડે, નહિ તો ભક્તોને રંજ થાય. પણ એ વ્યાયામ પણ એવડી બાલિકા કેટલોક વખત કરી શકે? છતાં દેવીની સાથે જ રહેતી વાલી સમાન બાઈના કહેવા પ્રમાણે આ કુમારીઓની સહનશીલતા, સહૃદયતા અને અનુશાસન અતુલ હોય છે; અને તેથી જ તો તેમના દેવત્વમાં લોકોને શ્રદ્ધા બેસે છે.

આ કુમારીની પસંદગી પણ શાસ્ત્રોક્ત પ્રમાણાનુસાર ગુભાજુઓ (બૌદ્ધ તાંત્રિકો) કરે છે. લ્હાસાના દલાઈ લામાની શોધ જેવી જ આ ક્રિયા છે. તફાવત એટલો જ કે દલાઈ લામા જીવે ત્યાં સુધી, જ્યારે આ કુમારિકા અમુક વર્ષો પૂરતી જ દેવત્વ ભોગવે છે. બાલિકા કુમારીના અંગમાં કોઇ પણ પ્રકારની ક્ષતિ થાય (જેમકે દાંત પડી જાય કે કંઈ ઈજા થાય) અથવા તેનામાં યુવાનીનું કોઈ પણ ચિહ્ન પ્રકટ થાય એટલે એ દેવી મટી જાય છે ને ફરી બૌદ્ધ બાણા(સોની)કુળમાંથી નવી બાલિકાની શોધ શરૂ થઈ જાય છે. કેટલાંક વર્ષો પહેલાં તો બાણાઓ પોતાની કન્યાઓને સંતાડી રાખતા, કેમકે કુમારી દેવી બની આવેલી કન્યા સાથે લગ્ન કરતાં લોકો અચકાતા. એમ માનવું હતું કે એ દૈવી કન્યાના કૌમાર્યનો ભંગ કરનાર પુરુષ લગ્ન પછી ટૂંક સમયમાં જ મરી જતો. પણ હવે આ માન્યતા ઢીલી પડી ગઇ છે અને અનેક ભૂતપૂર્વ કુમારીદેવીઓ હાલ પતિપુત્રવતી મળી આવે છે. છતાં દૈવી આરોપણો પામી ચૂકેલી બાલિકાઓને શરૂઆતમાં તો માનવસમાજમાં ભળવું ઘણું મુશ્કેલ થઈ પડે છે; કેમકે મનુષ્યોથી તદ્દન અલિપ્ત રહેલી આ દેવીઓ સામાન્ય સામાજિક વ્યવહારથી તદ્દન અનભિજ્ઞ હોય છે. અરે કેટલીક વાર તો આવી દેવીઓને ચાલતાં પણ નથી આવડતું હોતું, કેમકે દેવી અવસ્થા દરમિયાન એને ક્યાં યે જવું હોય તો તેને ઊંચકીને કે પાલખીમાં જ લઇ જવાય છે. પણ હવે એમની દિનચર્યામાં કેટલાક સુધારા દાખલ થયા છે. પહેલાં સવાર-સાંજની એની પૂજા સિવાયના દિવસના ભાગમાં એની રક્ષિતા બાઈ એને દૈવી આચારના પાઠ આપતી હવે વધારામાં એને અન્ય જરૂરી કેળવણી પણ અપાય છે.

પ્રથમ નજરે જોતાં તો ત્રણે દેવતાઓ—ગણેશ ભૈરવ અને કુમારી એકસરખાં જ લાગે: આંખોમાં કાજળનાં લાંબાંલાંબાં ચિતરામણ, કપાળના તૃતીય નેત્રનું આલેખન, માથે પ્રાચીન નેપાળી શૈલીએ બાંધેલી અણિયાળી ચોટી અને એવા જ પ્રાચીન વાઘા તથા આભૂષણોમાં સજ્જ એ ત્રણેને એકબીજાથી અલગ તારવવાં ક્યારેક કઠિન થઈ પડે પણ માણસો દ્વારા ખેંચાતા રથમાં બેસી જ્યારે તેઓ નગર-પ્રદક્ષિણાર્થે નીકળે ત્યારે રથના કદ તથા ક્રમથી તેમને પારખી શકાય. તેમાં પ્રથમ ગણેશ, પછી ભૈરવ ને છેલ્લે કુમારી એ મુજબનો ક્રમ હોય છે.

નવરાત્રિની મહાષ્ટમીને દિને જ કુમારીઓની ફેરબદલી થઈ શકે છે. તે દિવસે 'તલેજુ' ભગવતીના મંદિરમાં ઘણીમોટી સંખ્યામાં પશુનાં બલિદાન દેવાય છે ને મંદિર જાણે કોઇ રણક્ષેત્ર સમું લોહીભર્યું

બની જાય છે. ભગવતીનો પ્રકોષ્ઠ અનેક મેષ-મહિષ મુંડોથી ઊભરાતો હોય છે. એ વેળા એ પ્રકોષ્ઠમાં પસંદગી માટે નિશ્ચિત થએલી બાલિકાઓને તદ્દન એકલી દરવાજો બંધ કરીને મૂકી દેવામાં આવે છે. દેવી બનવાની લાયકાત નિશ્ચિત કરવાનો આ જરૂરી વિધિ છે. બાલિકા જો એમાં જરા યે ગભરાટ ન બતાવે તો એ એની દૈવી આરોપણ માટેની યોગ્યતા દર્શાવે છે. પસંદગી માટેની બધી બાલિકાઓ જો ડરી જાય તો પછી એમાંથી જે સુંદરતમ હોય તેને ચૂંટવામાં આવે છે.

આમ, વર્ષોથી ચાલતી આવતી આ પરંપરા એ નેપાળની સંસ્કૃતિનું એક વિશિષ્ટ પાસું છે. બૌદ્ધ અને સનાતન હિન્દુ ધર્મના સમન્વયમાંથી ઉદ્‌ભવેલી તાંત્રિક યુગની આ પ્રથા સાંસ્કૃતિક અનુસંધાનકર્તાઓ માટે એક બહુમૂલ્ય વિષય છે. —કમલ દીક્ષિત (કાઠમંડુ)

ભારતનું રાષ્ટ્રીય પક્ષી મોર

પસંદગીનો કળશ છેવટ મોર પર ઢોળાયો છે અને તેને ભારતના રાષ્ટ્રીય પક્ષી તરીકેનું સમ્માન અર્પવામાં આવ્યું છે. આ હરીફાઈમાં મોર સિવાય બીજા ચાર ઉમેદવારો હતા: ઘોરાડ, સારસ, બ્રાહ્મણી સમડી (જેને ગરુડ માનવામાં આવે છે તે) અને કવિઓની કલ્પનાનું સુંદરતમ પક્ષી રાજહંસ. પસંદગી માટેની કસોટી આ હતી કે જેને રાષ્ટ્રીય પક્ષી જાહેર કરવામાં આવે તે પ્રથમ તો સારા યે દેશમાં પરિચિત અને વ્યાપક હોવું જોઈએ; બીજું, લોકજીવનનો તેની સાથે ભાવનાત્મક સંબંધ હોવો જોઈએ, અને ત્રીજું, શક્ય હોય તો, દેખાવે તે સોહામણું હોવું જોઈએ. મોર સામેના આ ઉમેદવારો કાંઇ કમ નહોતા. ઘોરાડ તો સૌથી સમર્થ પ્રતિસ્પર્ધી ગણાય. એની જાતને સંરક્ષણની જરૂર પણ છે. એક વાર તે દક્ષિણથી ઉત્તર સુધી જોવા મળતું હતું, પણ આજે હવે ગુજરાત ને રાજસ્થાનના રડ્યાખડ્યા ભાગોમાં માત્ર તે દેખાય છે. એને પસંદ ન કરવા પાછળ દલીલ એ હતી કે તે એટલું ઓછું જાણીતું છે કે તે પસંદગી પામે તો લોકોને ખબર નહિ પડે કે તે કયું પક્ષી છે. બ્રાહ્મણી સમડીને 'પ્રાચીન ગરુડ' હોવાનું માન મળ્યું છે, પણ તે શિકારખોર પક્ષી છે. આપણા અહિંસક દેશની કલ્પના સાથે એનો મેળ કેમ બેસે? આમ બે પક્ષીનાં નામ પર તો ચોકડી મરાઇ ગઈ. બાકી રહ્યાં સારસ ને હંસ. ભારતીય સારસ, બીજા દેશોના સારસ જેવું જ લગભગ હોવાથી તેની પસંદગીમાં ખાસ ઉત્સાહ નહોતો; અને હંસ તો હવે પ્રાણી-સંગ્રહસ્થાન સિવાય જોવા મળતાં નથી. આમ પાંચમાંથી ચાર નીકળી જતા છેવટ મોરને માથે જ રાષ્ટ્રપંખીના સંમ્માનની કલગી આરોપાઇ.

રાષ્ટ્રીય પક્ષી પસંદ કરવાનો મૂળ વિચાર ઈ. ૧૯૬૦માં ટોકિયોમાં ભરાએલી પક્ષીસંરક્ષણ માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થાની પરિષદમાં રજૂ કરવામાં આવેલો. ઈ. ૧૬૮૧માં હંસ જેવડું અને કંઇક કદરૂપા ઘાટનું ડોડો નામનું એક પંખી મોરિશિયસ ટાપુ પર અવસાન પામ્યું અને તેની સાથે દુનિયામાંથી તેની આખી જાતિ વિલુપ્ત થઈ ગઇ! સ્ટ્રિકલૅન્ડ અને મેલ્વિલ જેવા પ્રકૃતિવિદોએ ડોડો જેવા પક્ષીઓના સંબંધમાં પુસ્તક લખી, ઈશ્વરની આ કૃતિઓને માનવજાતે સાચવવી અને સંરક્ષવી જોઇએ એવો અનુરોધ કર્યો. પક્ષીઓમાં એવી ઘણી જાતિઓ છે જેની વસતિ એક યા બીજા કારણે ઓછી થતી ગઈ છે અને તેમના પ્રત્યે ધ્યાન આપવામાં ન આવે તો તેનો સંપૂર્ણ નાશ થઈ જવાની સંભાવના છે. આંદામાનના જારવા લોકોની પેઠે આ પંખીઓ પ્રાણપણે પોતાની હસ્તી જાળવી રાખવા કોશિષ કરી રહ્યાં છે. આ હકીકતના અનુસંધાનમાં ટોકિયોમાં ભરાએલી પરિષદે સૂચન કરેલું કે દરેક દેશે પોતાનું એક રાષ્ટ્રીય પક્ષી પસંદ કરવું જોઇએ.

અનેકરંગી પિચ્છવાળો, મધુર ગહેકાટથી વન-ઉપવનને ગુંજાવી મૂકતો મોર ઢેલને રીઝવવા પીંછાને ફેલાવી નૃત્ય કરે છે ત્યારે તે ભવ્ય અને નમ્ર લાગે છે. હકીકતમાં તો તે મિથ્યાભિમાની ને ડરપોક પંખી છે. પોતાના ટોળામાં રૂઆબ જમાવવાનો પ્રયત્ન કરે છે અને એમ કરવા માટે બીજાની પજવણી પણ કરે છે; પણ જ્યાં કૈં ભય કે જોખમ હોય ત્યાં સહેજ અણસાર મળતાં જ તે બીકનો માર્યો નાસી જાય છે! ઢેલની સાથે આનંદ-પ્રમોદ માટે તે જંગલમાં જાય ત્યારે છાતી ફુલાવી આગળ આગળ ચાલે છે, પણ કાંઈ પણ મુશ્કેલી આવી પડે ત્યારે, પહેલાં ઢેલ 'સબ સલામત'ની ખાતરી કરે પછી જ તે પોતાના આશ્રયસ્થાનમાંથી બહાર આવે છે!

કોઈ જંગલમાં એકાદ નાની ખુલ્લી જગ્યામાં મોરનાં પીછાંનો ઢગલો પડયો હોય તો માનવું કે કોઈ ચિત્તા કે વાઘે મોરની ઉજાણી કરી છે. એમ કહેવાય છે કે ચિત્તો અને વાઘ મોરની નજરબંધી કરી શકે છે! ભારતીય સેનાના એક અધિકારી કર્નલ ટિટલરે એક જગ્યાએ લખ્યું છે કે એક વાર તો તે મોરની તદ્દન નજીક પહોંચ્યા, છતાં મોરને તેમના આવવા વિષે ખબર પડી નહિ. આ વિષે આશ્ચર્ય પામીને, મોરની આટલી એકાગ્રતાનું કેન્દ્ર શું હતું એ જાણવા તેમણે નજર ફેરવી તો જોયું કે એક ચિત્તો સ્થિર નજરે મોરની આંખ સામે આંખ માંડી ધીરે પગલે ચાલ્યો આવતો હતો. એ વિસ્તારમાં ચિત્તા વસે છે એવું કર્નલે પહેલાં સાંભળ્યું નહોતું, એટલે અતિશય આશ્ચર્યમાં તેમણે ચિત્તાને મારવા બંદૂક ઉઠાવીને નિશાન લીધું કે ચિત્તો પોકારી ઊઠયો: 'ના, સાહેબ ના, ગોળી છોડતા નહિ!' જેને તેમણે ચિત્તો માન્યો હતો તે તો ધંધાદારી શિકારી નીકળ્યો! અહીંના શિકારીઓએ શોધી કાઢયું હતું કે મોરને પકડવાની આ સારામાં સારી રીત છે.

મોર અનાજ વગેરે સાથે નાનાં જીવડાં ને સાપ સુદ્ધાં ખાઈ જાય છે. મોર અને સાપની દુશ્મનાવટ જગજાહેર છે. સ્કંદ (યુદ્ધદેવતા કાર્તિકેય) ને મયૂરનાં કેટલાંક શિલ્પોમાં, મોરે સાપને પોતાના પંજામાં દ્રઢપણે પકડયો હોય તેવું બતાવવામાં આવે છે. એમાં સાપ એ અહંકારનું પ્રતીક છે અને ડહાપણના પ્રતીક રૂપે દર્શાવાએલો મોર તેને નિયંત્રણમાં રાખે છે.

મોર ભારતનું રાષ્ટ્રીય પક્ષી પસંદ થતાં અન્ય દેશોનાં રાષ્ટ્રીય પક્ષી કયાં છે તે જાણવાનું રસપ્રદ થઈ પડશે. ગ્રેઈટ બ્રિટન: કાળી દેવી; કોલંબિયા: વિશાળ ગીધ; બેલ્જિયમ: લારજી નામનો શકરો; અમેરિકા: ટાલિયો ગરુડ; દ. આફ્રિકા: કુંજના કુળનો એક બગલો; સિલોન: જંગલી મરઘો; ઑસ્ટ્રિયા: અબાબીલ; નાતાલ: શાહમૃગ; કૅનેડા: રાજહંસ; ડેન્માર્ક: ચંડૂલ; જર્મની: ઊજળી (એક જાતનો બગલો); બ્રહ્મદેશ: બર્મી મોર; જાપાન: લીલો વનમોર.

('લિંક'માંથી ગુજરાતી 'નવનીતે' ઉતારેલા લેખ ઉપરથી તારવીને)

આપણું રાષ્ટ્રીય બેસતું વર્ષ

માર્ચની ૨૨મી તારીખે વસત સંપાત આવી ગયો અને શક સંવત્સર પ્રમાણે—આપણા રાષ્ટ્રીય અથવા સરકાર-સ્વીકૃત પંચાંગ પ્રમાણે—શક ૧૮૮૫ના વર્ષનો પ્રારંભ થયો છે. ૨૨મી માર્ચ એ શક પ્રમાણે બેસતું વર્ષ છે. ખગોળશાસ્ત્ર પ્રમાણે આજથી સૂર્ય ઉત્તર ગોળમાં પ્રવેશ કરે છે, અને સાયન પદ્ધતિના જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે સૂર્ય મેષ (એટલે કે બાર રાશિઓની હારમાળામાં પ્રથમ) રાશિમાં પ્રવેશ કરે છે.

ભારતમાં આમ તો ધાર્મિક કાર્યો અને વેપારરોજગારમાં વિક્રમનો સંવત્સર પ્રચલિત છે, અને કચેરીઓમાં અંગ્રેજી પંચાંગ (જે ગ્રેગોરિયન પંચાંગ કહેવાય તે) પ્રમાણે વ્યવહાર ચાલે છે. એની શરૂઆત ઈસુની અવસાન-તિથિથી થઈ છે.

આ બે પ્રચલિત સંવત્સરોને ત્યજીને ભારત સરકારે શક સંવત્સરનો સ્વીકાર કર્યો એ બહુ અજુગતું લાગે છે, પણ એનાં કારણો જોતાં સરકારનો નિર્ણય વૈજ્ઞાનિક પદ્ધતિની વધુ તરફેણમાં સાબિત થાય છે.

ભારતમાં અત્યારે પણ પંચાંગો અંગે ઘણી અવ્યવસ્થા ચાલે છે. દેશના જુદાજુદા ભાગમાં વિવિધ પદ્ધતિનાં ઓછામાં ઓછાં ૩૦ પંચાંગો ચાલે છે! સદીઓ પહેલાં પણ એ જ સ્થિતિ હતી. ઈ.સ. ૧૨૦૦માં મુસ્લિમ હકૂમતની સ્થાપના થતાં ચાંદ્ર હિજરી પંચાંગનો ઉપયોગ થવા લાગ્યો; ઈ. સ ૧૭૫૭માં અંગ્રેજો પોતાની સાથે હાલનું ગ્રેગોરિયન પંચાંગ લાવ્યા; છતાં દેશી પંચાંગોની ગરબડ ચાલુ જ રહી.

એક જ દિવસે અનેકવિધ તિથિઓ ધરાવતાં એ પંચાંગો સમયની વિવિધ ગણતરીઓ પર રચાએલાં હોવાથી તેમની વચ્ચે તિથિઓમાં ઠેરઠેર ફરક પડે છે. પરિણામે ગણેશચતુર્થી અને સરસ્વતીપૂજા જેવા ઉત્સવો દેશભરમાં એક જ દિવસે પાળી શકાતા નથી. ૨૧મી માર્ચ ૧૯૫૭ એ એક તારીખ લઇએ તો તે દિવસને બંગાળમાં ચૈત્ર ૭ કહે, ઓરિસ્સામાં ચૈત્ર ૮ કહે, દક્ષિણમાં પંગુની (ફાલ્ગુની) ૮ કહે અને ચાંદ્ર પંચાંગવાળા વિસ્તારોમાં ચૈત્ર વદિક અથવા ફાલ્ગુન વદિ ૬ એમ પોતપોતાની પ્રણાલિકા પ્રમાણે કહે! આમ, પંચાંગોની એકરૂપતા ન હોવાથી રાષ્ટ્રીય એકતા અને સર્વસામાન્યપણા માટે ભારત સરકારને આખા દેશ માટે એક પ્રમાણિત પંચાંગની જવાબદારી ઉઠાવવી પડી. અંગ્રેજોના જવાથી આંતરરાષ્ટ્રીય વ્યવહાર માટે ભલે એમનું પંચાંગ ચાલે, પણ રાષ્ટ્રીય પંચાંગ તરીકે તે સ્વીકારવું ન હતું; એટલે ભારત સરકારે ૧૯૫૨માં વિદ્વાનોની 'પંચાંગ સમિતિ' સ્થાપી.

સમિતિએ જણાવ્યું કે પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રીઓએ વર્ષનો આરંભ નક્કી કરવામાં અયન-ચલનને ધ્યાનમાં લીધું ન હતું. વર્ષની લંબાઈ તેમણે ૩૬૫ દિવસ ૬ કલાક ૧૨·૬ મિનિટ ગણી હતી, જ્યારે ઋતુઓનું વર્ષ વસ્તુતઃ ૩૬૫ દિવસ ૫ કલાક ૪૮·૮ મિનિટનું છે. આમ બે ગણતરીઓ વચ્ચે જે ૨૩·૮ મિનિટનો તફાવત પડયો તે સદીઓ જતાં એટલો વધતો ગયો, કે આકાશમાં ખરેખર વસંતસંપાત જે ૨૧મી માર્ચે થયો ગણાય છે અને તેથી નવું વર્ષ ૨૨મી માર્ચથી શરૂ થયું ગણાય, તેને બદલે પ્રચલિત સૌર પંચાંગ પ્રમાણે વસંત સંપાત એપ્રિલની ૧૩મી કે ૧૪મીએ થતો હોવાનું ગણાય છે! આ અશાસ્ત્રીય છે. આથી પંચાંગસમિતિએ વિક્રમ, કલિયુગ, કલ્પ અને શક સંવત્સરને વૈજ્ઞાનિક ગણીને રાષ્ટ્રીય પંચાંગ માટે તેની પસંદગી કરી.

સમિતિના બીજા નિર્ણયો આ પ્રમાણે હતા: (૧) વર્ષની શરૂઆત વસંતસંપાત પછીના દિવસથી—૨૨મી માર્ચથી થવી જોઇએ; (૨) સામાન્ય વર્ષ ૩૬૫ દિવસ (ચોક્કસપણે ૩૬૫·૨૪૨૨ દિવસ)નું રાખવું, પરંતુ પ્લુત વર્ષ (લીપ ઈઅર) ૩૬૬ દિવસનું રાખવું; (૩) શક સંવતમાં ૭૮ ઉમેર્યા પછી જો સરવાળાને ૧૦૦ તેમજ ૪૦૦ વડે નિઃશેષ ભાગી શકાય તો તેને પ્લુત વર્ષ ગણવું; (૪) વર્ષનો પહેલો મહિનો ચૈત્ર હોવો જોઇએ. શક સંવત્સરના આ સિદ્ધાંત છે. (સંદેશ)

વીરતા અને સાહસનો પુરસ્કાર

ગુજરાતીઓમા એ બે ગુણોનો અભાવ છે. લશ્કરમાં પણ ગુજરાતીઓ ભરતી થતા નથી એ એક સામાન્ય આક્ષેપ છે. એ આક્ષેપ ટાળવા આજથી અરધી સદી પહેલાં પુરાણી બંધુઓએ ભગીરથ પ્રયત્નો કરેલા. એમાંના મોટા શ્રી છોટુભાઇ પુરાણીના સ્મરણમાં ગુજરાત વ્યાયામ મંડળને, વીરતાભર્યા ને સાહસિક કાર્યો પ્રત્યે ગુજરાતની પ્રજાને અભિમુખ કરવાના ધ્યેયથી રૂ. ૨૫૦૦૦ની જે રકમ મળી હતી તેની હકીકત અગાઉ ૪૬૦મા અંકમા આપી હતી. તદનુસાર શ્રી પુરાણીજી પારિતોષિક ચંદ્રક અને પ્રમાણપત્ર માટે ઈ. સ. ૧૯૬૧–'૬૨ના વર્ષ માટે નીચે પ્રમાણેની વ્યક્તિઓને પસંદ કરવામાં આવી છે. ગઇ તા. ૨૪મી માર્ચે રાજપીપળામાં એમને સમ્માનવાનો સમારંભ યોજાયો હતો.

૧) સુરમાજી દાનજી અસારી. શામળપુર(સાબરકાંઠા)ના વતની આદિવાસી ગરાસિયા. શામળપુરને સીમાડે જંગલમાં ઢોરના રક્ષણાર્થે વાઘ સામે કુહાડી લઇ સામી છાતીએ ધસી ગએલા. ઝપાઝપીમાં બંને ઘાયલ થયા. મરણતોલ વાઘના બુમાટા સાંભળી ગામલોકોએ દોડી આવી વાઘને પૂરો કર્યો. આઠેક દિવસમાં સુરમાજી તો સાજા થઇ ગયા. પણ એમણે બતાવેલી હિંમતથી ગામનાં ઢોર બચી ગયાં.

૨) કુ. કોકિલા બંસીધર મહેતા (નડિયાદ) ઈ. સ. ૧૯૬૨ના મે માસમાં હિમાલયમાં ૨૦,૦૦૦ ફૂટ ઊંચા 'ફ્રે' શિખર પર ભારતની છ સન્નારીઓ સાથે એમણે સફળ આરોહણ કર્યું હતું.

૩) વજાજી મોધાજી નિનામા. ડોડીસર (સાબરકાંઠા)ના વતની. ખેતી કરે. ભારે તીરંદાજ. એક દિવસ તીરકામઠું લીધા વિના જંગલમાં ઢોર ચારવા ગયા. એકાએક વાઘ આવી ચડયો ને ઢોરમાં ત્રાટક્યો. લાકડાં કાપવા સાથે લીધેલી હાથમાંની કુહાડી સાથે વજાજી વાઘ પર તૂટી પડયા. ઝપાઝપી ચાલી. બંને ઘવાયા. અકસ્માત બીજા લોકો આવી ચડયા. એમણે ઘવાએલા વાઘને પૂરો કર્યો ને વ[illegible]ને ઇસ્પિતાલ ભેળા કર્યા. તીરકામઠાની વધુ ફાવટ હતી પણ એની ગેરહાજરીમાં હાજર સો હથિયાર ગણી એમણે વાઘ સામે થવા હિંમત કરી અને એને જીવના જોખમે પડકારીને પોતાનાં અને એ રીતે ગામનાં પણ ઢોરની રંજાડ સદાને માટે મટાડી દીધી.

૪) યોગેશ સદાશિવ યાદવ. વડોદરાના ખોખોના અઠંગ તાલીમબાજ. ઈ. ૧૯૬૨માં જબલપુર મુકામે અખિલ ભારતીય રમતોત્સવમાં પોતાની ટેકનિક અને તેજ બતાવી ગુજરાતની ટુકડીને એમણે સર્વશ્રેષ્ઠ વિજેતા બનાવી. એ જ વર્ષમાં ઈમ્ફાલ (મણિપુર)માં માધ્યમિક શાળાનાં વિદ્યાર્થી ભાઈબહેનોની રાષ્ટ્રીય સ્પર્ધામાં વડોદરાની બહેનોની ટુકડી અખિલ ભારતીય સ્પર્ધામાં બીજી આવી એ પણ એમની જ તાલીમને પરિણામે. ખોખોની રમતના શાસ્ત્ર પર એમણે 'ખોખો-ખેલ અને ખેલાડી' નામે અભ્યસનીય પુસ્તક પણ લખ્યું છે. ઉપરાંત તેઓ ૮૦૦ મીટર તથા ૧૫૦૦ મીટરની દોડમાં નોંધપાત્ર આંક ધરાવે છે.

પાઠ્ય પુસ્તકોનો સવાલ

આજના વિષમ સમયમાં ઊજળા ભાવિની આશા આપતા અનેક પ્રતિભાશીલ વિદ્યાર્થીઓને આર્થિક અટવામણને લીધે પાઠ્યપુસ્તકો વિના ચલાવી લેવું પડતું હોય છે, અગર તો અભ્યાસ છોડીને ઊજળા ભાવિ પર હતાશાની ચાદર બિછાવી દેવી પડતી હોય છે.

જ્યારે બીજી બાજુ પાસ થએલા લગભગ બધા વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો પાણીના ભાવે વેચી દેતા હોય છે. તે જ પુસ્તકો ખરીદવા માટે પાછલાં ધોરણવાળાને ભારે કિંમત ચૂકવવી પડતી હોય છે.

પરીક્ષા પતી ગયા પછી, પાઠ્યપુસ્તકો વેચી ન દેતાં પાસ થવાની ખુશાલીમા એ પુસ્તકો નવા આવનારા વિદ્યાર્થીને ભેટ આપવાનો સંકલ્પ કરજો. પરિણામને દિવસે એ પુસ્તકો શાળામાં લઈ જજો, ને પાસ થવાની વધાઈ સાંભળો એટલે, ખુશાલીના પ્રતીકરૂપે, વર્ગશિક્ષકને ગુરુદક્ષિણા આપતા હો એ ભાવનાથી, એ તેમનાં ચરણોમાં નમ્રતાપૂર્વક મૂકી દેજો, અને એ પાછલા ધોરણવાળાને ભેટ આપવાની વિનતિ કરજો.

પાસ થવાની ખુશાલીમાં આઈસ્ક્રીમ-પાર્ટી અગર અન્ય મહેફિલ રાખવાના હો તો માંડી વાળી એટલી રકમ શાળાના કોઈક લાયક અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીને ફીનું સાધન આપવા માટે વર્ગશિક્ષકને સોંપજો. આઈસ્ક્રીમ પાર્ટી એક દિવસનો આનંદ આપશે, આશ્વાસન-પાર્ટી કાયમનો આનંદ આપશે. (સદ્‌વિચાર સમિતિ અમદાવાદ)

ઘરગથ્થુ ઔષધ .... ૧૬] હળદર

દાળશાકના મસાલામાં ઘેર ઘેર વપરાતી સાદીસીધી હળદર આયુર્વેદનું એક ખૂબ જ ઉપયોગી ઔષધ છે. નિશા, રજની વગેરે રાત્રિવાચક નામો હળદરના પર્યાયો છે. હળદર કડવી, તીખી, ઉષ્ણવીર્ય, રુક્ષ, વર્ણ્યપદ, લેખન (મળને ખોતરનાર), ને કુષ્ઠ, ખંજવાળ, વિષ, સળેખમ, અરુચિ, પ્રમેહ, કૃમિ, પાંડુરોગ વગેરેનો નાશ કરનાર છે. વળી તે કફ તથા પિત્તને હરનાર છે. શરીરની શુદ્ધિ કરનાર છે.

પ્રમેહ

વાયુથી થએલા પ્રમેહોને આયુર્વેદે અસાધ્ય માન્યા છે. પિત્તથી થએલા પ્રમેહોને સદંતર મટાડી શકાતા નથી, પણ પથ્યપાલન અને ઔષધના સેવનથી દર્દી સાધારણરીતે સ્વસ્થ રહી શકે છે. કફથી થતા પ્રમેહો મટાડી શકાય છે. હળદર પિત્ત અને કફનો નાશ કરનાર હોઇ એ બંનેથી થતા પ્રમેહોમાં ઉત્તમ દવા તરીકે કામ કરે છે. ચરકે સૂચવેલો એક અનુભૂત પ્રયોગ અહીં રજૂ કરું છું. હળદર અને આમળાંના ચૂર્ણને એક એક વાલ લઈ મધ સાથે સવાર-સાંજ ચાટવું, હલકા અને સુપાચ્ય ખોરાક તથા પરિશ્રમપરાયણ જીવન સાથે આ પ્રયોગનું સેવન કરનારને ઘણો જ ફાયદો થશે. ચરકે કફના દશ પ્રમેહોમાં એક આલાલમેહનો ઉલ્લેખ કર્યો છે. એને અંગ્રેજીમાં આલ્બ્યૂમિનયૂરિયા કહી શકાય. આ પ્રમેહમાં પેશાબ લાળ જેવો થાય છે અને એમાં આલ્બ્યૂમિન જતું હોય છે. સવારસાંજ સાટોડીના ક્વાથ સાથે આ પ્રયોગ કરવાથી થોડા જ દિવસોમાં ચમત્કારિક લાભ થયાનો દાખલો નોંધાયો છે.

સળેખમ

સળેખમમાં કફનું આધિક્ય હોય છે, કેમકે હોજરી અને એનો ઉપરનો માથા સુધીનો પ્રદેશ કફની અધિકતાવાળો હોય છે. હળદર કડવી, તીખી હોઈ કફનો નાશ કરે છે. શ્લેષ્મત્વચામાંથી જ્યારે જરૂર કરતાં વધુપડતા કફનો સ્રાવ થતો હોય ત્યારે હળદર આપવાથી કફ નષ્ટ થાય છે. હળદર પોતાની રુક્ષતાથી કફને શોષી લે છે. સ્રોતોમાં ચોંટી રહેલા કફને પણ એ ખોતરીને ઉખેડી નાખી માર્ગને ચોખ્ખો કરી શકે છે. હળદરની આ કફનાશક અસરને કારણે શરદીમાં, ઉધરસમાં એ અપાય છે. હળદરવાળું ગરમ કરેલું દૂધ પી શકાય; અથવા મધ સાથે હળદરનું એક વાલ ચૂર્ણ ચાટવું. એમાં સૂંઠ મરી જેવાં ચૂર્ણનું ઉમેરણ પણ કરી શકાય.

તરશ

તરશ સ્વતંત્ર રોગ તરીકે પણ હોય છે અથવા તાવ વગેરે રોગોમાં ઉપદ્રવ રૂપે પણ હોય છે. કફથી થતી તરશમાં હળદર ઘણી જ લાભદાયી છે. શરીરમાં કફ વધી જઈ જલવાહી સ્રોતોમાં અવરોધ ઉત્પન્ન કરે છે. આથી ત્યાં વાયુનો પણ અવરોધ થાય છે. અવરોધ પામેલો વાયુ પોતાની રુક્ષતાથી કફને સૂકવી નાખે છે, રોગીમાં તૃષા અને બીજાં લક્ષણો ઉત્પન્ન થાય છે. આવી કફથી થતી તરશમાં વાગ્ભટે હળદરથી સિદ્ધ કરેલા પાણીમાં મધ અને સાકર નાખીને પીવાનું સૂચવ્યું છે. ચાર તોલા હળદરના ચૂર્ણ પર ૧૬ તોલા ઊકળતું પાણી રેડી પાત્રને થોડીવાર ઢાંકી દેવું. ઠંડું થયા પછી ગાળી લઈ તરશ લાગે ત્યારે એમાં મધ અને સાકર મેળવીને પીવું. એના ઉપયોગથી ચોંટેલો કફ ઊખડી જશે અને સ્રોતો ચોખ્ખા થઇ જશે. વાયુ અવરોધ વગરનો થશે અને તરશ મટશે.

ખુજલી

ચામડીના કોઇ પણ રોગમાં જો ખુજલી ખૂબ આવતી હોય તો સમજવું કે શરીરમાં કફનો પ્રકોપ થયો છે. દિવસમાં ત્રણ વખત ગોમૂત્ર સાથે એક એક વાલ હળદરનું ચૂર્ણ પીવું. ચૂર્ણનો ફાકો ભરી ઉપર ત્રણચાર તોલા ગોમૂત્રનો ઘૂંટ ભરવો. ગોમૂત્ર પણ ઉત્તમ કફનાશક છે. આ સાદાસીધા પ્રયોગનું થોડા દિવસ સેવન કરવાથી કફનો નાશ થશે ને ખુજલી મટી જશે. સાથેસાથે ચીકણા, ભારે અને ગળ્યા પદાર્થો તથા મીઠું અને ખટાશ છોડી દેવાં જોઇએ. એ કફનાં ઉત્પાદક છે.

હળદરના બીજા ઘણા પ્રયોગો છે. હાથીપગામાં હળદર ને ગોળ ગોમૂત્ર સાથે પીવાનું ચક્રદત્તે સૂચવ્યું છે. આવા નિર્દોષ પ્રયોગની કસોટી કરવામાં આવે તો હાથીપગા જેવા રોગની ઉત્તમ દવા મળી આવે. સંસ્થાઓ કે સરકાર એ કરી શકે. એવો એક બીજો પ્રયોગ શોઢલ વૈદ્યે નોંધ્યો છે. શીતળામાં આમલીના પાનમાં હળદર વાટી ઠંડા પાણી સાથે પીવાથી શીતળા નીકળતા નથી. શીતળા થયા પહેલાં ઉપયોગ કરવાનો છે. શીતળાના 'વા' વખતે આવા નિર્દોષ પ્રયોગોને ચકાસી શકાય.

હળદર ત્વચા અને લોહીને વિશુદ્ધ કરી વર્ણું આપનારી છે. આથી તો 'પીઠી'નું એ પ્રધાન દ્રવ્ય છે. દેહશુદ્ધિ માટે અવારનવાર પીઠીનો ઉપયોગ કરી શકાય.

લાભશંકર ઠાકર

આહાર-આરોગ્ય

આપણો સત્ત્વહીન ખોરાક

આજે આપણે મોટે ભાગે હલકી જાતનો સત્ત્વહીન ખોરાક લેતા થયા છીએ. મેંદામાંથી બનતાં પાંઉ, બિસ્કિટ, ટોસ્ટ અને ચા-કૉફી આજે બહોળા પ્રમાણમાં લેવાતાં થયાં છે અને એ બદી ગામડાં સુધી પહોંચી છે. આપણા કારીગરો, કડિયા, સુથાર, લુહાર, મજૂરો વગેરે રોજ ત્રણચાર કપ ચા તો પીએ જ છે અને એ રીતે રોજ ચાર-છ આના સત્ત્વહીન ખોરાક પાછળ બગાડે છે. પણ તેને બદલે એથી અરધી કિંમતનો સાદો પોષક ખોરાક લેવાનું તેમને નહિ સૂઝે કે ગમે.

ઘઉંના લોટમાંથી મેંદો બનાવીને—ઘઉંનો પ્રાણ હણીને તેનાં ડબલ રોટી, પાંઉ, ટોસ્ટ, બિસ્કિટ વગેરે તૈયાર કરાય છે. એ મેંદો કદી તાજો તો હોતો જ નથી. મોટીમોટી મિલોમાં એ દળાય છે અને એના કોથળા ભરાઇને ક્યાંના ક્યાં મોકલવામાં આવે છે, એટલે એને લાંબો સમય સાચવવા માટે એમાં રસાયણો નંખાતાં હોય છે. વળી જે અનેક ઠેકાણે અને જે સામુહિક રીતે એની લાવ-જા થાય છે તે રીતે એ એક જાતનો ગંદો પદાર્થ બની રહે છે. આવા રસાયણો ભળેલા લાંબાસમયના વાસી અને ગંદા મેંદામાંથી આપણાં પાંઉ-બિસ્કિટ બને છે.

આ મેંદાની બનાવટોનાં પાંઉ–બિસ્કિટ ખાવાની બદી ગુજરાતમાંથી કોઈ પણ ભોગે જવી જ જોઇએ. ગુજરાતનાં ભાઈ-બહેનોને પ્રાર્થના છે કે તેઓ પોતાનાં બાળકોને નાસ્તામાં પાંઉ-બિસ્કિટને બદલે પૂરી, ભાખરી, મઠિયાં, થાપડાં, ગોળપાપડી, ચીકી, અરે છેવટ ચણા ને ગોળ આપવાનું શરૂ કરે, પણ આ સત્ત્વહીન ખોરાક બંધ કરે. –બાપાલાલ વૈદ્ય

દશાંગ લેપનો નવો પ્રયોગ

સોજા અને ગડગૂમડ માટે ઘણા જ લાભદાયી મનાતા આ લેપ વિષે સ્વ. યાદવજી ત્રિકમજી આચાર્યે પોતાનો એક નવો જ અનુભૂત પ્રયોગ નોંધ્યો છે. તાવમાં એક તોલો દશાંગ લેપ ૧૦ થી ૧૫ તોલા ઠંડા પાણીમાં મેળવીને એમાં વસ્ત્ર ભીંજવી માથા પર એનું પોતું મૂકવાથી માથાનો દુઃખાવો તથા જ્વરનો વેગ ઓછો થાય છે. ઑ-દ-કોલોન (કોલન વૉટર)ને બદલે આનો ઉપયોગ વધુ સારો છે. દર્દીને તાવ ખૂબ જ વધી ગયો હોય અને શરીર તથા માથું ધગધગતાં હોય એ વખતે આ નિર્દોષ દેશી દવાનો ઉપયોગ ખાસ લાભદાયી થશે. દેશી દવા વેચનારાઓને ત્યાં એ મળે છે.–બા

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: કલાકાર ટર્નર

ઇંગ્લંડે અગાઉ કદી નહિ જોએલી એવી લાક્ષણિક રંગસૃષ્ટિનો સર્જક જે. એમ. ડબ્લ્યુ.



ટર્નર (જોસેફ મિ-લાર્ડ વિલિયમ ટર્નર) મૂળ તો એક વાળંદનો પુત્ર. ઈ. ૧૭૭૫ની ૨૩મી એપ્રિલે એનો જન્મ થયો. બચપણથી એનું વલણ જોઈ પિતાએ એને ચિત્રકળાના અભ્યાસ માટે ઉત્તેજન આપ્યું. ચૌદ વર્ષની વયે રૉયલ ઍકૅડેમીમાં ભણવા ગયો. સાથોસાથ ટૉમસ માલ્ટન નામે એક સ્થપતિને ત્યાં પણ જતો, જેની અસર એનાં શરૂઆતનાં ચિત્રોમાં જોવા મળે છે. જોકે એમાંયે કોઈ અનોખી સૃષ્ટિ ઉતારવાનું એનું મંથન અછતું નથી રહેતું. વીસીનાં વર્ષોમાં એણે સૌ પ્રથમ સાગર જોયો અને એના ભવ્યગંભીર ને આવેગભર્યા પછાડાએ એના પર પાડેલી છાપ જીવનભર રહી.

વૉટરકલર (જલરંગી ચિત્રકામ)માં આરંભ કરી જ્યારે એ ઑઈલ કલર (તૈલ રંગો)માં કામ કરતો થયો ત્યારે પ્રારંભકાળની ઈજનેરી આલેખનશૈલી વિલય પામી. ૨૭ વર્ષની વયે તો એ ઍકૅડેમીશિયન (ઇંગ્લંડની ગૌરવસંસ્થા રૉયલ ઍકૅડેમીનો સભ્ય) બની ગયો. એ જ વર્ષે એણે ફ્રાંસ અને ઈટાલીનો પ્રવાસ કર્યો. ત્યાંના આલ્પ્સ પર્વતની જે ભવ્યતા એણે ઉતારી છે એવી હજી સુધી કોઈ બ્રિટિશ કલાકાર લાવી શક્યો નથી. એની મૂળ પ્રેરણા એણે કલાકાર ક્લૉડ લૉરાંમાંથી મેળવેલી. પણ એનાં ચિત્રોમાં એની શાન્તિની માધુરી નહિ, પણ આવેગ ને ઉગ્રતાની ઝલક હતી. નેપોલિયનના વિગ્રહોએ ધણધણાવી મૂકેલા વાતાવરણમાંથી એણે એ આવેગ અને વિક્રમનાં તત્ત્વો પીધાં હતાં, અને ઇંગ્લંડ એના પર ગાંડુતૂર હતું.

ઈ. ૧૮૫૧ની ૧૯મી ડિસેમ્બરે ૭૬ વર્ષની વયે એ અવસાન પામ્યો ત્યારે પોતાની બધી જ કૃતિઓ એણે ઇંગ્લંડની પ્રજાને ભેટ આપી દીધી. શરત માત્ર એટલી જ હતી કે 'કાર્થેજની સ્થાપના' નામનું પોતાનું ચિત્ર હમેશાં ક્લૉડ લૉરાંની કૃતિ જોડે જ પ્રજા જુએ તેમ કરવું. એમાં ક્લૉડ જેવી નિસર્ગની ભવ્યતા ઉતારવા પોતે મથ્યો છે એમ એને લાગ્યું હશે.

પ્રકાશથી છબછબતી પોતાની પારલૌકિક સ્વપ્નસૃષ્ટિને જ ઉતારવા એ મથ્યો છે. ચિત્રને જોરદાર બનાવે એવી ધમધમાટભરી પ્રત્યેક વિગત એ ઠાંસીઠાંસીને પોતાનાં ચિત્રોમાં ભરતો ને તેમાં કૃત્તમ નાટ્યતત્ત્વ ઉતારતો— એટલી હદ સુધી કે જો તેની કલાદૃષ્ટિ ઊતરતી હોત તો લોકોને એ ભૂતભડકામણું લાગત. પણ અદૃષ્ટને ઉતારવાની એની શક્તિ એટલી તો પારગામી હતી કે સામાન્યતા વટાવી જઇને કુદરતના સૌંદર્યની અણદીઠ ઝલક ને ભવ્યતાને તે આપણી આગળ સાકાર કરી ગયો છે.

પારદર્શક રંગોમાં રસળતી વાતાવરણની માધુરીને ઉતારવાની એની હથોટી કોઈ એવી આગવી જ હતી કે તેની કોઈ શિષ્યપરંપરા યે સરજાઈ નથી. 'ઈમ્પ્રેશનિસ્ટ' ને 'મૉડર્નિસ્ટ' જેવી આજની અપરૂપ ચિત્રશૈલીઓનો તો પદસંચાર પણ ન હતો એવે વખતે માનસ-ભોમમાં રમતી રંગહવાને મુક્ત હાથે અને સાહસભરી અદાથી ઉતારીને આવેશ અને ભવ્યતાથી ભરેલી એક અણદીઠ સૃષ્ટિને એ જે મનભર રીતે સાકાર કરી ગયો છે તે ઇંગ્લંડના કલાઇતિહાસમાં અનોખું સ્થાન ધરાવે છે.



કલાકાર ટર્નરનું એક ચિત્ર: 'વેનિસનું દૃશ્ય'

પ્રસંગવિશેષ: વૉશિંગ્ટન અમેરિકાના પ્રથમ પ્રમુખ થયા: એપ્રિલ ૩૦–૧૭૮૯


જ્યૉર્જ વૉશિંગ્ટન વર્જિનીઆના સાધન સંપન્ન ખેડૂત હતા. યુવાનીમાં, ફૉર્ટ નેસેસિટીનો બચાવ, મોનોનગેહલા ખાતે બ્રૅડૉકના લશ્કર પર થએલા હુમલા વખતની એમની બહાદુરી ને ફૉર્ટ ડુકવેસ્ટ મેળવવામાં કર્નલ તરીકેની એમની ઉજ્જવળ લશ્કરી કારકિર્દીમાંથી ૧૭૫૮માં નિવૃત્ત થઈ તેઓ શાંત જીવન ગાળતા હતા. અમેરિકન સંસ્થાનોની અનેક બાબતોમાં ડખલગીરી અને વેપારી અંકુશો તથા પાર્લામેન્ટમાં પ્રતિનિધિત્વના અભાવે ઇંગ્લંડની સરકાર પ્રત્યે અકળામણ અનુભવવા છતાં તેઓ બ્રિટિશ વિરોધી ઉદ્દામ પ્રવૃત્તિઓથી દૂર રહ્યા હતા. પણ જ્યારે સંસ્થાનોની સ્વતંત્રતાને ભયમાં મૂકે એવા અસહ્ય ધારાઓ બ્રિટને કર્યા ત્યારે ૧૭૭૪માં ફિલાડેલ્ફિયામાં મળેલી કૉન્ટીનેન્ટલ કૉંગ્રેસમાં એમણે વર્જિનીઆના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. બ્રિટન વિરુદ્ધ યુદ્ધ ફાટી નીકળ્યું અને સંયુક્ત ક્રાંતિકારી દળોએ એમના પૂર્વાનુભવોને કારણે વૉશિંગ્ટનને પોતાના સરસેનાપતિ બનાવ્યા. ભિન્નભિન્ન મત ધરાવતા ત્યારના એ ૧૩ સંયુક્ત રાજ્યોના સૈન્યને એકત્ર કરીને દોરવાનું કામ સરળ તો નહોતું જ, છતાં અનેક પ્રકારની મુશ્કેલીઓને પાર કરીને એમણે સંસ્થાનોને વિજય અપાવ્યો અને ૧૭૮૩માં પાછા શાંતિથી પોતાને મૂળ ધંધે લાગી ગયા. ચાર વર્ષમાં જ એમને, નવી સ્થપાએલી રાષ્ટ્રીય સરકારને મજબૂત બનાવવા માટેના ફિલાડેલ્ફિયાના સંમેલનમાં વર્જિનીઆનાં પ્રતિનિધિમંડળના વડા તરીકે બોલાવીને એ સંમેલનના પ્રમુખ બનાવ્યા. એ સંમેલને ઘડેલા બંધારણ અનુસાર સ્થપાએલી અમેરિકાના સંયુક્ત રાજ્યોની સરકારના સૌ પ્રથમ પ્રમુખ તરીકે પણ એમની જ વરણી થઈ ને તદનુસાર ઈ. ૧૭૮૯ની ૩૦મી એપ્રિલે જ્યૉર્જ વૉશિંગ્ટને એ પદ માટેના સોગંદ લીધા.

ટિકિટ-સંગ્રહ













સંયુક્ત રાષ્ટ્ર સંઘના 'ફૂડ ઍન્ડ એગ્રિકલ્ચર ઑર્ગેનિઝેશન' (FAO) વિભાગની 'ભૂખનિવારણ' (ભૂખ-માંથી) મુક્તિ'ની એક આંતરરાષ્ટ્રીય ચળવળ નિમિત્તે ગયા માસ-માર્ચની ૨૧મી તારીખે ખાસ ટપાલ ટિકિટો બહાર પડી છે. ૧૦૦ ઉપરાંત દેશોના વિશ્વવ્યાપી સહકારી પ્રયાસના ભાગ રૂપે આ ટિકિટો બહાર પડી છે. ભૂખમરો અપૂરતા પોષણના પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેનો સંબંધકર્તા દેશોનો આ સૌથી મોટો સંયુક્ત પ્રયાસ છે. આ ટિકિટો કોઈ દાન રૂપે નહિ પણ એક જંગી સર્જનાત્મક પ્રયોગરૂપે બહાર પડી છે. 'ફાઓ'ના આગ્રહ અનુસાર દરેક દેશની ટિકિટો પોતાને ત્યાં વધુ ચલણમાં હોય એ કિંમતમાં જ બહાર પડી છે અને પોતપોતાનાં આગવાં આલેખનો અને રચના સાથે દરેક ટિકિટ પર 'ફાઓ'એ સૂચવેલું સૂત્ર 'ફ્રિડમ ફ્રૉમ હંગર'ને અનાજનાં કણસલાંનું પ્રતીકાત્મક આલેખન કર્યું છે. પ્રચારાત્મક કારુકલામાં રસ ધરાવનારાઓએ પણ આ ટિકિટો સંઘરવા જેવી છે. આ નવી ટિકિટોમાંથી અમને પ્રાપ્ય એટલી અહીં આપી છે. પ્રથમ ટિકિટ સંયુક્ત રાષ્ટ્ર સંઘની પોતાની છે. તે પછી ભારતની (મોકલનાર: કુ. હેમાંગિની વિલેપારલે), એની નીચે પાકિસ્તાનની બે ટિકિટો (મોકલનાર: નુરુદ્દીન લુત્ફ-કરાંચી); બ્રિટનની બે ટિકિટો (મોકલનાર: રામુભાઈ પટેલ-બર્મિંગહામ) તથા કેન્યા-યુગાન્ડા-ટાંગાનિકાની ચારમાંની બે ટિકિટો આપી છે. (મોકલનાર: માધવજી ડાહ્યા-ઇરિંગા) એમાંની બાકીની બે ટિકિટો ઉપર પણ રંગફેર સાથે આ જ આલેખનો છે. છેલ્લી ટિકિટ નેપાલની છે. (મોકલનાર: કમલદી ક્ષિત-કાઠમંડુ) આ ટિકિટોની અમુક કમાણી ઉપરોક્ત પ્રવૃત્તિમાં જશે.










અગ્નિમાં બળવું ભલું, ભલું વિષનું પાન;
શિયળ ખંડિત ના ભલું, નવ કૈં શિયળ સમાન.

ઇંગ્લંડના આપખુદ રાજા ચાર્લ્સ પહેલાનો વધ કરી સત્તા પર આવેલી લોકસભામાં પિમ નામનો એક સત્યનિષ્ઠ સભ્ય હતો. એકદા લોકહિતને ખાતર તેને એક એવું સત્ય કહેવાનો પ્રસંગ આવ્યો કે જેથી તેને પોતાને ભારે નુકસાન જાય તેમ હતું. તેથી મિત્રોએ તેને વાર્યો, પણ તેણે મક્કમતાથી જવાબ આપ્યો : 'મને ભલે હાનિ થાય, પણ સત્યને હાનિ થાય એ મારાથી સહન થઈ શકશે નહિ.'

કહેવતોની કથા–'સેવાએ આપી મઢી, તો યે રહ્યા નરસંગ ગઢી.' પોતાના સેવાકાર્યથી આદરકમાએલા નરસિંહનામના ગઢી(ગઢવી?) એક વખત યજમાનને ત્યાં કોઈ વાતમાં હુંપદથી જિદ્દે ચડતાં રિસાઇને જમ્યા વિના ચાલી નીકળ્યા; પણ બીજે દિવસે ભોજન અને યજમાન-પ્રીતિ ગુમાવ્યાના પસ્તાવાથી આપમેળે ત્યાં જઇને ટાઢી રસોઈ જમ્યા. પોતાની શક્તિ કે સારાં કામથી લોકોનાં પ્રેમાદર પામનાર પણ સ્વભાવ-દોષ ન છોડતા હોય એવાઓનો નિર્દેશ કરવા આ કહેવત વપરાય છે.

ગણિતગમ્મત: ૧૫, ૨૫, ૩૫, ૪૫, ૫૫, ૬૫, ૭૫, ૮૫, ૯૫. એ સંખ્યા પૈકી જેનો વર્ગ શોધવો હોય તેના દશક×દશક+દશક સાથે એકમનો વર્ગ મૂકવાથીસહેલાઈથીમળી રહેશે. દા. ત. ૩૫નો વર્ગ: ૩×૩+૩=૧૨; ને ૫નો વર્ગ–૨૫=૧૨૨૫. એ જ રીતે ૮૫નો વર્ગ: ૮×૮+૮=૭૨૨૫ થશે. –ખુશાલભાઈ પટેલ




મોંએ જો ડેરો(પાકિસ્તાન)ની ટપાલ ઑફિસની રદ્દીકરણની આ બે છાપ, પાંચ હજાર વર્ષ પરની સિંધુ સંસ્કૃતિના અવશેષરૂપ મુદ્રાઓ પરના બળદ તથા એકશૃંગી પ્રાણી (યુનિકૉર્ન)ના આલેખનની દૃષ્ટિએ મહત્ત્વની છે.



લગભગ ૨૦ કરોડ વર્ષ જૂના–ખડકોમાંથી જૂનામાં જૂના ડિનેસોર પ્રાણીઓનાં હાડકાંના અવશેષો મળ્યા છે. આ પ્રાણીઓ ૭ કરોડ વર્ષ પહેલાં પૃથ્વી પરથી અદૃશ્ય થએલાં જણાય છે. આ રીતે ૧૩ કરોડ વર્ષ સુધી પૃથ્વી પર આ મહાકાય પ્રાણીઓની વસતિ હતી.

વૈદકમાં વપરાતો આ શબ્દ કદાચ અંગ્રેજી ભાષામાં સૌથી લાંબો છે: Pneumonoultramicrospicsilicovolcaniosis.




વિમાન જેવી આ આકૃતિ મૂળ તો 'કુલે'એ બનાવેલું ગ્લાઈડરનું મૉડેલ છે. વાંસની ચીપ ને કાગળ વડે કોઇ પણ એ બનાવી શકે. પતંગ તરીકે પણ ઉડાડી શકાય.

તમારું ભાષાજ્ઞાન કેટલું?


આ શબ્દોના અર્થ કરો જોઇએ: ગઢાણ; ગમા; ગરાડી; ગરીડું; ગાંગું; ગિલ્લો; ગુત્તો; ગોખો; ગોડિયો; ગોદું; ગોહ.

જવાબ: ઘાસનું બીડ; શક્તિ, બીજો અર્થ –શરીરના સાંધા; વ્યસની; છાણનો ગોળો; નમાલું; નિંદા; એકહથ્થુ વેપાર–ઈજારો; પક્ષીનો માળો; જાદુગર; ઢોરને માટે બાફેલું ખાણ; ગુફા.

જાપાની લોકો પણ આપણી માફક ઉત્તર દિશાએ માથું રાખી કોઈ દિવસ સૂતા નથી.



નિવૃત્ત થએલી સર્વોત્તમ સીનેમાસ્ટાર ગ્રેટા ગાર્બોના નામના સઘળા અક્ષરો વડે જ એક ચિત્રકારે તેનો આ સ્કેચ ઉપજાવી કાઢ્યો છે.



કલાકણિકા: યુરોપના સાંસ્કૃતિક નવનિર્માણ કાળના ફ્રાન્સ દેશનો કલાત્મક પલંગ



રાધા-કૃષ્ણ
(લાહોર મ્યૂઝિયમમાંનું કાંગરા કલમનું એક રસદ ચિત્ર)


રાધા કૃષ્ણના સખ્યમાં અભિન્નતાનો સુરેખ સુરમ્ય પ્રસંગ દર્શાવવા ચિત્રકારે વૈષ્ણવ સાહિત્યમાંથી એક અનેરી તક ઉપાડી લીધી છે. રાસ રમ્યા બાદ ઘેર જતાં વસ્ત્રાલંકાર સુવ્યવસ્થિત કરતાં રાધાને કપાળની બિંદી સરખી કરવાની જરૂર લાગે છે અને તે કામ અતિ વિશ્વાસથી તે કૃષ્ણને ભળાવે છે. તે માટે એકબીજાનાં નેત્રમાં પડતાં પ્રતિબિંબથી સધાતી મનોમન એકતાનો ભાવ સુગ્રાહ્ય બન્યો છે. 'રસચિત્ર' ઉપરાંત હિંદી પદ્ધતિની 'એકચશ્મ તસવીર'નું આ સરસ નિરૂપણ છે.

'કુમાર' ફેબ્રુઆરી ૧૯૬૩ અંક ૪૭૦નું મુખચિત્ર


સીતાચરિત

(કલાકાર - વાસુદેવ સ્માર્ત)


ભારતીય પ્રણાલીની ચિત્રણામાં સારી હથોટી ધરાવનાર શ્રી વાસુદેવ સ્માર્તની કલમથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. એમણે એ ઢબે આલેખેલી ૧ ફૂટ ઊંચી અને ૬ ફૂટ લાંબી ચિત્ર-તકતીના રેખાંકનની આહ્લાદકતા આવડા અતિશય નાના કરવા પડેલા બ્લૉકમાં ન ઊતરી શકે એ સ્વભાવિક છે. છતાં એમની કલમની સફાઈ અને કથનની પ્રવાહિતા પરખાયા વિના રહેતાં નથી. કુંભમાંથી જન્મીને ભૂમિમાં જ સમાઈ ગએલાં સીતાના જીવનના મુખ્ય પ્રસંગોને એકમાંથી બીજામાં પરિણત કરતી તેમની કલમ પ્રતીકાત્મક પ્રાચીન શોભનશૈલીએ સપ્રમાણ ને લાઘવયુક્ત ચિત્ર-સંયોજનમાં એ શુચિ-મૃદુ અને ત્યાગપૂત જીવનની કથા કહેતી ચાલી જાય છે: ડાબે છેડેથી સૌપ્રથમ (૧) જનક રાજા અને એમનાં પત્ની સુવર્ણહળથી ભૂમિ ખેડી રહ્યાં છે, ત્યાં પૃથ્વીમાંથી સીતાધારક કુંભ પ્રકટ થાય છે; (૨) બાલિકા સીતા કોદંડ ધનુષથી ખેલી રહ્યાં છે તે જોઈ પરશુરામ જનક રાજાને કહે છે કે આટલી સાહજિક રીતે કોદંડ સાથે ખેલતી સીતાને એ મહાધનુષ ઉચકનારને જ પરણાવવી; (૩) પુષ્પવાટિકામાં સખીઓ સાથે માતા ભવાનીની પૂજા કરવા જતી સીતાને રામ અને લક્ષ્મણ લતામંડપમાંથી જૂએ છે, અને રામ-સીતાની દૃષ્ટાદૃષ્ટ મળે છે; (૪) મથાળે રાજાઓની હાજરીમાં રામ કોદંડનો ભંગ કરે છે, અને રામ-સીતાનાં લગ્ન કરવા માટે વરઘોડો લઈ દશરથ આવે છે; તેની નીચે લગ્નમંડપમાં મંગળફેરા ફરતાં રામ-સીતાનું દૃશ્ય છે; (૫) વનવાસમાં ન આવવા માટે સીતાને રામ સમજાવે છે; (૬) રામ લક્ષ્મણ અને (વચ્ચે) સીતા વનમાં જાય છે; (૭) પંચવટીમાં ભિક્ષા લેવા મિષે આવેલો રાવણ તેને હરી આકાશમાર્ગે રથમાં લઈ જાય છે; (૮) સમુદ્ર વચ્ચે અશોકવનમાં સીતા ઉદાસ બેઠાં છે, જ્યાં પહોંચવા વાનરો મથે છે; (૯) રામ-લક્ષ્મણ સંમુખ સીતાનો અગ્નિપ્રવેશ; (૧૦) વિમાનમાં અયોધ્યા પ્રતિ પ્રયાણ અને ત્યાં વિશ્વામિત્રને હાથે રામનો રાજ્યાભિષેક; (૧૧) સીતાનો ત્યાગ થયા પછી વાલ્મીકિ-આશ્રમમાં સીતા, જ્યાં પુત્રો લવ અને કુશ ઋષિ પાસે વિદ્યાધ્યયન કરે છે; અને અંતમાં (૧૨) દુખાર્ત રામની સંમુખ સીતાનો ભૂમિપ્રવેશ.




સીતાચરિત · સીતા(અને રામ)ના ચરિત્રપ્રસંગોને પ્રાચીન ઢબે અને વિવિધ રંગછાયામાં નિરૂપતી, મૂળ ૭ ફૂટ લાંબી આ ચિત્ર-તકતી શ્રીમતી ગુલાબબેન હઠીસિંગના સંગ્રહમાં અને તેની પ્રતિકૃતિ



કલાભવનના સંગ્રહમાં છે. કલાકાર · **વાસુદેવ સ્માર્ત**



સીતાચરિત · સીતા(અને રામ)ના ચરિત્રપ્રસંગોને પ્રાચીન ઢબે અને વિવિધ રંગછાયામાં નિરૂપતી, મૂળ છ ફૂટ લાંબી આ ચિત્ર-તકતી શ્રીમતી ગુલાબબેન હઠીસિંગના સંગ્રહમાં અને તેની પ્રતિકૃતિ



કલાભવનના સંગ્રહમાં છે. કલાકાર · **વાસુદેવ સ્માર્ત**